उन्नति

# વિચાર

વર્ષ ૧૪ અંક ૨ મે – ઓગસ્ટ, ૨૦૦૯


**અનુક્રમ**


**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
ગ્રામ ન્યાયાલયઃ શું તેનાથી ફેર પડશે?

**આપના માટે**
ગ્રામ ન્યાયાલય ધારો-૨૦૦૮ ૫

**આપણી વાત**
- સહભાગી અંદાજપત્ર પ્રક્રિયાઃ બ્રાઝિલના પદાર્થપાઠ ૯
- શહેરી ગરીબી નિવારણઃ શાસનના પ્રશ્નો ૧૫

**સાંપ્રત પ્રવાહ** ૧૯

**સંદર્ભ સાહિત્ય** ૨૪

**અમારા વિશે** ૨૯



**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**


**સંપાદકીય**

## શાસનનો અધિકાર–આધારિત અભિગમ

તાજેતરમાં ભારતમાં કેટલાક મહત્ત્વના માળખાગત ફેરફારો થયા છે. ખાસ કરીને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના, માહિતી અધિકાર ધારો અને વન્ય જમીન અધિકાર ધારો વગેરે દ્વારા ભારતના રાજકીય અને આર્થિક માળખામાં નોંધપાત્ર પરિવર્તનો લાવવામાં આવ્યાં છે. હવે માહિતી અધિકાર ધારામાં સુધારા કરવામાં આવી રહ્યા છે અને સંસદ તથા વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત ઊભી કરવા માટે ફરીથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હવે પંચાયતોમાં મહિલાઓને માટે ૫૦ ટકા બેઠકો અનામત રાખવાનો નિર્ણય લેવાયો છે. તે ઉપરાંત, પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવા માટે શિક્ષણના અધિકારનો કાયદો કરવામાં આવ્યો છે અને ન્યાયને ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં લોકોના ઘર-આંગણે લઈ જવા માટે ગ્રામ ન્યાયાલય ધારો પણ ઘડવામાં આવ્યો છે. વધુમાં, ન્યાય પંચાયત ધારો ઘડવા માટે વિચારણા ચાલી રહી છે અને અન્ન સલામતી માટે પણ કાયદો ઘડવાનું સક્રિયપણે વિચારાઈ રહ્યું છે. ભારતની સમગ્ર શાસન વ્યવસ્થામાં આ ફેરફારો ધરખમ પરિવર્તન લાવી રહ્યા છે એમાં કોઈ શંકા નથી.

આ ફેરફારોનો અર્થ એ છે કે દેશની શાસન વ્યવસ્થાના પાયામાં લોકકલ્યાણનો જે ખ્યાલ હતો તેને બદલે શાસન લોકાભિમુખ બને અને નાગરિકો અધિકાર-આધારિત વ્યવસ્થામાં પોતાનું કલ્યાણ આપમેળે સાધવા માટે પ્રયાસ કરે. આ ફેરફારોનો બીજો અર્થ એ છે કે આ અધિકાર-આધારિત અભિગમથી શાસન સુધરવાની તકો સર્જાય છે. પરંતુ આ કાનૂની ફેરફારો આપમેળે જ વ્યવસ્થામાં ઈચ્છનીય ઝડપથી પરિવર્તન ઊભું કરી શકશે નહિ. ગરીબી, નિરક્ષરતા અને બેકારી એટલાં બધાં વ્યાપક છે કે નાગરિકો આ તકો માટે માંગ ઊભી કરે એ મોટો પડકાર છે. નાગરિકોની જાગૃતિ અને એમનું કર્તૃત્વ જ શાસનની વ્યવસ્થાને વધારે પ્રતિભાવાત્મક બનાવી શકે. આ માટે લોકોની કુશળતા વિકસે, આત્મવિશ્વાસ ઊભો થાય અને ક્ષમતાનું નિર્માણ થાય એ આવશ્યક બાબતો છે. કેટલાંક પરસ્પર વિરોધી પરિબળો સાથે સાથે કામ કરતાં હોય છે. દા.ત. અન્ન સલામતી ઊભી કરવા માટે ચિંતા સેવવામાં આવે છે ત્યારે જ ખાસ કરીને ખાદ્ય ચીજોમાં બેફામ ભાવવધારો મૂળભૂત રીતે અસલામતી ઊભી કરનારો બન્યો છે. આવાં પરિબળોને કેવી રીતે નાથી શકાય અને વાસ્તવમાં કેવી રીતે આ માળખાગત પરિવર્તનોનો લાભ આમ આદમી સુધી પહોંચી શકે તે જોવાનું રહે છે. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો કે સાર્ક વિકાસ લક્ષ્યાંકોને પાર પાડવાનું આવા સંજોગોમાં ધારવામાં આવે છે તેના કરતાં વધારે કઠિન છે. પરંતુ લોકશાહી વ્યવસ્થામાં શાસનને લોકો સુધી લઈ જવાની સંભાવનાઓ વિશેષ હોય છે કારણ કે શાસકોને લોકો પ્રત્યે જવાબદાર અને ઉત્તરદાયી બનવાની અનિવાર્યતયા ફરજ પડતી હોય છે. પરિણામે માનવ અધિકારો પ્રત્યેની પ્રતિબદ્ધતા નાગરિકોમાં અને શાસકોમાં સતત વિકસતી રહે તે માટેના સઘન પ્રયાસો કરવા અનિવાર્ય છે કારણ કે રાજ્ય મનુષ્ય માટે છે, મનુષ્ય રાજ્ય માટે નથી એ પાયાની વિભાવના તેની પાછળ રહેલી છે.

# ગ્રામ ન્યાયાલયઃ શું તેનાથી ફેર પડશે?

ભારતની સંસદે તાજેતરમાં ગ્રામ ન્યાયાલય ધારો પસાર કર્યો છે. દેશભરમાં ન્યાયને લોકો સુધી પહોંચાડવા માટે આ કાયદો ખૂબ જ અગત્યનો છે. આ કાયદાનું ટીકાત્મક વિવેચન અમદાવાદના '**સેન્ટર ફેર સોશયલ જસ્ટિસ**'ના ઉપપ્રમુખ **શ્રી ગગન સેઠી** દ્વારા અહીં કરવામાં આવ્યું છે. આ લેખમાં ગ્રામ ન્યાયાલય ધારા - ૨૦૦૮ની જોગવાઈઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

## પ્રસ્તાવના

અદાલતો મંદિરો જેવી છે એવું કહેવાય છે. તમે એની જેટલી પ્રદક્ષિણા ફરો તેટલા પ્રમાણમાં તમારી ઈચ્છા પરિપૂર્ણ થવાની શક્યતાઓ વધારે એમ કહેવાય છે. દેશમાં અદાલતમાં જવું એટલે ગ્રામીણ, શહેરી અને વિવિધ વર્ગોના લોકો માટે તેનો સામાજિક-રાજકીય અર્થ જુદો જુદો થતો હોય છે. કેટલાક સમુદાયોમાં તમે અનેક અદાલતી કેસોમાં ગૂંચવાયેલા હોવ તો તેને પ્રતિષ્ઠાની બાબત ગણવામાં આવે છે. તે તમારા દરજ્જાને ઊંચો લઈ જાય છે. જ્યારે કેટલાક સમુદાયોમાં જો તમારા ઉપર કેસ ચાલતો હોય તો તમારી સાથે કોઈ છોકરી લગ્ન પણ કરતી નથી.

ભારતના મહાન ન્યાયતંત્રે જે આંતરિક શક્તિ ખિલવી છે તે નોંધપાત્ર છે. તે આજે પણ ૧૦ વર્ષ કે ૨૦ વર્ષ જૂના કેસ એટલી જ ધીરજથી અને ગંભીરતાથી સાંભળે છે, જાણે કે ૨૪ કલાક પહેલાં જ બનેલી ઘટના અંગે તે કોઈ રિમાન્ડ કે જામીનની અરજી ન સાંભળતું હોય. આ પ્રકારના સંજોગોમાં ગ્રામ ન્યાયાલય અને ન્યાય પંચાયતના સ્વરૂપમાં ન્યાયનું મંદિર લોકોના ઘરને આંગણે પહોંચે તેવી માગણી કરવામાં આવી રહી હતી. સમગ્ર ન્યાય વ્યવસ્થામાં ગ્રામ ન્યાયાલય સૌથી નીચે હોય અને ગામના કાર્યક્ષેત્રની અંદર હોય અને તે વસ્તીને આધારે ઊભું થયેલું હોય એમ ઈચ્છવામાં આવ્યું હતું. એ જ રીતે, બીજી એક વ્યવસ્થા ન્યાય પંચાયતની છે કે જેમાં આધુનિક ન્યાયિક સત્તાઓ અને સદીઓ જૂની પંચાયતોના શાણપણનું મિશ્રણ કરવામાં આવે તેની પણ માગણી કરવામાં આવી રહી હતી.

ન્યાય પંચાયતોની મુસદ્દા સમિતિમાં હોવાને લીધે મને ન્યાય પંચાયતમાં વધારે ગુણ દેખાયા હતા અને હજુ પણ હું એમ સમજું છું કે આ બંનેની જરૂર છે. ગ્રામ ન્યાયાલય ધારો ભારત સરકારે ૨૦૦૯ના ચોથા કાયદા તરીકે જાહેર કર્યો છે. શું તે ઝડપી ન્યાય પ્રાપ્ત કરવા માટે સમર્થન આપનારો નિર્ધારિત કાનૂન બનશે કે પછી વિલંબ, ભ્રષ્ટાચાર વગેરે જેવી બાબતોમાં ઉમેરો કરનારું એક વધારાનું સ્તર બનશે?

હકીકત એ છે કે કાયદા પ્રધાન પોતે એક વકીલ છે અને તેઓ એ જોઈ શક્યા નથી કે આ સમગ્ર ગાળા દરમ્યાન નીચલી અદાલતો અને નાના વિવાદો માટેની અદાલતોમાં ન્યાય સામે મોટો અવરોધ વકીલો જ બને છે. છેવટે તો ભોજન કરીએ તો ખબર પડે કે ભોજન કેવું છે. તેથી આ કાયદાથી શું થાય છે તે જોવા માટે આપણે થોડીક રાહ જોવી પડશે. શું તે વકીલકેન્દ્રી કાયદો બની જશે અને શું તે ફરિયાદી ઉપર ધ્યાન નહીં આપે કે પછી તે ન્યાયને લોકોના ઘરના ઊંબરે લઈ આવશે?

## ગ્રામ ન્યાયાલય ધારામાં શું છે?

આ કાયદા અનુસાર ન્યાય અધિકારી નામની એક વ્યક્તિની નિમણૂક કરવામાં આવશે. રાજ્ય સરકારના કર્મચારીઓની યાદીમાં આવા એક વધુ એક કર્મચારીનો ઉમેરો થશે અને તેને કરદાતાઓનાં નાણાંમાંથી પગાર ચૂકવવામાં આવશે. અલબત્ત, તેની વ્યાપક યોજનામાં જ્ઞાતિગત અને મહિલાઓ માટે યોગ્ય પ્રમાણમાં અનામત રાખવામાં આવશે. પ્રથમ વર્ગના અદાલતી મેજિસ્ટ્રેટ જેટલો પગાર તેમને ચૂકવવામાં આવશે.

તાલુકા પંચાયતના વડા મથકે ગ્રામ ન્યાયાલયની સ્થાપના કરવામાં આવશે. તેથી એ અસ્પષ્ટ છે કે ગ્રામ ન્યાયાલય ગ્રામ પંચાયત અથવા જૂથ ગ્રામ પંચાયત ખાતે સ્થાપવામાં આવે તેવી ઈચ્છા હોવા છતાં તે તાલુકાની અદાલત બનશે કે તેનાથી પણ નીચલા સ્તરની અદાલત બનશે.

અદાલતી વ્યવસ્થામાં આ સૌથી નીચલા સ્તરની વ્યવસ્થા હશે અને તેથી કમનસીબે તેનું મહત્ત્વ સૌથી ઓછું હશે. તેનું કાર્યક્ષેત્ર ખૂબ જ નાના વિવાદો અને નાના ગુનાઓ અંગે ચુકાદાઓ આપવાનું હશે. કમનસીબે એમ બની શકે છે કે તે નીચલા સ્તરની હોવાને લીધે ફરિયાદીઓ તેમની ફરિયાદને એવી રીતે રજૂ કરવા માંગે કે જેથી અદાલતને જ તેઓ અવગણે એવું પણ બને. જો આરંભમાં ઉપલા

સ્તરની અદાલતો આ માળખામાં ફસાય નહિ અને તાલુકા અથવા જિલ્લા સ્તરને બદલે ગ્રામ સ્તરે કેસનું સમાધાન કરવા માટે આગ્રહ ન રાખે તો આવું બને એવી શક્યતાઓ રહે છે.

### ગ્રામ ન્યાયાલય થકી ગ્રામ સ્વરાજ

ગ્રામ ન્યાયાલય ગાંધીજીના ગ્રામ સ્વરાજના ખ્યાલની નજીક આપણને સૌને લઈ જાય છે. ગુજરાતમાં હજુ પણ આ અંગે જરૂરી કાયદો પસાર કરવામાં આવ્યો નથી. અને તેને લીધે ગુજરાતના ન્યાય તંત્રમાં તેનું સંકલન હજુ સધાયું નથી. ગ્રામ ન્યાયાલય ફોજદારી અને દીવાની બંને બાબતોમાં તેનું કાર્યક્ષેત્ર ધરાવે છે અને તેથી આ એક એવું સ્તર છે કે જ્યાં કોઈ પણ વિવાદ કે ગુનાને સંકલિત રીતે જોવામાં આવશે. તેમાં સમરી ટ્રાયલ માટેની જોગવાઈ છે અને ફરિયાદના પક્ષે સોદાબાજીની પણ જોગવાઈ છે. એટલે કે જો હું ગુનો કબૂલ કરું તો મારી સજા ઘટી શકે છે.

શું આ કાયદાને પરિણામે ઝડપથી ન્યાય મળશે, જે કેસોનો ભરાવો થઈ ગયેલો છે તેમનો નિવેડો આવશે અને શું ગ્રામ વિસ્તારોમાં વધારે સારી નિગરાની ઊભી થશે? કે પછી ન્યાયના પૈડામાં એ એક વધુ દાંતાનો ઉમેરો કરશે, કે જે પૈડું ભાગ્યે જ ચાલતું હોય છે?

કેસની સુનાવણી પૂરી થયા પછી ૧૫ દિવસમાં ખુલ્લી અદાલતમાં ગ્રામ ન્યાયાલય દ્વારા ચુકાદો અપાવાનો છે. આ ચુકાદાની નકલ સંબંધિત પક્ષકારોને પણ આપવાની છે. આ ધારામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે વિવાદોનું વધારે નિર્ધારિત માળખાકીય રીતે સમાધાન થાય. આવા વિવાદો ગ્રામ વિસ્તારોમાં વધારે સર્વસામાન્ય રીતે જોવા મળે છે. જેમ કે, ગૌચરની જમીન અને પાણી જેવી સાર્વજનિક મિલકતોની પ્રાપ્તિ વગેરેના વિવાદો ગ્રામ વિસ્તારોમાં વધુ જોવા મળતા હોય છે. સ્પષ્ટ છે કે આ કાયદામાં ગામને એક સમાનગુણી એકમ ગણી લેવામાં આવ્યું છે અને ગામમાં જે જ્ઞાતિગત ભેદભાવોની વાસ્તવિકતા છે તેમને અવગણવામાં આવી છે.

### અપીલની જોગવાઈ

આ કાયદામાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર જ્યાં દંડની રકમ રૂ. ૧૦૦૦ કરતાં ઓછી હોય ત્યાં કોઈ અપીલ કરવાની મંજૂરી આપવામાં આવી નથી. ગ્રામ વિસ્તારોમાં જે પ્રકારનું જ્ઞાતિગત માનસ છે તેમાં દંડ એક રૂપિયાનો હોય કે એક લાખ રૂપિયાનો હોય તેની એક પ્રકારે સામાજિક અસર ઊભી થતી હોય છે. આ બાબત સર્વવિદિત છે, જો કે, તેનો પ્રયોગ હજુ સુધી શરૂ થયો નથી. ફોજદારી અને દીવાની બંને પ્રકારના કેસોમાં ૩૦ દિવસના સમયગાળામાં અપીલ કરવાની હોય છે, સિવાય કે એવા કેસોમાં કે જેમાં ૧૦૦૦ રૂપિયાની જ સજા ફરમાવવામાં આવેલી હોય.

### કાળો કોટ અને વકીલોનું પ્રભુત્વ ચાલુ રહેવાની સંભાવના

આ કાયદામાં વિધાયક બાબત એ છે કે ફોજદારી કાર્યવાહી અધિનિયમ (સીઆરપીસી) અને દીવાની કાર્યવાહી અધિનિયમ (સીપીસી)માં અપાયું છે તેના કરતાં વધારે મહત્ત્વ આ કાયદામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતને આપવામાં આવ્યું છે. તેનો અર્થ એ થાય છે કે આ કાયદો વકીલોના પ્રભુત્વમાંથી બહાર નીકળે છે અને નાગરિકોના મિત્ર જેવો બની રહે છે.

પરંતુ કાળો કોટ અથવા વકીલોની હાજરી હજુ પણ કાનૂની અને સ્વીકૃત બાબત બને છે અને એ રીતે વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલ આવે તે માટે બંને પક્ષકારો કામ કરે તેવા મૂળભૂત માળખાને જ આ કાયદો હણી લે છે. વકીલો વ્યાપારી હિતધારકો તરીકે અહીં ચાલુ રહે એવી જોગવાઈ જ એક પશ્ચાદ્ગામી પગલું છે.

વાસ્તવમાં, જરૂર તો એ છે કે બે કે ત્રણ તાલીમબદ્ધ પેરાલિગલ વ્યક્તિઓ અદાલતને મદદ કરે અને પોતાના વિવાદને યોગ્ય રીતે રજૂ કરી ના શકે તેવા અસરગ્રસ્તોને મદદ કરે તથા વિવાદના સમાધાન તરફ તેઓ તેમને લઈ જાય. બીજી તરફ ન્યાય અધિકારીઓ અને તેમની આસપાસનું તંત્ર સ્મોલ કોઝ કોર્ટ જ ઊભી કરશે. અહીં ખરેખર તો ઈરાદો તો એ હતો કે ગ્રામીણ સ્તરે જે વિવાદો ઊભા થાય છે તે કોઠાસૂઝને આધારે ઉકેલાય અને તેમાં નિષ્પક્ષતા પણ જળવાય તથા તેમ છતાં તે ભારતના બંધારણના કાર્યક્ષેત્રની અંદર પણ હોય.

### ન્યાયતંત્રને પડકાર

ગ્રામ ન્યાયાલય ભારતીય ન્યાયતંત્ર માટે એક પડકાર હશે. શું તે ગુણવત્તા સાથેનો ન્યાય પૂરો પાડશે, અથવા શું તે જેટલા પ્રમાણમાં કેસો થાય છે તેટલા પ્રમાણમાં ચુકાદા આપશે કે પછી તે એક બીજી સ્મોલ કોઝ કોર્ટ બની જશે? સ્મોલ કોઝ કોર્ટમાં અત્યારે ગુનેગાર વ્યક્તિ વધારે ગુનાખોરી કરવા પ્રેરાય તેવી સ્થિતિ છે. ફરિયાદ કરનારી વ્યક્તિઓ શાંતિથી જીવી શકતી નથી. શું આ પરિસ્થિતિમાં ભારતના નાગરિકોને આસાનીથી ન્યાય મળવાની સ્થિતિ ઊભી થશે ખરી? ન્યાય એટલે ખરેખર તો દિમાગનો ગુણવત્તાસભર ઉપયોગ કરવાની પ્રક્રિયા, ન્યાય એટલે અસરગ્રસ્ત કે ફરિયાદી વ્યક્તિને એમ લાગે કે તેને સંપૂર્ણપણે સાંભળવામાં આવે છે અને કોઈક તદ્દન અજાણ એવા નિયમોનું પુસ્તક તેની ઉપર ફેંકી દેવામાં આવતું નથી. આવો ન્યાય શું તેને મળશે ખરો?

## ભારતીય સંસ્કૃતિ અને કાયદાનું સામુદાયિક મૂલ્ય

કમનસીબે, દક્ષિણ એશિયાના લોકો અને અંગ્રેજો સાંસ્કૃતિક રીતે ખૂબ જ અલગ પડે છે. સંવાદ, દલીલ અને કોઠાસૂઝની સામુદાયિક ભાવનામાંથી કાયદાના ઉચ્ચ કક્ષાના પૂજારીઓની ક્લબમાં ન્યાયને લઈ જવાની વ્યવસ્થાથી ભારતની લોકશાહીમાં એક પ્રકારે છિન્ન માનસ ઊભું થયું છે. ભારત સાંસ્કૃતિક રીતે સામુદાયિક કાનૂની વ્યવસ્થા સાથે જોડાયેલું છે અને છતાં સંસદની ભૂલભુલામણીમાં આ વ્યવસ્થા ફસાઈ ગઈ છે. હું અહીં ન્યાય પંચાયતનો ઉલ્લેખ કરું છું કે જેમાં બંને પક્ષકારોને વકીલો વિના સહભાગી થવાનો અધિકાર હોય છે. તેઓ તેમ છતાં સાંસ્કૃતિક રીતે સંલગ્ન એવા પેરાલિગલ વ્યક્તિઓની સમુદાય-આધારિત સેવાઓનો ઉપયોગ કરી શકે છે.

અદાલતો પુરુષોનું સમરાંગણ બની ગઈ છે અને જ્યારે ખૂબ ઉશ્કેરણી કરવામાં આવે ત્યારે જ મહિલાઓ તેમના પોતાના જોખમે તેમાં પ્રવેશી શકે એવા પ્રકારની પરિસ્થિતિ આપણે જોઈ શકતા જ નથી. આને પરિણામે તેઓ જ્યાં સુધી પોતાનું જોખમ વધારે ન હોય ત્યાં સુધી તેઓ અદાલતી પ્રક્રિયામાંથી પોતાની જાતને બાકાત રાખવાનું પસંદ કરે છે. તેથી ન્યાય અધિકારી તરીકે ઓછામાં ઓછી ૫૦ ટકા મહિલાઓ હોય એ બાબત ખૂબ જ ઉપયોગી થઈ પડશે. તેનાથી ભ્રષ્ટાચાર પણ ઓછો થવાની અપેક્ષા રહે છે. તથા મહિલા ફરિયાદીઓને સલામત વાતાવરણ મળ્યું હોવાનો અનુભવ પણ થશે. આ સંદર્ભમાં ભારતમાં ૨,૬૫,૦૦૦ જેટલી ગ્રામ પંચાયતો છે. ત્યારે પંચાયતી રાજમાં વચલા સ્તરે ગ્રામ ન્યાયાલય રાખવામાં આવશે એવો જે ઈરાદો સેવવામાં આવ્યો છે તે અસ્પષ્ટ છે.

## વિવિધ જોગવાઈઓ

હવે આપણે કાયદા તરફ નજર કરીએ અને તેની મહત્ત્વની જોગવાઈઓ જોઈએ અને એ પણ જોઈએ કે ગ્રામીણ ભારતમાં ન્યાય મેળવવા માટે તે પૂરતી તકો ઊભી કરે છે કે કેમ. અમેરિકાના કાનૂન ક્ષેત્રમાં ‘અરજદારની સોદાબાજી’ (પ્લી બાર્ગેનિંગ)નો ખ્યાલ પ્રવર્તે છે. આ ખ્યાલને આ ધારામાં ઉતારવામાં આવ્યો છે. તેમાં ગુનેગાર સોદાબાજીમાં પ્રવેશી શકે છે. તેમાં એવી જોગવાઈ હોય છે કે ગુનેગાર વ્યક્તિ ગુનો સ્વીકારીને પોતાની સજા ઓછી કરાવી શકે છે અથવા સજાને દંડની રકમમાં રૂપાંતરિત કરાવી શકે છે. આ કાયદામાં એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે જેને કાનૂની સહાયની જરૂર હોય તેને એ પૂરી પાડવામાં આવશે. આવી સહાય નામાંકિત વકીલોની સમિતિ દ્વારા પૂરી પાડવામાં આવે એવી પણ જોગવાઈ કરવામાં આવી છે.

ગ્રામ ન્યાયાલય ધારો અને આવી રહેલા ન્યાય પંચાયત ધારાના સંદર્ભમાં એવી સૌથી મોટી ટીકા કરવામાં આવે છે કે ગ્રામ ન્યાયાલય ધારામાં વિવાદના ઉકેલમાં ભિન્ન મત શો છે તેને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે અને તેના સંદર્ભમાં ચુકાદા આવે તેને અગત્યનું ગણવામાં આવ્યું છે. ન્યાય પંચાયત ખરડામાં લવાદની વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે અને ન્યાયિક ઉકેલ આવે તે બાબતને મહત્ત્વ અપાયું છે. ગ્રામ ન્યાયાલય ધારામાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે સમાધાનકારોની નિમણૂક કરવામાં આવે. પરંતુ આવું તો જ બને જો વકીલો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે અને તાલીમબદ્ધ એવા એક મહિલા અને એક પુરુષ પેરાલિગલને દરેક ગ્રામ ન્યાયાલયમાં કાયમી ભૂમિકા આપવામાં આવે. જો આવું થશે તો જ લોકશાહીની એક પ્રાથમિક સંસ્થા તરીકે કાયદાની ભાવના જળવાઈ રહેશે અને તેને સમર્થન મળશે. અત્યારે તો એવી પરિસ્થિતિ છે કે જો મારી પાસે પૈસા હોય તો હું ઉપલી અદાલતમાં જઉં છું. ગરીબ માણસને એ પોસાતું નથી એટલે તે ઉપલી અદાલતમાં જઈ શકતો નથી. આ પરિસ્થિતિને ‘હોમો હાયરાર્કિક્સ’ તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદો આ પરિસ્થિતિમાંથી ભારતના નાગરિકોને બહાર કાઢવા માટે ઘડવામાં આવ્યો છે.

## કાર્યવાહી

ગ્રામ ન્યાયાલય ધારામાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ગ્રામ ન્યાયાલય પ્રથમ અનુસૂચિના ભાગ-૧માં સમાવવામાં આવેલા તમામ ગુનાઓ અને તે જ અનુસૂચિના ભાગ-૨ના તમામ ગુનાઓ અંગે કાર્યવાહી કરી શકે છે. રાજ્ય સરકાર સમયે સમયે જાહેરનામું બહાર પાડીને જે નક્કી કરે તે ગુનાઓ માટે પણ ગ્રામ ન્યાયાલય કાર્યવહી કરી શકે છે. ફોજદારી ગુનાઓના સંદર્ભમાં તે પ્રથમ વર્ગના અદાલતી મેજિસ્ટ્રેટની અદાલત ગણાશે અને દીવાની કેસોના સંદર્ભમાં રાજ્ય સરકાર સાથે સમયે સમયે મસલતો કરીને વડી અદાલત એ કેસો અંગેની કાર્યવાહી નક્કી કરી શકે છે.

શા માટે સરકારો સારા અને સક્રિય એવા કાયદાઓનો અમલ કરવામાં મંથર ગતિએ ચાલે છે? એવી ધારણા ચોક્કસ કરી શકાય કે રાજ્યની ૧૦ ટકા વસ્તી જુદા જુદા સ્તરે કોઈ પણ કેસમાં ફસાયેલી રહે એમ રાજ્ય પોતે જ ઈચ્છે છે! અદાલતમાં બાકી પડેલા કેસોના જે આંકડા ઉપલબ્ધ છે તે આ સાથેના કોઠામાં આપવામાં આવ્યા છે.

અદાલતોમાં બાકી પડેલા કેસ જ્યાં સુધી સરકારો માટે બહુપક્ષીય દાતા સંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવવા માટેનો માપદંડ નહિ બને ત્યાં સુધી આ પરિસ્થિતિમાં કોઈ નોંધપાત્ર પરિવર્તન આવે એવું લાગતું નથી. તદ્દન નાનાં નાનાં કારણો માટેના વિવાદો ધરાવતા કેસોનો ઉકેલ લાવવાનું ખૂબ જ અગત્યનું છે એવી ગંભીરતા ત્યાં સુધી ઊભી નહિ જ થાય એમ લાગે છે!

**જુઓ પૃષ્ઠ ૨૮**

# ગ્રામ ન્યાયાલય ધારો-૨૦૦૮

ભારતની સંસદ દ્વારા ગ્રામ ન્યાયાલય ધારો ૨૦૦૮માં પસાર કરવામાં આવ્યો. તેને તા.૭-૧-૨૦૦૯ના રોજ રાષ્ટ્રપતિએ મંજૂરી આપી અને તા.૯-૧-૨૦૦૯ના રોજ કેન્દ્રના કાનૂન અને ન્યાય મંત્રાલયે ભારતના રાજપત્રમાં પ્રકાશિત કર્યો છે. **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ સમગ્ર કાયદાની કેટલીક મહત્ત્વની જોગવાઈઓને અહીં સરળ ગુજરાતી ભાષામાં રજૂ કરવામાં આવી છે.

આ કાયદો ગ્રામ ન્યાયાલયોની સ્થાપના માટે જોગવાઈ કરે છે. તેના હેતુઓ આ મુજબ છેઃ (૧) નાગરિકોને તેમના ઘર-આંગણે ન્યાય પ્રાપ્ત થાય. (૨) સામાજિક, આર્થિક અને અન્ય અક્ષમતાઓને કારણે કોઈ પણ નાગરિકને ન્યાય મેળવવાનો ઈન્કાર ન કરવામાં આવે.

**પ્રકરણ-૧**

**કલમ-૧**

(૧) આ કાયદો ગ્રામ ન્યાયાલય ધારો - ૨૦૦૮ કહેવાશે.

(૨) તે સમગ્ર ભારતમાં લાગુ પડશે. પરંતુ તે જમ્મુ-કાશ્મીર, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં લાગુ પડશે નહિ. ઉપરાંત, તે આદિવાસી વિસ્તારોને પણ લાગુ પડશે નહિ. આદિવાસી વિસ્તારો એટલે બંધારણની અનુસૂચિ-૬માં જણાવાયેલા આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના વિસ્તારો.

(૩) કેન્દ્ર સરકાર સત્તાવાર રાજપત્રમાં જાહેરનામામાં પ્રસિદ્ધ કરે તે તારીખથી તે અમલમાં આવશે. જુદાં જુદાં રાજ્યો માટે કેન્દ્ર સરકાર જુદી જુદી તારીખો નક્કી કરી શકે છે.

**કલમ-૨**

આ કાયદા અનુસાર

(ક) 'ગ્રામ ન્યાયાલય' એટલે એવી અદાલત કે જે કલમ-૩ (૧) મુજબ સ્થાપવામાં આવી હોય.

(ખ) 'ગ્રામ પંચાયત' એટલે સ્વ-શાસનની એવી સંસ્થા કે જે કે જેની રચના ગામ સ્તરે બંધારણની કલમ-૨૪૩ખ અનુસાર કરવામાં આવી હોય.

(ગ) 'વડી અદાલત' એટલે

  (૧) કોઈ પણ રાજ્યના સંદર્ભમાં જે તે રાજ્યની વડી અદાલત હોય.

  (૨) કેન્દ્રિશાસિત પ્રદેશના સંદર્ભમાં જે તે વડી અદાલતનું કાર્યક્ષેત્ર કાયદા દ્વારા જે નક્કી થયું હોય તે મુજબ.

  (૩) બીજા કોઈ કેન્દ્રશાસિત પ્રદેશના કિસ્સામાં ભારતની સર્વોચ્ચ અદાલત ઉપરાંત તે પ્રદેશ માટે ફોજદારી અપીલની જે સર્વોચ્ચ અદાલત હોય તે.

(ઘ) 'જાહેરનામું' એટલે સત્તાવાર રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું, જાહેર થયેલું (notified)નો અર્થ જાહેરનામામાં પ્રસિદ્ધ થયેલું હોય તે.

(ચ) 'ન્યાયાધિકારી' એટલે કલમ-૫ અનુસાર નિમાયેલા ગ્રામ ન્યાયાલયના પ્રમુખ અધિકારી.

(છ) 'વચલા સ્તરની પંચાયત' એટલે તાલુકા સ્તરની પંચાયત કે જેની રચના બંધારણની કલમ-૨૪૩ખ અનુસાર કરવાની હોય.

(જ) 'નિર્દિષ્ટ' (prescribed) એટલે આ કાયદા હેઠળ બનાવાયેલા નિયમોમાં જણાવાયેલી હોય તે બાબત.

(ઝ) 'અનુસૂચિ' એટલે આ કાયદા સાથે જોડવામાં આવેલી છે તે અનુસૂચિ.

(ટ) 'રાજ્ય સરકાર' એટલે કેન્દ્રશાસિત પ્રદેશના સંબધમાં બંધારણની કલમ-૨૩૯ અન્વયે નિયુક્ત વહીવટદાર.

(ઠ) જે શબ્દોની વ્યાખ્યા અહીં બાંધવામાં આવી નથી તે શબ્દોનો અર્થ કોડ ઓફ સિવિલ પ્રોસિજર-૧૯૦૮ અને કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર-૧૯૭૩ અનુસાર ગણવો.

**પ્રકરણ-૨**

**કલમ-૩**

(૧)
- રાજ્ય સરકાર ગ્રામ ન્યાયાલયની સ્થાપના કરશે.
- તે માટે રાજ્ય સરકાર વડી અદાલત સાથે મસલતો કરશે.
- તાલુકા સ્તરે તે એક કે તેથી વધુ ગ્રામ ન્યાયાલયની સ્થાપના કરશે, અથવા જિલ્લામાં તાલુકા પંચાયતોના જૂથ માટે તે ગ્રામ ન્યાયાલયની સ્થાપના કરશે.
- જ્યાં તાલુકા પંચાયતો ના હોય ત્યાં ગ્રામ પંચાયતોના જૂથ માટે ગ્રામ ન્યાયાલયની સ્થાપના કરશે.
- તે માટે રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડશે.

(૨)
- રાજ્ય સરકાર ગ્રામ ન્યાયાલયનું કાર્યક્ષેત્ર એટલે કે તેના વિસ્તારની સ્થાનિક હદ નક્કી કરશે.
- તે માટે તે વડી અદાલત સાથે ચર્ચા-વિચારણા કરશે.
- તે માટે રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડશે.
- કોઈ પણ સમયે રાજ્ય સરકાર આ હદમાં વધારો-ઘટાડો

કરી શકે છે કે તેમાં ફેરફાર કરી શકે છે.

(૩) અત્યારે કોઈ પણ કાયદા હેઠળ જે અદાલતો સ્થપાયોલી હોય તે ઉપરાંત આ ગ્રામ ન્યાયાલયની સ્થાપના થશે.

**કલમ-૪**

દરેક ગ્રામ ન્યાયાલયનું વડું મથક તાલુકા પંચાયતના વડા મથકે અથવા સરકાર નક્કી કરે તે સ્થળે રહેશે.

**કલમ-૫**

- રાજ્ય સરકાર દરેક ગ્રામ ન્યાયાલયમાં એક ન્યાયાધિકારીની નિમણૂક કરશે.
- તે માટે તે વડી અદાલત સાથે વિચાર-વિમર્શ કરશે.

**કલમ-૬**

(૧) ફર્સ્ટ ક્લાસ અદાલતી મેજિસ્ટ્રેટની નિયુક્તિની લાયકાત ધરાવનાર વ્યક્તિ જ ન્યાયાધિકારી તરીકે નિમણૂક પામશે.

(૨)
- રાજ્ય સરકાર ન્યાયાધિકારીની નિમણૂક કરતી વખતે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, મહિલાઓ અને એવા અન્ય વર્ગો કે સમુદાયોને પ્રતિનિધિત્વ આપશે.
- તે માટે રાજ્ય સરકાર સમયે સમયે જાહેરનામું બહાર પાડશે.

**કલમ-૭**

ન્યાયાધિકારીને પગાર-ભથ્થાં ફર્સ્ટ ક્લાસ અદાલતી મેજિસ્ટ્રેટને મળવાપાત્ર હશે તે મળશે.

**કલમ-૮**

- જે વિવાદમાં પોતે સામેલ હોય અથવા વિવાદના કોઈ પક્ષકાર સાથે પોતાને સંબંધ હોય અથવા જેમાં પોતાનું હિત સામેલ હોય એવી ગ્રામ ન્યાયાલયની કાર્યવાહીમાં ન્યાયાધિકારી ભાગ લેશે નહિ.
- અવા કિસ્સામાં એ કેસ અન્ય ન્યાયાધિકારીને તબદીલ કરવા માટે તેઓ જિલ્લા અદાલત કે સેશન્સ અદાલતનો સંપર્ક સાધશે.

**કલમ-૯**

(૧)
- ન્યાયાધિકારી પોતાના કાર્યક્ષેત્ર હેઠળનાં ગામોની સમયાંતરે મુલાકાત લેશે.
- પક્ષકારો સામાન્ય રીતે જ્યાં રહે છે તેની નજીકમાં જ તેઓ કેસ ચલાવશે.
- અથવા જ્યાં ઘટના બની હોય તે સ્થળની નજીક તેઓ કેસ ચલાવશે.
- જો ગ્રામ ન્યાયાલય તેના વડા મથકની બહાર મોબાઈલ કોર્ટ હાથ ધરવાનો નિર્ણય કે તો તે તેનાં સ્થળ અને સમયને વ્યાપક પ્રસિદ્ધિ આપશે.

(૨) રાજ્ય સરકાર મોબાઈલ કોર્ટ માટે વાહન સહિતની તમામ સવલતો પૂરી પાડશે.

**કલમ-૧૦**

વડી અદાલત રાજ્ય સરકારની મંજૂરીથી નક્કી કરે તે પ્રકારના સિક્કાનો ઉપયોગ દરેક ગ્રામ ન્યાયાલય કરશે.

**પ્રકરણ–૩**

**કલમ-૧૧**

ગ્રામ ન્યાયાલય દીવાની અને ફોજદારી બંને પ્રકારના કેસોમાં કામ કરશે.

**કલમ-૧૨**

(૧) ગ્રામ ન્યાયાલય કોઈ ફરિયાદને આધારે કે કોઈ પોલિસ અહેવાલને આધારે ગુનાને ધ્યાનમાં લઈ શકે છે અને તે -

(ક) પ્રથમ અનુસૂચિના ભાગ-૧માં નિર્દિષ્ટ તમામ ગુનાઓ સબબ કામ ચલાવશે.

(ખ) પ્રથમ અનુસૂચિના ભાગ-૨માં સમાવિષ્ટ કાયદાઓમાં જણાવયેલા ગુનાઓ સબબ કામ ચલાવશે અને રાહત આપશે.

(૨) રાજ્યના કાયદાઓ હેઠળ સમાવિષ્ટ તમામ ગુનાઓ સામે ગ્રામ ન્યાયાલય કામ ચલાવશે કે રાહત આપશે.

**કલમ-૧૩**

(૧) ગ્રામ ન્યાયાલયનું કાર્યક્ષેત્ર નીચેનું પણ રહેશે:

(ક) દ્વિતીય અનુસૂચિના ભાગ-૧માં નિર્દિષ્ટ જે વિવાદો દીવાની સ્વરૂપના હશે તેવા તમામ દાવાઓ કે કાર્યવાહીઓ.

(ખ) કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા જણાવયેલા તમામ પ્રકારના દાવાઓ અને વિવાદો.

(૨)
- ગ્રામ ન્યાયાલયની આર્થિક મર્યાદાઓ વડી અદાલત નક્કી કરશે.
- તે માટે તે રાજ્ય સરકાર સાથે વિચાર-વિમર્શ કરશે.
- તે માટે સમયે સમયે જાહેરનામું બહાર પડાશે.

**કલમ-૧૪**

(૧) કેન્દ્ર સરકારને જરૂરી લાગે તો તે પ્રથમ અનુસૂચિના ભાગ-૧ કે ભાગ-૨ અને દ્વિતીય અનુસૂચિના ભાગ-૨માં જાહેરનામું બહાર પાડીને ફેરફાર કરી શકે છે.

(૨) એવું દરેક જાહેરનામું સંસદના દરેક ગૃહમાં રજૂ કરવામાં આવશે.

(૩)
- રાજ્ય સરકારને જરૂરી લાગે તો તે પ્રથમ અનુસૂચિના ભાગ-૧ કે ભાગ-૨ અને દ્વિતીય અનુસૂચિના ભાગ-૨માં ફેરફાર કરી શકે છે.
- તે માટે તે જાહેરનામું બહાર પાડે.
- રાજ્યની વિધાનસભા જે બાબતોમાં કાયદો ઘડવા સક્ષમ હોય એ બાબતો અંગે આવો ફેરફાર થાય.

(૪) આવું દરેક જાહેરનામું રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરાશે.

**કલમ-૧૫**

(૧) લિમિટેશન એક્ટ-૧૯૬૩ની જોગવાઈઓ ગ્રામ ન્યાયાલય હેઠળ જેનું કામ ચાલી શકે તેવા તમામ કેસોને લાગુ પડશે.

(૨) કોડ ઓફ સિવિલ પ્રોસિજર-૧૯૭૩ના પ્રકરણ-૩૬ની જોગવાઈઓ ગ્રામ ન્યાયાલય હેઠળ જેનું કામ ચાલી શકે તેવા ગુનાઓને લાગુ પડશે.

**કલમ-૧૬**

(૧) • જિલ્લા અદાલત કે સેશન્સ અદાલત તેનાથી નીચલી અદાલતોમાં બાકી એવા તમામ દીવાની કે ફોજદારી કેસો ગ્રામ ન્યાયાલયને તબદીલ કરી શકે છે.

• વડી અદાલત તે માટે તારીખ નક્કી કરશે.

(૨) ગ્રામ ન્યાયાલય એવા કિસ્સામાં કેસ જે તબક્કામાં હોય તે તબક્કાથી આગળ વધી શકે અથવા તેમાં નવેસરથી જ કાર્યવાહી કરી શકે.

**કલમ-૧૭**

(૧) ગ્રામ ન્યાયાલયને તેના કાર્યમાં મદદ કરવા માટે જરૂરી અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ રાજ્ય સરકાર નક્કી કરશે અને પૂરા પાડશે.

(૨) ગ્રામ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓનાં પગાર-ભથ્થાં રાજ્ય સરકાર નક્કી કરશે.

(૩) ગ્રામ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓ ન્યાયાધિકારી તેમને સમયે સમયે સોંપે તે ફરજો બજાવશે.

**પ્રકરણ–૪**

**કલમ-૧૮**

• કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર-૧૯૯૩ની જોગવાઈઓ આ કાયદા સાથે સુસંગત હશે તો તે ગ્રામ ન્યાયાલયને લાગુ પડશે.

• તે માટે ગ્રામ ન્યાયાલય ફર્સ્ટ કલાસ અદાલતી મેજિસ્ટ્રેટની અદાલત ગણાશે.

**કલમ-૧૯**

(૧) ગ્રામ ન્યાયાલય કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ-૨૬૦ (૧), ૨૬૨(૨), ૨૬૩, ૨૬૪ અને ૨૬૫ અનુસાર ગુનાઓ સબબ સમરી શૈલીથી કામ ચલાવી શકે છે.

(૨) • જ્યારે સમરી ટ્રાયલ ચાલતો હોય ત્યારે જો ન્યાયાધિકારીને લાગે કે કેસ સમરી શૈલીથી ચલાવવો ઈચ્છનીય નથી તો તેઓ કોઈ પણ સાક્ષીને બોલાવી શકે છે અને કેસની પુનર્સુનાવણી હાથ ધરી શકે છે.

• તે માટે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર-૧૯૭૩ની જોગવાઈઓ લાગુ પડશે.

**કલમ-૨૦**

• આરોપી ગ્રામ ન્યાયાલયમાં પ્લી બાર્ગેનિંગ માટે અરજી કરી શકે.

• ગ્રામ ન્યાયાલય તેનો નિકાલ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરના પ્રકરણ-૨૧એમાંની જોગવાઈઓ અનુસાર કરશે.

**કલમ-૨૧**

(૧) સરકાર વતી ગ્રામ ન્યાયાલયમાં ફોજદારી કેસો હાથ ધરવા માટે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર-૧૯૭૩ની કલમ-૨૫ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) • ગ્રામ ન્યાયાલયમાં ફોજદારી કેસની કાર્યવાહીમાં ફરિયાદી તેની પસંદગીના વકીલ રાખી શકે છે.

• તે માટે ફરિયાદીએ ખર્ચ ભોગવવાનું રહે છે.

• ગ્રામ ન્યાયાલયની મંજૂરી તે માટે લેવી પડશે.

(૩) • લિગલ સર્વિસિઝ ઓથોરિટીઝ એક્ટ-૧૯૮૭ અન્વયે જે સ્ટેટ લિગલ સર્વિસિઝ ઓથોરિટીની રચના થયેલી છે તે વકીલોની યાદી બનાવશે.

• તેમાંથી કમ-સે-કમ બે વકીલોને ગ્રામ ન્યાયાલયનું કામ સોંપાશે.

• જો કોઈ આરોપી વકીલ રાખી શકે તેમ ના હોય તો ગ્રામ ન્યાયાલય એ બેમાંથી કોઈ એકની સેવાઓ આરોપીને ઉપલબ્ધ કરાવશે.

**કલમ-૨૨**

(૧) ન્યાયાધિકારી ચુકાદાની જાહેરાત ખુલ્લી અદાલતમાં કેસ પત્યા પછી તરત જ કે ૧૫ દિવસમાં કરશે અને તેની નોટિસ પક્ષકારોને આપવામાં આવશે.

(૨) ગ્રામ ન્યાયાલય તરત જ તેના ચુકાદાની નકલ બંને પક્ષકારોને વિનામૂલ્યે આપશે.

**પ્રકરણ–૫**

**કલમ-૨૩**

• કોડ ઓફ સિવિલ પ્રોસિજર-૧૯૦૮ કે બીજા કોઈ કાયદાની જોગવાઈઓ આ કાયદા સાથે સુસંગત હશે તો તે ગ્રામ ન્યાયાલયની કાર્યવાહીને લાગુ પડશે.

• કોડની એ જોગવાઈઓના હેતુસર ગ્રામ ન્યાયાલય દીવાની અદાલત ગણાશે.

**કલમ-૨૪**

(૧) • આ કાયદા હેઠળ કોઈ પણ દાવો, વિવાદ કે કેસ ગ્રામ ન્યાયાલય સમક્ષ અરજી કરીને કરી શકાશે.

• અરજીની રીત, તેનું સ્વરૂપ અને ૧૦૦ રૂ.થી વધુ ન હોય તેટલી તેની ફી વડી અદાલત સમયે સમયે રાજ્ય સરકાર સાથે મસલતો કરીને નક્કી કરશે.

(૨) • ગ્રામ ન્યાયાલય પ્રતિવાદીને અરજીની નકલ મોકલીને સમન્સ જારી કરી શકે છે.

• સમન્સમાં તારીખ જણાવીને પ્રતિવાદીને પોતાની સમક્ષ

ઉપસ્થિત રહેવાનું તે જણાવી શકે છે.
- વડી અદાલત નક્કી કરે તે રીતે આ સમન્સ પ્રતિવાદીને મોકલાશે.

(૩) પ્રતિવાદી લેખિત નિવેદન આપે તે પછી ગ્રામ ન્યાયાલય કેસની સુનાવણીની તારીખ નક્કી કરશે અને તમામ પક્ષકારોને તે દિવસે તેમને પોતાને કે તેમના વકીલ દ્વારા ઉપસ્થિત થવા માટે જણાવશે.

(૪) • સુનાવણીની તારીખે ગ્રામ ન્યાયાલય બંને પક્ષોને સાંભળશે.
- જો કોઈ પુરાવાની નોંધની જરૂર ના હોય તેવો વિવાદ હોય તો ગ્રામ ન્યાયાલય ચુકાદો આપશે.
- જો પુરાવાની નોંધની જરૂર હોય તેવો વિવાદ હોય તો ગ્રામ ન્યાયાલય તે પ્રક્રિયામાં આગળ વધશે.

(૫) ગ્રામ ન્યાયાલયને -
  (ક) કોઈ ક્ષતિ માટે કોઈ કેસ બરખાસ્ત કરવાની કે એકપક્ષી રીતે આગળ વધવાની સત્તા રહેશે.
  (ખ) કોઈ ક્ષતિ માટે કોઈ કેસ બરખાસ્ત કરતો કે એકપક્ષી રીતે આગળ વધવા માટેનો હુકમ રદ કરવાની પણ તેને સત્તા હશે.

(૬) કાર્યવાદી દરમ્યાન ઊભી થયેલી કોઈ સાંયોગિક બાબત અંગે ગ્રામ ન્યાયાલય તેને જે પ્રક્રિયા ન્યાયી અને ન્યાયના હિતમાં વાજબી લાગે તે હાથ ધરી શકે છે.

(૭) • વ્યવહારુ હોય ત્યાં સુધી કાર્યવાહી ન્યાયનાં હિતો સાથે સુસંગત હશે.
- કેસ પૂરો ના થાય ત્યાં સુધી રોજેરોજ સુનાવણી હાથ ધરાશે.
- ગ્રામ ન્યાયાલયને જરૂરી લાગે તો જ તે બીજા દિવસ માટે મુદત પાડશે. તેણે તેનાં કારણો લેખિતમાં આપવાં પડશે.

(૮) કેસ દાખલ થાય તે તારીખથી છ માસમાં ગ્રામ ન્યાયાલય અરજીનો નિકાલ કરશે.

(૯) • ગ્રામ ન્યાયાલય દ્વારા સુનાવણી પૂરી થાય પછી તરત જ કે ૧૫ દિવસ સુધીમાં ખુલ્લી અદાલતમાં ચુકાદો અપાશે.
- તે અંગે પક્ષકારોને નોટિસ આપવામાં આવશે.

(૧૦) ચુકાદામાં કેસની વિગતો, ચુકાદો આપવાનો મુદ્દો અને તે અંગેનો નિર્ણય તથા તે નિર્ણય માટેનાં કારણો ટૂંકમાં હશે.

(૧૧) ચુકાદાની જાહેરાતની તારીખથી ત્રણ દિવસમાં બંને પક્ષકારોને ચુકાદાની નકલ વિનામૂલ્યે અપાશે.

**કલમ-૨૫**

(૧) • કોડ ઓફ સિવિલ પ્રોસિજર-૧૯૦૮માં ગમે તે હોય છતાં ગ્રામ ન્યાયાલયનો ચુકાદો હુકમ ગણાશે.
- તેનો અમલ ગ્રામ ન્યાયાલય કરશે.
- એ હુકમ દીવાની અદાલતનો હુકમ ગણાશે.
- તે માટે ગ્રામ ન્યાયાલયને દીવાની અદાલતની તમામ સત્તાઓ હશે.

(૨) • કોડ ઓફ સિવિલ પ્રોસિજર-૧૯૦૮ના હુકમના અમલ માટે જણાવાયેલી કાર્યવાહી કરવાનું ગ્રામ ન્યાયાલય માટે બંધનકર્તા નથી.
- તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોને અનુસરશે.

(૩) જેણે હુકમ કર્યો હોય તે ગ્રામ ન્યાયાલય તેનો અમલ કરશે અથવા જે ગ્રામ ન્યાયાલયને તેને અમલ કરવા તે હુકમ મોકલાયો હશે તે અમલ કરશે.

**કલમ-૨૬**

(૧) • કોઈ પણ કેસ કે કાર્યવાહીમાં ગ્રામ ન્યાયાલય સૌ પ્રથમ તો સંબંધિત પક્ષકારોને સમાધાન કરવા માટે સમજાવશે.
- તે માટે તે કેસનું સ્વરૂપ અને સંજોગોને ધ્યાનમાં લેશે.
- વડી અદાલતે નિર્ધારિત કરેલી કાર્યવાહીને તે આ માટે અનુસરશે.

(૨) જ્યારે ગ્રામ ન્યાયાલયને એમ લાગે કે પક્ષકારો વચ્ચે સમાધાનની શક્યતાઓ છે તો તે કાર્યવાહીને તેને યોગ્ય લાગે તેટલા સમયગાળા સુધી મુલતવી રાખી શકે છે કે જેથી પક્ષકારો સમાધાન કરવા માટે પ્રયાસ કરી શકે.

(૩) જ્યારે ઉપર મુજબ કેસની કાર્યવાહી મોકૂફ રખાય ત્યારે ગ્રામ ન્યાયાલય સમાધાન ઊભું કરવા માટે એક કે તેથી વધુ વિષ્ટિકારોને એ કેસ સોંપી શકે છે.

(૪) આ સત્તા ગ્રામ ન્યાયાલયને કાર્યવાહી મોકૂફ રાખવાની જે સત્તા છે તેના ઉપરાંતની સત્તા છે, તેને નકારતી સત્તા નથી.

**કલમ-૨૭**

(૧) • ઉપરોક્ત હેતુ માટે જિલ્લા અદાલત જિલ્લા મેજિસ્ટ્રેટની સાથે વિચાર-વિમર્શ કરીને ગામ સ્તરના સામાજિક કાર્યકરોની યાદી તૈયાર કરશે.
- તેમની નિમણૂક વિષ્ટિકારો તરીકે કરવામાં આવશે.
- તેમની લાયકાત અને અનુભવનાં ધોરણો વડી અદાલત નક્કી કરશે.

(૨) આ વિષ્ટિકારોને ચૂકવવાનાં ફી અને અન્ય ભથ્થાં રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે.

**કલમ-૨૮**

- કોઈ પક્ષકાર અપીલ કરે અથવા કોઈ એક ગ્રામ ન્યાયાલયમાં બાકી કેસોની સંખ્યા મોટી થઈ જાય તો જિલ્લા અદાલત એક ગ્રામ ન્યાયાલયનો કેસ તેના કાર્યક્ષેત્ર હેઠળના બીજા ન્યાયાલયમાં તબદીલ કરી શકશે.
- ન્યાયના હિતમાં પણ તે આમ કરી શકે છે.

# સહભાગી અંદાજપત્ર પ્રક્રિયા: બ્રાઝિલના પદાર્થપાઠ

શાસનની પ્રક્રિયાને વિકેન્દ્રિત, પારદર્શી, સહભાગી અને ઉત્તરદાયી બનાવવા માટેના પ્રયાસો દુનિયાભરમાં ચાલી રહ્યા છે. 'ઉન્નતિ'નાં **સુશ્રી સ્વપ્ની શાહ** અને **શ્રી તાપસ સત્પથી** આ લેખમાં તેમની બ્રાઝિલની મુલાકાતને આધારે ત્યાંની એક નગરપાલિકામાં અંદાજપત્ર ઘડવાની સહભાગી પ્રક્રિયા કેવી રીતે ચાલે છે તેનું આલેખન કરે છે. તેમણે આવી સહભાગી પ્રક્રિયાને ભારતીય સંદર્ભ સાથે જોડી છે અને તેઓ જણાવે છે કે સહભાગી અંદાજપત્રીય પ્રક્રિયા ભારતમાં મજબૂત બનશે તો નાણાકીય ફાળવણી અને તેના ઉપયોગને વધારે પારદર્શી અને ઉત્તરદાયી બનાવી શકાશે.

## સંદર્ભ

અનેક અભ્યાસો એમ દર્શાવે છે કે સહભાગી અંદાજપત્ર પ્રક્રિયાઓ વધારે સમતાપૂર્ણ જાહેર ખર્ચ, જીવનની ઊંચી ગુણવત્તા, પાયાની જરૂરિયાતોનો વધુ સંતોષ, સરકારમાં વધારે પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ, વધારે જાહેર સહભાગિતા અને ખાસ કરીને છેવાડે ફેંકાઈ ગયેલા અથવા ગરીબ નાગરિકોની સહભાગિતા તથા નાગરિકોની વધારે કેળવણી તરફ દોરી જાય છે.

'લોગોલિન્ક ઈનિશ્યેટિવ'ના ભાગરૂપે તા.૨૩-૩૦ એપ્રિલ ૨૦૦૯ દરમ્યાન અમે બ્રાઝિલની મુલાકાત લીધી હતી. 'નાગરિકોના નેતૃત્વ વિશેની શીખને પ્રોત્સાહન: ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના અનુભવોનું સંકલન' વિશે આ પ્રયાસ કામ કરે છે. નાગરિકોનાં આંદોલનો અને સ્થાનિક શાસનનાં વિવિધ પાસાંને સમજવા માટે આ પ્રયાસ કામ કરે છે. અમે બ્રાઝિલમાં એમ્બુ નગરપાલિકામાં સહભાગી અંદાજપત્ર પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવે છે તે તેની મુલાકાત લઈને સમજવાનો પ્રયાસ કર્યો હતો. આ મુલાકાત દરમ્યાન વિવિધ હિતધારકો સાથે અમે વાતચીત પણ કરી હતી. અમારી સમજ સંપૂર્ણ નથી પરંતુ અમે ભારતના સંદર્ભમાં અમને જે કંઈ બ્રાઝિલમાંથી શીખવા મળ્યું તેને અહીં મૂકવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

## બ્રાઝિલમાં રાજકીય સંગઠન

દુનિયાની વસ્તીમાં બ્રાઝિલનો ક્રમ પાંચમો છે. તેનો વિસ્તાર ૮૫૦ લાખ ચો.કિ.મી.નો છે. તેની ૮૧ ટકા વસ્તી શહેરી છે. દુનિયાનું ૨૦ ટકા જૈવ વૈવિધ્ય બ્રાઝિલમાં છે. ખેત પેદાશોનો ધંધો ત્યાંનો સૌથી વધારે ગતિશીલ વ્યાપાર છે.

બ્રાઝિલ એક લોકતાંત્રિક રાજ્ય છે અને રાષ્ટ્રપ્રમુખ રાજ્યના વડા તથા સમવાયી સરકારના વડા તરીકે કામ કરે છે. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પ્રત્યક્ષ રીતે થાય છે અને સમગ્ર દેશમાં રાષ્ટ્રપ્રમુખના હોદ્દાની મુદ્દત પૂરી થવાની હોય તે વર્ષના ઓક્ટોબર માસના પ્રથમ રવિવારે તે યોજાતી હોય છે. પહેલી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રપ્રમુખની મુદ્દત શરૂ થાય છે અને તે ચાર વર્ષના ગાળા માટે હોય છે. ૧૬ વર્ષથી વધુ વયની વ્યક્તિઓ માટે મતદાન કરવાનું વૈકલ્પિક છે પરંતુ ૧૮ વર્ષથી વધુ વયની તમામ વ્યક્તિઓ માટે મતદાન કરવાનું ફરજિયાત છે. ત્રણ વખત મતદાન ન કરવામાં આવે તો નાગરિક તે માટે કારણ આપી શકે છે. પરંતુ તે પછી તેનું બહાનું ચલાવી લેવામાં આવતું નથી અને તેને દંડ ભરવો પડે છે.

રાજકીય અને વહીવટી સંગઠનમાં ધારાસભા, કારોબારી અને ન્યાય તંત્રનો સમાવેશ થાય છે. સંઘ, સમવાય જિલ્લો, રાજ્યો, કસબાઓ અને નગરો વચ્ચે સ્વાયત્તતાનો સિદ્ધાંત કામ કરે છે. કાયદો ઘડવામાં ધારાસભા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કારોબારી વહીવટ માટે જવાબદાર છે અને નીતિઓ તથા કાર્યક્રમોનો તે અમલ કરે છે. નાગરિકો, વિવિધ સંસ્થાઓ અને સરકાર વચ્ચેના સંઘર્ષોનો ઉકેલ ન્યાયતંત્ર લાવે છે.

કાયદો ઘડવા ઉપરાંત, ધારાસભા જાહેર સંસાધનોની ફાળવણી અને ઉપયોગ ઉપર દેખરેખ રાખે છે. સેનેટરો ફેડરેશનના એકમોનાં હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. કોઈ પણ વિસ્તારની વસ્તી ગમે તેટલી હોય પરંતુ દરેક વિસ્તારનું પ્રતિનિધિત્વ સેનેટમાં સરખું જ હોય છે. દરેક રાજ્ય અને સમવાય જિલ્લો ત્રણ સેનેટરો ધરાવે છે. મોટા ભાગના ખરડાઓ ચેમ્બર ઓફ ડેપ્યુટીઝમાં રજૂ થાય છે. તેમાં વસ્તી અનુસાર પ્રતિનિધિઓ ચૂંટાય છે. સ્થાનિક સ્તરે દરેક શહેરમાં એક મેયર હોય છે અને અનેક નગર સેવકો હોય છે. નગર સેવકોની સાથે સાથે જ મેયરની ચૂંટણી થતી હોય છે.

બંધારણમાં શહેર, રાજ્ય અને સમવાય સ્તરે નિશ્ચિત પરિષદોની જોગવાઈ બંધારણમાં કરવામાં આવી છે. આ પરિષદો આવાસન, આરોગ્ય, બાળકો અને કિશોરો માટે સામાજિક સહાય વગેરે જેવી બાબતો અંગેની કેટલીક જાહેર નીતિઓ વિશે ચર્ચા-વિચારણા કરવાનું, તેના ઉપર નિયંત્રણ રાખવાનું અને દેખરેખ રાખવાનું કામ કરે છે.

## અંદાજપત્રની પ્રક્રિયા

બ્રાઝિલના ૧૯૮૮ના બંધારણ અનુસાર સમવાયી સરકાર જાહેર સંસાધનોના ખર્ચ વિનિયોગ માટેની પ્રાથમિકતાઓ નક્કી કરે છે. આ ચાર વર્ષના ગાળા માટે કરવામાં આવે છે. તેને પ્લુરી એન્યુઅલ પ્લાન (પીપીએ) તરીકે ઓળખવામાં આવે છે. રાષ્ટ્રપ્રમુખ તે દેશની સંસદ સમક્ષ રજૂ કરે છે. આ યોજના લાંબા ગાળાનાં કાર્યક્રમો અને વાર્ષિક અંદાજપત્રો વચ્ચે સંકલન પ્રસ્થાપિત કરે છે.

બ્રાઝિલમાં સહભાગી અંદાજપત્રો ૨૦૦૧થી બનાવવામાં આવે છે. સ્થાનિક સરકારોના માળખામાં સહભાગિતાના અનેક અનુભવો ઊભા થયા છે અને તે સરકારના ઉપલા સ્તરે પ્રશ્નો ઉઠાવે છે અને તેમના ઉપર પ્રભાવ પાડે છે. ૫૬૦૦માંથી ૨૫૦ જેટલી નગરપાલિકાઓ અત્યારે સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા કરી રહી છે.

સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા એક એવી પ્રક્રિયા છે કે જેમાં લોકશાહી ઢબે ચર્ચા-વિચારણા થાય છે અને નિર્ણયો લેવાય છે. નાગરિકો તેમની માગણીઓ રજૂ કરે છે તથા પ્રાથમિકતાઓ પણ રજૂ કરે છે. તેઓ નગરપાલિકાઓ દ્વારા અંદાજપત્રમાં જે ફાળવણીઓ કરવામાં આવે છે તેના ઉપર પ્રભાવ પાડે છે. મૂડીરોકાણ અંગે જે સંસાધનોની ફાળવણી થાય છે તેના વિશે નિર્ણય કરવાનું કામ સમુદાયો કરે છે. નગરપાલિકાના વાર્ષિક અંદાજપત્રની ૫ ટકાથી ૧૫ ટકા જેટલી રકમ વિશે આ રીતે નિર્ણયો લેવાય છે. વસ્તીનું પ્રમાણ અને ગરીબીનું પ્રમાણ એ બંને બાબતોને આધારે આ નિર્ણયો લેવાય છે. તેમાં બે બાબતો અગત્યની છેઃ

(૧) વિશેષ ભંડોળ અને ધિરાણમાંથી લાભ પ્રાપ્ત થાય તેવા કાર્યક્રમો કે જે નિર્ધારિત હેતુઓ માટે ફાળવવામાં આવ્યા હોય.
(૨) વિવિધ હેતુઓ માટે જેમની ફાળવણી થઈ શકે તેમ હોય તેવું ભંડોળ.

આ બંને બાબતો કામગીરી ખર્ચને આવરી લેવા માટે જે ભંડોળ જરૂરી છે અને નગરપાલિકાની દેવાંની જવાબદારી કેટલી છે તેના ઉપર પણ આધાર રાખે છે.

સહભાગી અંદાજપત્રની પ્રક્રિયામાં સામાન્ય રીતે નીચે મુજબનાં લક્ષણો જોવા મળે છેઃ

(૧) સમુદાયના સભ્યો દ્વારા ખર્ચની પ્રાથમિકતાઓ નક્કી કરવી.
(૨) વિવિધ સમુદાયોનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે બજેટ અંગેના પ્રતિનિધિઓની ચૂંટણી કરવી.
(૩) સરકારી કર્મચારીઓ દ્વારા જરૂરી ટેક્નિકલ સહાય પૂરી પાડવી.

### સહભાગી પ્રક્રિયા

સહભાગી પ્રક્રિયામાં સુવ્યાખ્યાયિત એવી કામગીરીની પદ્ધતિની જરૂર રહે છે. નગરપાલિકાઓએ તેમની પોતાની પરિસ્થિતિને અનુકૂળ પદ્ધતિઓ વિકસાવવાની હોય છે. તેમાં નીચેની બાબતોને આવરી લેવાનો પ્રયાસ કરવાનો રહે છેઃ

(૧) શહેરના રહીશો સાથે ચર્ચા કરવા માટે નગરપાલિકાને જુદા જુદા વિભાગોમાં વહેંચી નાંખવી.
(૨) જુદા જુદા વિભાગોની માગણીઓ પરિપૂર્ણ કરવા માટેના માપદંડો વિગતવાર નક્કી કરવા.
(૩) લોકોની સહભાગિતા માટેના માપદંડો નક્કી કરવા.
(૪) સહભાગિતા કેવી રીતે કરવામાં આવશે તેના રસ્તા વિચારવા.

## એમ્બુ નગરપાલિકાનો અભ્યાસ

એમ્બુ નગરપાલિકાની સ્થાપના ૧૯૫૯માં કરવામાં આવી હતી. ચાલુ વર્ષે તેની સુવર્ણ જયંતિ ઉજવવામાં આવી રહી છે. તેનો વિસ્તાર ૭૦ ચો.કિ.મી.નો છે અને તેની વસ્તી ૨.૬૦ લાખ છે. એમ્બુ એ ડોરમિટરી એટલે કે ધર્મશાળા પ્રકારનું શહેર છે. લોકો અન્યત્ર કામ કરવા જાય છે અને આ શહેરમાં મોટે ભાગે સૂવા માટે આવે છે. એમ્બુ નગરપાલિકા લોકોની સહભાગિતા ઊભી કરવા માટે ખૂબ જ સક્રિય છે. તેણે નાગરિક સહભાગિતા પરિષદની રચના કરી છે અને પાલિકા આયોજન અને સંચાલન પરિષદની પણ રચના કરી છે. વિવિધ ક્ષેત્રીય પરિષદો વચ્ચે સંકલન સાધવા માટે આ પરિષદોની રચના કરવામાં આવી છે. સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા સામાન્ય રીતે જાન્યુઆરી માસમાં શરૂ થાય છે. આ પ્રક્રિયાનું ચક્ર સામે પાને દર્શાવવામાં આવ્યું છે.

## લોકભાગીદારી માટે પ્રાદેશિક અને વિષયલક્ષી સભાઓ

સહભાગી અંદાજપત્રની પ્રક્રિયામાં મુખ્ય બાબત લોકોની સભાઓ છે. નિર્ણય પ્રક્રિયામાં તે પાયાની ઈંટ તરીકે કામ કરે છે. પારદર્શિતા અને વસ્તુલક્ષિતા જળવાય તેની કાળજી ખુલ્લી મતદાન પદ્ધતિ દ્વારા લેવામાં આવે છે. સ્થળ ઉપર જ મતગણતરી કરવામાં આવે છે અને જથ્થાત્મક માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક સ્થાનિક સરકારનું કાર્યક્ષેત્ર જુદા જુદા વિભાગોમાં વહેંચાય છે અને એ વિભાગોના પેટા વિભાગો પણ પાડવામાં આવતા હોય છે કે જેથી સમુદાય આ પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લે અને તેમની પ્રત્યક્ષ સહભાગિતા ઊભી થાય. દરેક પેટા વિભાગમાં અને વિભાગમાં સભાઓ યોજવામાં આવે છે અને તેમાં તમામ રહીશો ભાગ લઈ શકે છે. સહભાગીઓની નોંધણી ઓનલાઈન કરવામાં આવે છે અને

## સહભાગી અંદાજપત્રની પ્રક્રિયાનું ચક્ર

### ૧. સંરચના

(ક) આગલા વર્ષે કરવામાં આવેલી ફાળવણીઓના અમલની સમીક્ષા કરવી અને ભંડોળની ફાળવણી માટેના માપદંડોની પણ સમીક્ષા કરવી.
(ખ) આવક ઊભી કરવાની સંભાવના કેટલી છે અને ખર્ચની સંભાવના કેટલી છે તે નક્કી કરવું.
(ગ) સ્થાનિક સરકાર ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાનાં પોતાનાં હિતો નક્કી કરે છે અને તે લોકો સમક્ષ રજૂ કરે છે.

↓

### ૨. લોકમત ઊભો કરવો

લોકો સાથે સીધો સંવાદ ઊભો થાય તે માટે વ્યૂહરચના ઘડવી. જેમ કે, માસિક સમાચારપત્ર દરેક ઘરે મોકલવું.

↓

### ૩. વિભાગીય અને વિષયલક્ષી સભા (માર્ચ–મે)

(ક) ખર્ચ માટેની પ્રાથમિકતાઓ વિષયવાર નકકી કરવી.
(ખ) લોકોની સહભાગિતાને આધારે પ્રતિનિધિઓની ચૂંટણી કરવી.

↓

### ૪. પાલિકાના પ્રતિનિધિઓનો મંચ (જુન)

(ક) આગામી નાણાકીય વર્ષ માટેનાં આવક અને ખર્ચના સ્થાનિક શહેરી સરકારના અંદાજોની સમીક્ષા કરવી.
(ખ) દરેક વિષય હેઠળ જેની વિનંતી કરવામાં આવી હોય તેવા મૂડીરોકાણ માટેનું સ્થળ નક્કી કરવું અને મૂડીરોકાણની પ્રાથમિકતા નક્કી કરવી. આ માટે જે તે સ્થળની મુલાકાત લેવી.
(ગ) તમામ જિલ્લાઓનું પ્રતિનિધિત્વ ધરાવતા નગરસેવકોની ચૂંટણી કરવી. તેમાં વિભિન્ન વિષયોને ધ્યાનમાં લેવા. તેઓ બજેટ અંગેની નગરપાલિકાની પરિષદમાં કામ કરે.
(ઘ) દરેક જિલ્લામાં આ પ્રતિનિધિઓ સપ્તાહમાં એક વાર કે બે સપ્તાહે એક વાર મળે અને ટેકનિકલ પ્રોજેક્ટના માપદંડો તથા જિલ્લાની જરૂરિયાતોની સમીક્ષા કરે. આ મંચ દર મહિને મેયર સાથે સંવાદ સાધે અને મૂડીરોકાણની પ્રાથમિકતાની ચર્ચા કરે અને બજેટના અમલ વિશે પણ ચર્ચા કરે.

↓

### ૫. બજેટ અંગેની નગરપાલિકાની પરિષદ

(ક) પરિષદના સભ્યોઃ ૧૩ પ્રાથમિક પ્રતિનિધિઓ, ૧૩ અવેજી પ્રતિનિધિઓ, ૬ સરકારી પ્રતિનિધિઓ.
(ખ) સૂચિત મૂડીરોકાણને સુસંગત બનાવવા માટે આ પરિષદ જવાબદાર છે.
(ગ) દરેક જિલ્લાની માગણીઓને પ્રાપ્ય સંસાધનો સાથે જોડવાનું કામ તે કરે છે.
(ઘ) સપ્ટેમ્બર માસ સુધીમાં મૂડીરોકાણના અંદાજપત્ર ઉપર મતદાન થાય છે અને તે મેયરને તથા પાલિકાને સુપરત કરવામાં આવે છે.
(ચ) પાલિકા તેમાં સૂચનો કરી શકે છે પરંતુ ફેરફાર કરી શકતી નથી.
(છ) મેયર બજેટને સ્વીકારવાની કે ન સ્વીકારવાની સત્તા ધરાવે છે. તેઓ તે બજેટ પાલિકાની બજેટ પરિષદને પાછું મોકલી શકે છે.

તેમને કાર્ડ આપવામાં આવે છે. તેનો અર્થ એ થાય છે કે એ વિસ્તારના લોકો જ એ વિસ્તારની સભામાં ભાગ લે. તેમાં ખાસ કરીને નીચી આવક ધરાવતા નાગરિકો, મહિલાઓ, યુવાનો અને છેવાડાનાં જૂથોને આકર્ષવામાં આવે છે. તે માટે સભાનું સ્થળ તેમના રહેણાક સ્થળની નજીક રાખવામાં આવે છે અને તેઓ તે સ્થળથી તથા તેના વાતાવરણથી પરિચિત હોય છે.

સહભાગી પ્રક્રિયાની સફળતા લોકો સુધી પહોંચવા માટે કેટલા પ્રયાસો કરવામાં આવ્યા છે અને તૈયારી માટે કેટલી મીટિંગો યોજવામાં આવી છે તેના ઉપર આધાર છે. જે સમય અને સંસાધનોનું રોકાણ કરવામાં આવે છે તેની માહિતી આપવા માટેની બેઠકને નાગરિકો અને સ્થાનિક અધિકારીઓ વચ્ચે વિશ્વાસનું નિર્માણ કરવા માટેની બેઠકમાં રૂપાંતરિત કરે છે.

વિભાગીય અને વિષયલક્ષી સભાઓ દરમ્યાન નાગરિકો પોતાની વિષયલક્ષી પ્રાથમિકતાઓ નક્કી કરે છે અને આગામી વર્ષના અંદાજપત્રમાં વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો અથવા જાહેર કામો અને સેવાઓ હેઠળ કોને માટે ભંડોળ ફાળવી શકાય તેની પરિયોજનાઓની યાદી તૈયાર કરે છે. આ સૂચિત પરિયોજનાઓને ભંડોળ માટેની માગણીઓ અથવા વિનંતીઓ તરીકે જોવામાં આવે છે. આ પગલું મહત્ત્વનું છે કારણ કે સંસાધનોની ફાળવણી દરેક વિષય માટે મળેલા મતની સંખ્યા અનુસાર કરવામાં આવે છે. જે ત્રણ વિષયોને સૌથી વધારે મત મળે છે તેમને સમગ્ર વિભાગમાં પ્રાથમિક બાબતો તરીકે ગણવામાં આવે છે.

જે વિભાગીય વિષયવાર સભાઓ યોજવામાં આવે છે તેમાંની કોઈ એક સભા જુદા જુદા પેટા વિભાગોમાં જે માગણીઓને મત મળ્યા હોય તેનું સંકલન કરવા માટે યોજવામાં આવતી હોય છે. આ બાબત પરિયોજનાઓની પ્રાથમિકતા નક્કી કરવા માટે ક્ષેત્રીય માર્ગરેખા પૂરી પાડે છે.

આ સભાઓમાં સહભાગીઓ પોતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરવા માટે વિષયવાર જૂથ અનુસાર પ્રતિનિધિઓની ચૂંટણીઓ કરે છે. સહભાગી અંદાજપત્રની પ્રક્રિયાના ચક્રના આગામી તબક્કા માટે એ બાબત અગત્યની બને છે. આ મંચમાં પ્રતિનિધિત્વનો મૂળભૂત માપદંડ સહભાગિતા છે. સભામાં જેટલા લોકો હાજર હોય તેમના સંદર્ભમાં પ્રતિનિધિઓની સંખ્યા નક્કી કરવામાં આવતી હોય છે. સામાન્ય રીતે ૧૦ કે ૨૦ સહભાગીએ એક પ્રતિનિધિની ચૂંટણી થાય છે. સહભાગી અંદાજપત્ર પરિષદમાં પણ તેઓ તેમના પ્રતિનિધિઓની ચૂંટણી કરે છે.

### પાલિકા અને લોકો વચ્ચે બજેટ માટે સંવાદ

(૧) જે તે વિભાગની સભામાં સ્થાનિક સરકારની સમગ્ર ટુકડી હાજર રહે છે તે આ સમગ્ર કવાયતનું જે મહત્ત્વ છે અને તેની જે ગંભીરતા છે તેને વ્યક્ત કરે છે. બજેટની આગાહીઓની રજૂઆત સમયે વરિષ્ઠ અધિકારીઓ હાજર રહે છે, સંકલનની પ્રક્રિયાના પરિણામ વિશે રજૂઆત થાય છે અને બજેટનો મુસદ્દો રજૂ થાય છે તે પણ આ સમગ્ર પ્રક્રિયાની ગંભીરતા દર્શાવે છે. સરળ અને સ્પષ્ટ શબ્દોમાં તેની સમજૂતી આપવા માટે તેઓ સક્ષમ હોય છે, જે કંઈ ટીકા-ટિપ્પણ થાય તેને તેઓ સાંભળે છે અને જે પ્રશ્નો પૂછાય તેનો તેઓ પ્રતિભાવ આપે છે. તેઓ કોઈ ઉપદેશ આપતા નથી. તેને પરિણામે નાગરિકોમાં આ બજેટ તેમનું પોતાનું છે એવી ભાવના ઊભી થાય છે. નગરપાલિકા સાથે તેમના સંવાદની ભૂમિકા વધારે ગુણવત્તાસભર બને છે. વરિષ્ઠ અધિકારીઓ વિવાદાસ્પદ મુદ્દાઓને બાજુ પર રાખે છે અને આવી સભાને તેઓ વિક્ષેપમાં નાંખવા દેતા નથી. મતદાનની સમગ્ર પ્રક્રિયા એકદમ સરળ રીતે અને નિયમો મુજબ થાય છે.

(૨) લોકો સહભાગી થાય તે માટે બાળકો માટે મનોરંજનની વ્યવસ્થા કરવામાં આવે છે અને મા-બાપો સભામાં ભાગ લે છે.

(૩) સહભાગી બજેટ પ્રક્રિયાનું એક સૌથી મહત્ત્વનું પાસું એ છે કે લોકોને માહિતી મળે છે અને તેઓ તેને લીધે નિર્ણય લેવા માટે સક્ષમ બને છે. જે તે વિસ્તારની સભા મળે તે અગાઉ જે તે વિસ્તારની વિગતો, તેની મુખ્ય સમસ્યાઓ, પાલિકાનાં સાધન સામગ્રી અને એ વિસ્તારમાંથી નગરપાલિકાને પ્રાપ્ત થતી આવક અંગેની વિગતો લોકો સમક્ષ રજૂ કરવામાં આવે છે.

## પાલિકાના પ્રતિનિધિઓના મંચ

જુદા જુદા વિભાગોમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ એક મંચ તરીકે મળે છે. તેઓ જે તે વિષયની પ્રાથમિકતા અનુસાર ભંડોળની વિનંતીઓની સમીક્ષા કરે છે. તેઓ આયોજન, અંદાજપત્ર, નાણાકીય વ્યવસ્થા વગેરે જેવા પાલિકાના વિભાગો સાથે ગાઢ રીતે કામ કરે છે.

આર્થિક વિકાસ, તાકીદની સામાજિક જરૂરિયાતો અને સંસ્થાકીય માગણીઓ માટે જરૂરી એવી પ્રાથમિકતા ધરાવતી પરિયોજનાઓ અંગે પાલિકાના વહીવટી તંત્ર દ્વારા સુપરત કરવામાં આવેલી દરખાસ્તોની પણ તેઓ સમીક્ષા કરે છે. તાકીદતા અને જરૂરિયાતનું આકલન જથ્થાત્મક નિર્દેશકો અને ગાણિતિક ફોર્મ્યુલાને આધારે કરવામાં આવતું હોય છે.

આ નિર્દેશકો વિશે નાગરિકો સંપૂર્ણ માહિતી ધરાવે છે. જે વિભાગોને જુદા જુદા સ્કોર મળ્યા હોય છે તેને વિશે પણ પ્રતિનિધિઓ સંપૂર્ણ માહિતી ધરાવે છે. તેનું કારણ એ છે કે પ્રતિનિધિઓને આ તમામ માહિતી વહેંચવામાં આવી હોય છે.

પ્રતિનિધિઓ વિવિધ વિસ્તારોની અને સમુદાયોની મુલાકાત લઈને જાત માહિતી મેળવીને જરૂરિયાતોનું આકલન કરી શકે તેવી તક તેમને સામાન્ય રીતે પ્રાપ્ત થતી હોય છે. સ્થાનિક સરકારો આવા મંચની મીટિંગો અને પ્રતિનિધિઓની ક્ષેત્રીય મુલાકાતો અંગેનું પરિવહન ખર્ચ ઉઠાવે છે અને તેને અંગેનું આયોજન પણ કરે છે. તેમની મુખ્ય જવાબદારી એ છે કે તેઓ દરેક વિષય વિશે અને તેના દરેક પેટા વિષય વિશે ભંડોળ અંગે જે માગણીઓ આવી હોય તેનું ક્રમાંકન કરે. તેઓ સામાન્ય રીતે નાનાં કાર્યકારી જૂથોમાં વહેંચાઈને આ કાર્ય હાથ ધરતા હોય છે. દરેક કાર્યકારી જૂથ દરેક પેટા વિષય ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

શહેરનું વહીવટી તંત્ર વિવિધ વિષયો, તેમાંથી નીકળતા પેટા વિષયો અને કાર્યક્રમનાં ક્ષેત્રો અનુસાર બજેટ તૈયાર કરે છે અને રજૂ કરે છે. દરેક વિષયને જેટલા મત પ્રાપ્ત થયા હોય તેને આધારે અને સભામાં જે માગણીઓની યાદી તૈયાર કરવામાં આવી હોય તેના સ્વરૂપને આધારે ભંડોળની ફાળવણી અંદાજપત્રમાં કરવામાં આવે છે.

વિકાસલક્ષી કાર્યક્રમો, વિવિધ કાર્યો અને સેવાઓમાં વિવિધ વિષયો વચ્ચે મૂડીરોકાણની ફાળવણી કરવામાં આવે છે. જે તે વિભાગની સભામાં તેમને જે મત પ્રાપ્ત થયા હોય તેમને આધારે આ ફાળવણી કરવામાં આવતી હોય છે.

દરેક મુખ્ય વિષય વિશે સંસાધનોની જે ફાળવણી કરવામાં આવી હોય તે પછીથી પાલિકાના વિવિધ પેટા વિસ્તારો અનુસાર ફાળવવામાં આવે છે. તેને માટે માળખાગત સવલતો અને સેવાઓની ખામીઓ તથા જે તે સેવાને પ્રાપ્ત થયેલા મત બંનેને સાંકળીને જે ફોર્મ્યુલા ઘડવામાં આવી છે તેને આધાર તરીકે સ્વીકારવામાં આવે છે. આ એકંદર અંદાજપત્રની ફાળવણી ભંડોળની વિનંતીમાં પ્રાથમિકતાઓ નક્કી કરવા માટેની ચર્ચામાં મહત્ત્વની મદદ કરે છે.

### ભારતનો સંદર્ભ

ભારતમાં સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા મોટે ભાગે સરકારના પ્રયાસનું પરિણામ રહી છે. આ પ્રક્રિયા પણ કેટલાંક રાજ્યોમાં મર્યાદિત રહી છે. નાગરિક સમાજનાં સંગઠનો બજેટનું વિશ્લેષણ કરે છે અને બજેટની જોગવાઈઓને સમજે છે તથા સમજાવે છે.

### સહભાગી અંદાજપત્ર પ્રક્રિયામાં જરૂરી બાબતો

(૧) નાગરિકોની જે ટુકડી સહભાગી અંદાજપત્રની પ્રક્રિયામાં સામેલ થાય તે ટુકડી પાસે સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવાની કુશળતા અને જ્ઞાન હોવાં જોઈએ. મહત્ત્વની બેઠકોમાં અધિકારીઓનું વલણ સંવેદનશીલ બને તે પાસા ઉપર પણ વિશેષ ધ્યાન આપવાની જરૂર હોય છે.

(૨) નગરસેવકો અને લોકોના પ્રતિનિધિઓ અંદાજપત્ર વિશે ઝાઝી માહિતી ધરાવતા હોતા નથી. તેથી તેઓ જે વાટાઘાટો કરે છે તેમાં અવરોધ ઊભો થાય છે. પરિણામે નાગરિક સમાજનું ક્ષમતાવર્ધન થાય અને સરકારી પ્રતિનિધિઓનું પણ તેમની સાથે સાથે ક્ષમતાવર્ધન થાય તે જરૂરી છે. ઉપરાંત, બજેટની રજૂઆત પણ સરળ બનાવવી જોઈએ.

(૩) લોકોની સહભાગિતા અને સરકારના નિર્ણયો વચ્ચે સંતુલન પ્રસ્થાપિત કરવાની પણ જરૂર હોય છે. પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ માટે વિવિધ પ્રકારની વ્યવસ્થાઓ અને તંત્રો ઊભાં કરવાં પડે છે કે જેથી મોટા પ્રમાણમાં ભાઈ-ભતીજાવાદને ટાળી શકાય.

(૪) બજેટનો અમલ થાય ત્યારે તેના ઉપર દેખરેખ રાખવા માટે લોકો સક્ષમ બને અને જાહેર ખર્ચ ઉપર દેખરેખ રાખવાનું કામ તથા નિરીક્ષણ કરવાનું કામ પણ લોકો કરે તે માટેનું તંત્ર ઊભું કરવાનું અત્યંત મહત્ત્વનું છે.

(૫) અત્યંત ગરીબ લોકો અને યુવાનો આ સમગ્ર પ્રક્રિયામાં ભાગીદાર થાય તે એક મોટો પડકાર છે. ઘણી વાર એવું બને છે કે એક વાર લોકોની માગણીઓ સંતોષાઈ જાય પછી તેઓ આ પ્રક્રિયામાં ભાગીદાર થતા નથી. ઉપરાંત, જો પાલિકાનાં જાહેર કામોમાં પ્રગતિ ધીમી હોય તો પણ સહભાગીઓ હતાશ થતા હોય છે.

પરંતુ શહેરી વિસ્તારોમાં અંદાજપત્રની સહભાગી પ્રક્રિયા મોટે ભાગે જોવા મળતી નથી. ૭૪મા બંધારણ સુધારામાં અનુસૂચિ-૧૨માં પાલિકાઓએ કરવાનાં ૧૮ કામોની યાદી આપવામાં આવી છે. આ યાદીમાં નગર આયોજન સહિત શહેરી આયોજન પણ પાલિકાઓનું એક કામ છે. બંધારણની આ જોગવાઈના સંદર્ભમાં અંદાજપત્રની સહભાગી પ્રક્રિયા ઊભી થાય તે માટે મુખ્યત્વે રાજકીય ઈચ્છાશક્તિની જરૂર છે. એક વાર રાજકીય નિર્ણય લેવાય પછી તેને માટે સંસ્થાકીય ક્ષમતાઓનો વિકાસ કરવાની આવશ્યકતા હોય છે.

ભારતનાં નગરોનું વહીવટી માળખું અને પાલિકાના વોર્ડનું વિભાજન વસ્તી ઉપર આધારિત છે. એટલે કે જુદા જુદા વોર્ડની વસ્તીના પ્રમાણને આધારે આવી પ્રક્રિયા કરવાનું આસાન બને તેમ છે. વોર્ડના

ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમના પોતાના વોર્ડમાં વિવિધ પરિયોજનાઓના અમલ અંગેની માહિતી લોકોને આપે તે માટે તેઓ સભાઓ યોજે તેની જવાબદારી તેમને સોંપી શકાય. આવી સભાઓમાં સૂચિત આવક કેટલી છે તથા લોકોની જરૂરિયાતો કઈ કઈ છે અને શહેરમાં મૂડીરોકાણની પ્રાથમિકતાઓ કઈ કઈ હોઈ શકે તેને વિશેની માહિતીની પણ આપ-લે કરી શકાય. આ રીતે એક પછી એક પગલાનું આયોજન કરી શકાય છે. બજેટના સમગ્ર ચક્રમાં સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા એક સતત ચાલતી પ્રક્રિયા બની શકે. તેમાં નાગરિકોને એવી ખાતરી થવી જોઈએ કે તેઓ જે પ્રયાસો કરે છે અને જે સમય અને શક્તિ ખર્ચે છે તે એળે નહિ જાય.

જો અંદાજપત્ર ઘડવાની પ્રક્રિયા સહભાગી બનાવવામાં આવે તો તેનાથી પારદર્શિતા વધે છે અને સાથે સાથે સ્થાનિક સરકારના બજેટ વિશેના નિર્ણયોને વધારે લોકસ્વીકૃતિ પ્રાપ્ત થાય છે અથવા તો સ્થાનિક સરકારની લોકસ્વીકૃતિ ફરી પ્રસ્થાપિત થાય છે. નાગરિકોની જે માગણીઓ ગેરવાજબી હોય તે માગણીઓને પારદર્શી રીતે ટાળી શકાય છે. પારદર્શિતા, પ્રસ્તુતતા અને વસ્તુલક્ષિતા માટે જથ્થાત્મક માપદંડો અને નિર્દેશકો અનિવાર્ય છે.

બજેટમાં નાણાંની ફાળવણી માટે જે પ્રક્રિયા કરવામાં આવે છે તેનો સાર સહભાગીઓની સમજમાં આવવો જોઈએ. પાલિકાના સત્તાવાળાઓએ નાગરિકોમાં ચર્ચાઓ થવા દેવી જોઈએ. પાલિકાના વહીવટી તંત્રની ભૂમિકા એ છે કે ખૂબ ઊંડાણપૂર્વક અને વ્યાપક ચર્ચા થાય તે માટેનું વાતાવરણ તે ઊભું કરે.

વહીવટી તંત્ર દ્વારા ખર્ચની ફાળવણી માટે લેવામાં આવેલા નિર્ણયોની સામે લોકો સવાલો ઊઠાવે તો તંત્ર કેટલા પ્રમાણમાં તે સ્વીકારવા માટે તૈયાર છે તે મહત્ત્વનું છે. સ્થાનિક સરકારના અધિકારીઓ દ્વારા જે રજૂઆતો કરવામાં આવે અને જે દસ્તાવેજો નાગરિકોને આપવામાં આવે તે બંનેની વિગતોનું પ્રતિબિંબ આ ફાળવણીમાં પડેલું હોવું જોઈએ. આ સંદર્ભમાં જે નિર્ણયો કરવામાં આવે છે તે અગત્યના છે. રાજકીય દોરીસંચાર ન થાય તે માટે મતદાનની ખુલ્લી પદ્ધતિ દાખલ કરવામાં આવે અને જથ્થાત્મક માપદંડ અપનાવવામાં આવે તે આવશ્યક જણાય છે. જો એમ થાય તો પારદર્શિતા ઊભી થઈ શકે.

સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા ભારત માટે વધારે પ્રસ્તુત છે. તેનું કારણ એ છે કે સ્થાનિક શાસનમાં સહભાગી આયોજન અને સંચાલનની પ્રક્રિયાઓ સામાજિક સમાવેશની વ્યૂહરચનાની સફળતા માટે પૂર્વશરત છે. આવી વ્યૂહરચનાઓમાં ગરીબી નિવારણ એક અગત્યનો ઘટક ભાગ હોય છે એ યાદ રાખવું જોઈએ.

ગરીબો અને છેવાડાના લોકોને સ્થાનિક શાસનમાં ભાગીદાર થવાની તક આ રીતે મળતી હોય છે. જો કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓની કાનૂની સત્તાઓ કે પાલિકાના અધિકારીઓની વહીવટી સત્તાઓ તેમાં સહેજ પણ ઘટી જતી નથી.

ભારતમાં આવકની અસમાનતા ખૂબ જ ઊંચી છે. આ એક મહત્ત્વનું લક્ષણ ભારતના અર્થતંત્રમાં અને સમાજમાં જોવા મળે છે. જો અંદાજપત્રની સહભાગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો તેની ગરીબો ઉપર મોટી અસર પડી શકે તેમ છે. તેનું એક અગત્યનું કારણ એ છે કે ગરીબો તેમની જરૂરિયાતો આ પ્રક્રિયા દરમ્યાન રજૂ કરી શકે છે. સામાન્ય રીતે સમાજનાં અન્ય જૂથો જે સવલતો અને સેવાઓ પ્રાપ્ત કરે છે તે સવલતો અને સેવાઓ ગરીબો આ રીતે પ્રાપ્ત કરી શકે છે. સહભાગી અંદાજપત્રની પ્રક્રિયાથી સ્થાનિક સરકારના વહીવટી તંત્રને ઉત્તરદાયી બનાવી શકાય છે. ખોટાં વચનો આપવાનું તેમને માટે અશક્ય બની જાય છે અથવા કામમાં ધીમી પ્રગતિ માટે પણ તેમણે જવાબ આપવો પડે છે.

સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા વાસ્તવમાં સશક્તિકરણ, અધિકારિતા અને સામાજિક સમાવેશનું સાધન છે. બ્રાઝિલમાં આ અંગે જે અનુભવ થયો છે તે એમ દર્શાવે છે કે જો વોર્ડ સ્તરે સભાઓ યોજવામાં આવે તો મહિલાઓ અને સમાજના છેવાડાના વર્ગો તેમાં વધારે ભાગીદાર થાય છે. તેનું કારણ એ પણ છે કે સભાનું સ્થળ નજીક હોય છે અને પરિવહન માટે સમય અને નાણાની દૃષ્ટિએ ઓછું ખર્ચ થાય છે. સમાજના તરછોડાયેલા વર્ગો સમગ્ર પ્રક્રિયામાં ભાગ લે તો તેમને સ્થાનિક શાસન પોતાનું લાગે છે.

સહભાગી અંદાજપત્રની પ્રક્રિયા સ્થાનિક સ્તરની રાજકીય સ્થિતિને બદલી નાંખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સંઘર્ષનું રાજકારણ અને જાતજાતની યુક્તિ-પ્રયુક્તિઓ તથા ભ્રષ્ટાચારી રાજકીય સોદાબાજી મોટે ભાગે સ્થાનિક સરકારોમાં જોવા મળે છે. સહભાગી પ્રક્રિયા થાય તો તેમનું સ્થાન રચનાત્મક ચર્ચા અને સંવાદ લે છે તથા શાસનમાં નાગરિકોની સામેલગીરી ઊભી થાય છે. તેને પરિણામે ગરીબો અને પાલિકા વચ્ચેનો સંબંધ બદલાઈ શકે છે કારણ કે જરૂરિયાતો, અવરોધો, ભૂમિકાઓ અને જવાબદારીઓ વિશે બંને પક્ષે વધારે સારી સમજ સહભાગી પ્રક્રિયાને કારણે ઊભી થઈ શકે છે. જો અંદાજપત્ર આ રીતે સહભાગી ધોરણે ઘડવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો નગરસેવકોની રાજકીય તાકાત ઘટે છે તથા તેઓ તેમના મતવિસ્તારો પ્રત્યે અને ખાસ કરીને નીચી આવક ધરાવનારા સમુદાયો પ્રત્યે વધારે પ્રતિભાવાત્મક બને તેની તેમને ફરજ પડે છે.

# શહેરી ગરીબી નિવારણ: શાસનના પ્રશ્નો

ભારત સરકારના સંકલિત ગૃહ નિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ (આઈએચએસડીપી) હેઠળ ગુજરાતનાં ૧૦ નગરોમાં શહેરી ગરીબોના ગૃહ નિર્માણ માટે કરવામાં આવેલા પ્રયાસોનો અભ્યાસ 'ઉન્નતિ' દ્વારા કરવામાં આવ્યો છે. આ લેખ 'ઈનોવિઝન કન્સલટીંગ'ના **શ્રી સી. પી. જીવન** અને 'ઉન્નતિ'નાં **સુશ્રી એલિસ મોરિસ** દ્વારા આ અભ્યાસના સાંરાંશ રૂપે તૈયાર કરવામાં આવ્યો છે. આ અભ્યાસ એમ જણાવે છે કે શહેરી શાસનના પ્રશ્નો સત્તાના વિકેન્દ્રીકરણ, સહભાગિતા, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ સાથે સંબંધિત છે. તેથી આ પ્રશ્નો માત્ર વિકાસના નથી પરંતુ શાસનની શૈલી સાથે સંકળાયેલા છે.

### પ્રસ્તાવના

ભારત સરકાર દ્વારા ડિસેમ્બર ૨૦૦૫માં જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (જેએનએનયુઆરએમ) શરૂ કરવામાં આવ્યું. આ મિશન હેઠળ સંકલિત ગૃહ નિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમના અમલ વિશે 'ઉન્નતિ' દ્વારા એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો. આ કાર્યક્રમ અન્વયે આવરી લેવામાં આવેલાં ૧૦ નાનાં અને મધ્યમ નગરોમાં આ અભ્યાસ હાથ ધરાયો. આ કાર્યક્રમનો હેતુ ઝૂંપડાંવાસીઓની સ્થિતિ સુધારવાનો છે. જો કે, તેમાં એવી ધારણા કરવામાં આવી છે કે પોસાય તેવું આવાસ એ એક મોટો ચિંતાનો વિષય છે.

જે ૧૦ નગરોમાં આ અભ્યાસ કરવામાં આવ્યો તેની કુલ વસ્તી ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ૬.૪ લાખ જેટલી છે. આ નગરોમાં ઝૂંપડાંવાસીઓની વસ્તી લગભગ ૧ લાખ જેટલી છે અને તેમના પરિવારોની સંખ્યા લગભગ ૧૯,૦૦૦ છે. આમ, લગભગ ૧૬ ટકા વસ્તી ઝૂંપડાંમાં રહે છે. આ નગરોમાં આ કાર્યક્રમ હેઠળની યોજનાઓનો અમલ જુદા જુદા તબક્કે છે. તમામ નગરોમાં અભિગમમાં તફાવત છે, ઘરના પ્રકારમાં પણ તફાવત છે અને અમલનાં નાણાકીય પાસાંમાં પણ તફાવત દેખાય છે. કાર્યક્રમના અમલમાં સત્તાવાળાઓનો દૃષ્ટિકોણ શો રહ્યો છે તે બહાર લાવવા ઉપર આ અભ્યાસમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. માર્ગરેખાઓ એમ જણાવે છે કે જો આ કાર્યક્રમનો બરાબર અમલ થાય તો શહેરી વિકાસના સંદર્ભમાં ભારે પરિવર્તન આવી શકે છે. ભૂતકાળમાં જ્યારે પણ શહેરી વિકાસની યોજનાઓનો અમલ કરવામાં આવ્યો ત્યારે ઝૂંપડાંવાસીઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો એવો તેમનો અનુભવ રહ્યો છે તેથી તેમનાં મંતવ્યો અને દૃષ્ટિકોણો કેવી રીતે આ યોજનાના અમલમાં પ્રતિબિંબિત થાય છે તે જાણવાનો પ્રયાસ આ અભ્યાસમાં કરવામાં આવ્યો હતો.

ઝૂંપડાંવાસીઓનાં મંતવ્યો જાણવા માટે જૂથ ચર્ચાઓ યોજવામાં આવી હતી. ઝૂંપડપટ્ટીના કદ અને વસ્તી અનુસાર એક કે તેથી વધારે જૂથ ચર્ચાઓ દરેક વિસ્તારમાં યોજવામાં આવી હતી. તે દરેકમાં લગભગ સરખી સંખ્યામાં સ્ત્રીઓ અને પુરુષો હાજર રહ્યાં હતાં. અભ્યાસ ટુકડીએ સૌ પ્રથમ નગરપાલિકાની મુલાકાત લીધી હતી અને ઝૂંપડપટ્ટી વિસ્તારો વિશે પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરી હતી. આ માહિતી પ્રાપ્ત થયા બાદ ૧૦ નગરોમાંથી ૫૫ ઝૂંપડપટ્ટી વિસ્તારોનો અભ્યાસ કરવામાં આવ્યો. તે પછી જૂથ ચર્ચાઓ યોજવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં નગરપાલિકાના ચીફ ઓફિસરની મુલાકાત લેવામાં આવી હતી અને પ્રશ્નાવલિમાં ઉત્તરો ભરવામાં આવ્યા હતા. તે ઉપરાંત, પાલિકાના અન્ય સ્ટાફ સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી અને વિવિધ સ્થળોની મુલાકાત લેવામાં પણ આવી હતી.

### નગરપાલિકાઓમાં અમલ

કેવી રીતે યોજનાનો અમલ કરવા માટે નગરની પસંદગી કરવામાં આવી તેની વિગતો ચીફ ઓફિસરો પાસેથી પ્રાપ્ત થઈ હતી. તેમાં સામાજિક ન્યાય, સ્ત્રી-પુરુષ સમાનતા અને માનવીય અભિગમ કેવી રીતે અપનાવવામાં આવ્યો હતો તે જાણવામાં આવ્યું હતું.

આ યોજના હેઠળ ૧૦ નગરોમાં ૮,૦૧૨ ઘરોનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમનું બાંધકામ જુદા જુદા તબક્કે છે. તે ઉપરાંત, લગભગ ૩૦૦ ઘરો ગ્રામવાસીઓના છે કે જેઓ જે તે નગરપાલિકાનો ભાગ બનવાના છે. આ રીતે આ કાર્યક્રમ હેઠળ કુલ ૮૩૧૨ એકમો બંધાઈ રહ્યા છે. આ રીતે જુઓ તો દર ૧૦૦ પરિવારે ૪૨ ઘરોનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે, ગોંડલમાં ૧,૭૦૦ ઘર બાંધવાનું આયોજન છે પરંતુ માત્ર ૭૭૫ ઘરો બાંધવાનું વિચારાયું છે. એમ જણાય છે કે ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહેનારા અને બીપીએલ પરિવારોમાંથી ઘણાબધાનો સમાવેશ લાભાર્થીઓની યાદીમાં કરવામાં આવ્યો નથી. હિંમતનગર અને ગોંડલમાં ઝૂંપડપટ્ટી વિસ્તારો સિવાયના પરિવારોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હિંમતનગરમાં ૩૦૦

## સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ શું છે?

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ઝૂંપડાંવાસીઓનો સર્વાંગી વિકાસ કરવાનો છે અને તેમને પૂરતા પ્રમાણમાં આવાસ તથા પાયાની માળખાગત સવલતો પૂરી પાડીને શહેરી પર્યાવરણ વધારે તંદુરસ્ત બનાવવાનો છે. ખાસ કરીને નગરપાલિકામાં ઝૂંપડાંવાસીઓ અને ઝૂંપડપટ્ટીઓ નક્કી કરવામાં આવે છે. તેમાં આવાસ, ભૌતિક માળખાગત સવલતો અને સામાજિક માળખાગત સવલતો પૂરી પાડવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સુધારો અથવા ઝૂંપડાંવાસીઓને અન્ય સ્થળોએ આવાસ પૂરાં પાડવાંનો અને તે માટે નવાં ઘરો બાંધવાનો સમાવેશ પણ તેમાં કરવામાં આવે છે.

કેન્દ્ર સરકાર આ યોજનામાં ૮૦ ટકા નાણાં પૂરાં પાડે છે. બાકીનાં ૨૦ ટકા નાણાં રાજ્ય સરકાર, નગરપાલિકા કે અન્ય કોઈ અર્ધ-સરકારી સંસ્થા પૂરાં પાડે છે. ઓછામાં ઓછા ૨૫ ચો.મી.ના બાંધકામવાળું ઘર પૂરું પાડવાનું હોય છે. તેમાં ૨ ખંડ અને એક રસોડું તથા જાજરૂનો સમાવેશ થાય છે. એક ઘરદીઠ રૂ.૮૦,૦૦૦ના ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

ઘરો ગ્રામ પંચાયતના પરિવારો માટે અનામત રાખવામાં આવ્યાં છે. તેને પરિણામે ૧,૫૯૬માંથી ૧,૨૯૬ ઘરો જ શહેરી ગરીબોને પ્રાપ્ય બનશે. દરેક ઝૂંપડપટ્ટી વિસ્તાર માટે ૧૦૦ ઘરો બાંધવાનું આયોજન ઘણા બધા કિસ્સામાં ગેરમાર્ગે દોરનારું દેખાય છે કારણ કે ઝૂંપડાંવાસીઓ ન હોય તેવા લોકોનો સમાવેશ પણ લાભાર્થીઓમાં કરવામાં આવ્યો છે. એકંદરે જોતાં એમ લાગે છે કે જે મુજબનું આયોજન થયું છે તેને જો ધ્યાનમાં લેવામાં આવે તો માત્ર ૬૦ ટકા ઝૂંપડાંવાસીઓને જ આ કાર્યક્રમ હેઠળ આવરી લઈ શકાય એમ છે. જો કોઈ પણ શહેરી ગરીબ માટે આ યોજના પ્રાપ્ય છે એમ સ્વીકારીએ તો જે આયોજન કરવામાં આવ્યું છે તે શહેરી ગરીબોની સંખ્યા જોતાં અપૂરતું જણાય છે. તેથી શહેરી ગરીબોની આવાસની વાસ્તવિક જરૂરિયાતો પરિપૂર્ણ નહીં થાય.

### ઘરનો પ્રકાર

૬ નગરોમાં નવાં સ્થળોએ આ કાર્યક્રમ હેઠળ ઘર બાંધવાનું નક્કી કરવામાં આવ્યું છે. અન્ય નગરોમાં કાં તો હાલના સ્થળે અથવા હાલના સ્થળે અને નવા સ્થળે એમ ઘર બાંધવાનું વિચારવામાં આવ્યું છે. સામાન્ય રીતે એવું જણાય છે કે પાલિકાઓ ઝૂંપડપટ્ટીને અન્ય સ્થળે ખસેડવા વધારે ઉત્સુક હોય છે કારણ કે જમીનના ભાવ ઘણા ઊંચા જઈ રહ્યા છે. લગભગ તમામ નગરોમાં એક માળનું મકાન બાંધવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૩ નગરોમાં ૨ કરતાં વધારે માળનાં મકાનો બાંધવાનું નક્કી કરવામાં આવ્યું છે. જમીનની પ્રાપ્યતાને આધારે આ નિર્ણય લેવાયો હોય એમ લાગે છે. મોટા ભાગની નગરપાલિકાઓએ એપાર્ટમેન્ટ્સનું સંચાલન અને નિભાવ કેવી રીતે થશે તેને વિશે કંઈ વિચાર્યું હોતું લાગતું નથી. નગરપાલિકા દ્વારા પાયાની નાગરિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે પરંતુ સંચાલન કેવી રીતે કરશે તેના ઉપર ધ્યાન આપવામાં આવ્યું નથી.

### અમલની સ્થિતિ

૧૦ નગરોને  આ કાર્યક્રમના અમલ માટે ફાળવવામાં આવેલી રકમમાંથી માત્ર ૩૨ ટકા રકમ પ્રાપ્ત થઈ છે. જે ચાર નગરોમાંથી રકમના ઉપયોગ વિશે માહિતી પ્રાપ્ત થઈ શકી છે ત્યાં જુદી જુદી પરિસ્થિતિ પ્રવર્તે છે. ઊંઝામાં ૧૦૦ ટકા, અમરેલીમાં ૩૫ ટકા, હાલોલમાં ૫૭ ટકા અને પ્રાંતિજમાં ૬ ટકા જેટલી રકમનો ઉપયોગ થયો છે. આ તફાવત એમ દર્શાવે છે કે જુદાં જુદાં નગરોમાં અમલની પરિસ્થિતિ જુદી જુદી છે. હિંમતનગર અને ખંભાતમાં પ્રોજેક્ટ વર્કની શરૂઆત જ હજી સુધી થઈ નથી. ૧૦માંથી ૫ નગરોમાં લાભાર્થીઓ પાસેથી અરજી મંગાવવાનું જ બાકી છે. જ્યારે માત્ર ૩

### લાભાર્થીનો ફાળો

આ કાર્યક્રમની માર્ગરેખાઓમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે ઘર મફત પૂરું પાડવાનું નથી. પરંતુ આ ઘર ઝૂંપડાંવાસીઓને પોસાય તેવા ખર્ચમાં તૈયાર થવું જોઈએ. રૂ. ૮૦,૦૦૦ની મહત્તમ ખર્ચની મર્યાદા નક્કી કરવામાં આવી હોવાં છતાં ખર્ચ વધી ગયું છે. તે રૂ. ૯૭,૦૦૦થી રૂ. ૧,૪૪,૦૦૦ જેટલું જોવા મળે છે. વધારાનું ખર્ચ પાલિકાએ અથવા લાભાર્થીએ ભોગવવાનું રહે છે. પાલિકા પાસે પૈસા નથી તેથી તે લાભાર્થીએ જ ભોગવવું પડે છે. યોજના અનુસાર રૂ. ૮,૦૦૦ લાભાર્થીએ ભોગવવાના હતા. પરંતુ આ ફાળાની રકમ રૂ. ૧૨,૦૦૦થી રૂ. ૪૧,૦૦૦ સુધીની થઈ છે. આ દૃષ્ટિએ લાભાર્થીનો ફાળો ૧૦ ટકાથી વધીને ૧૪થી ૩૬ ટકા જેટલો થઈ ગયો છે. ચાર નગરોમાં હજુ પણ લાભાર્થી પાસેથી કેટલો ફાળો લેવો તે નક્કી થયું નથી.

દરેક નગરમાં ઘરના ખર્ચ અને લાભાર્થીના ફાળામાં તફાવત જોવા મળે છે. પાલિકાએ કેટલું ખર્ચ લાભાર્થીને પોસાશે તેને ધ્યાનમાં લઈને પ્રોજેક્ટની દરખાસ્ત નક્કી કરી નથી. પાલિકાએ ગરીબીની રેખા નીચે (બીપીએલ) નીચે જીવનારાની યાદી તૈયાર કરી. જો તેમાંથી કોઈ ફાળો આપવા માટે તૈયાર ન હોય તો જે ફાળો આપવા તૈયાર હોય તેને ઘર આપી દેવાની નીતિ પાલિકાએ અપનાવી હોય તેવું પણ જોવા મળે છે.

**કાર્યક્રમ હેઠળ ઘર બાંધકામ અંગે ખર્ચ, ફાળવણી તથા લાભાર્થીનો ફાળો**

| નં. | નગર | સંખ્યા | બાંધકામ ખર્ચ (રૂપિયા) | લાભાર્થીનો ફાળો (રૂપિયા) | કુલ ખર્ચનો અંદાજ (રૂપિયા લાખમાં) | ફાળવણી (ટકા) | ઉપયોગ (ટકા) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૭૪૨ | ૧,૧૮,૦૦૦ | ૩૦,૦૦૦ | ૬૫૩ | ૩૨.૯૩ | ૩૪.૮૮ |
| ૨. | બોરિયાવી | ૬૪૧ | ૧,૩૫,૦૦૦ | બાકી | ૮૩૩ | ૧૪.૮૬ | અપ્રાપ્ય |
| ૩. | ગોંડલ | ૧૭૦૦ | ૧,૪૪,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૦૨૯ | ૯૪.૦૫ | અપ્રાપ્ય |
| ૪. | હાલોલ | ૪૪૬ | ૧,૩૯,૮૬૨ | ૧૨,૦૦૦ | ૬૩૦ | ૪૩.૪૯ | ૫૭.૩૦ |
| ૫. | હિંમતનગર | ૧૨૯૬ | ૧,૦૨,૬૩૫ | બાકી | ૧૫૨૦ | ૧૭.૩૬ | અપ્રાપ્ય |
| ૬. | જેતપુર | ૧૧૩૦ | ૧,૪૨,૦૦૦ | ૩૦,૦૦૦ | ૨૩૮૪ | ૨૧.૦૬ | અપ્રાપ્ય |
| ૭. | ખંભાત | ૬૧૮ | ૧,૩૭,૯૦૦ | બાકી | ૮૪૪ | ૨૭.૮૫ | અપ્રાપ્ય |
| ૮. | પ્રાંતિજ | ૪૪૯ | ૯૭,૦૦૦ | ૨૫,૦૦૦ | ૫૫૮ | ૧૭.૨૦ | ૬.૨૫ |
| ૯. | ઊંઝા | ૬૨૪ | ૧,૧૩,૫૦૦ | ૪૦,૧૦૯ | ૯૪૦ | ૩૩.૧૯ | ૧૦૦ |
| ૧૦. | ઉપલેટા | ૩૯૬ | ૧,૧૧,૧૮૬ | બાકી | ૫૦૩ | ૩૪.૫૨ | અપ્રાપ્ય |
| | **કુલ/સરેરાશ** | **૮૦૧૨** | | | **૯૮૯૪** | **૩૧.૯૭** | |

નગરોમાં લાભાર્થીઓની પસંદગી કરવાનું કામ ચાલી રહ્યું છે. હિંમતનગર અને ખંભાતમાં જમીનની પંસદગી થઈ ગઈ છે. જો કે, ત્યાં પણ જમીન સંપાદન કરવાનું હજી બાકી છે. ઊંઝામાં બહુમાળી મકાન બાંધવાનું કામ લગભગ પૂરું થઈ ગયું છે. જ્યારે હિંમતનગર અને ખંભાતમાં તે શરૂ જ થયું નથી.

લાયક પરિવારો અરજી કરે અને અરજીઓની ચકાસણી થાય તે કાર્ય ખૂબ જ ધીમું ચાલી રહ્યું છે. માત્ર હિંમતનગર અને ઊંઝામાં અરજીઓ પ્રાપ્ત કરવાનું, તેમને એકત્ર કરવાનું તેમની પસંદગી કરવાનું કામ ચાલે છે. ૧,૨૯૬ ઘરોની સામે કુલ ૩,૦૩૨ અરજીઓ પ્રાપ્ત થઈ છે. ઊંઝામાં ૬૦૦ પરિવારોની અરજીઓમાંથી ૪૫૦ પરિવારોની પસંદગી કરવામાં આવી છે. તેમાંથી ૪૦૦ પરિવારોએ તેમના ફાળાની રકમનો પ્રથમ રૂ.૧૦,૦૦૦નો હપતો ચૂકવી દીધો છે. પ્રાંતિજમાં નંદનવન યોજના હેઠળ વિશેષ ભંડોળ પ્રાપ્ત થવાથી તળાવને સુંદર બનાવવાની પરિયોજના શરૂ કરવામાં આવી છે. નગરપાલિકાઓના ચીફ ઓફિસરો અને પ્રમુખોએ એમ જણાવ્યું હતું કે નગરોની અંદર પૂરતા પ્રમાણમાં જમીન પ્રાપ્ય છે પરંતુ ઝૂંપડાંવાસીઓને ખસેડવા માટે જે જમીનો પસંદ કરવામાં આવી છે તે નગરોની બહાર જ છે. મોટા ભાગના ઝૂંપડાંવાસી પરિવારો રોજમદારો છે અને તેઓ તેમના ઘેરથી કામ કરવાના સ્થળે મોટે ભાગે પાંચ મિનિટના સમયમાં પહોંચતા હોય છે. તેથી દૂરના નવા સ્થળે ઝૂંપડાંવાસીઓ જવા માટે તૈયાર થશે કે કેમ એ એક અગત્યનો પ્રશ્ન છે કે જેના ઉપર નગરપાલિકાઓએ પૂરતું ધ્યાન આપ્યું નથી.

## સમુદાયની સહભાગિતા

તમામ નગરોના ચીફ ઓફિસરોએ એમ જણાવ્યું હતું કે ઝૂંપડાંવાસીઓ સાથે કોઈક રીતે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. પરંતુ તેમની સાથે ચર્ચા કરતાં એમ જાણવા મળ્યું હતું કે મોટે ભાગે તે માહિતી આપવા પૂરતો મર્યાદિત રહ્યો હતો. તેમાં યોજના વિશે ચર્ચા કરવામાં આવી નહોતી કે પછી વિકલ્પો વિશે વિચારવામાં આવ્યું પણ નહોતું. નાગરિક સમાજનાં સંગઠનો કે સમુદાય-આધારિત સંગઠનો ભાગ્યે જ ઝૂંપડપટ્ટી વિસ્તારોના પ્રશ્નો ઉઠાવે છે. અત્યાર સુધી કોઈ પણ ચર્ચામાં આવાં કોઈ સંગઠનોને સામેલ કરવામાં આવ્યાં નથી.

પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી અને કેટલાક કિસ્સામાં આ કાર્યક્રમ હેઠળ જે ઝૂંપડપટ્ટી વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે તેમની મુલાકાત નગરસેવકોએ લીધી હતી. આ રીતે જોઈએ તો સંભવિત લાભાર્થીઓને સમગ્ર કાર્યક્રમમાં ભાગીદાર કરવા માટે કોઈ ગંભીર પ્રયાસ કરવામાં આવ્યો નથી. ૧૦માંથી ૫ નગરોમાં એમ જાણવા મળ્યું હતું કે તેમણે સ્થાનિક અખબારોમાં આ કાર્યક્રમ અંગે જાહેરખબર આપી હતી. ઊંઝામાં ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ચોપાનિયાં વહેંચવામાં આવ્યાં હતાં અને રિક્ષાઓ તથા બસો ઉપર નોટિસો પણ ચોંટાડવામાં આવી હતી. ચાર નગરોમાં આ કાર્યક્રમને પ્રસિદ્ધિ આપવા માટે હજી સુધી કશું કરવામાં આવ્યું નથી. પરિણામે, કાર્યક્રમની માર્ગરેખા અનુસાર કોઈ સહભાગી પ્રક્રિયા હાથ ધરી શકાઈ નથી. ચીફ ઓફિસરોએ એવો મત વ્યક્ત કર્યો હતો કે લાભાર્થીઓ કદાચ તેમનો ફાળો આપી શકે તેમ નથી.

## કાર્યક્રમના અમલની સ્થાનિક સ્તરે સ્થિતિ

અભ્યાસમાં આવરી લેવાયેલાં ૧૦ નગરોમાંથી જે ૫૫ ઝૂંપડપટ્ટી વિસ્તારોનો સર્વે કરવામાં આવ્યો તેમાંથી શહેરી સ્થાનિક સંસ્થાઓએ ૨૫ ઝૂંપડપટ્ટી વિસ્તારોને આ કાર્યક્રમ હેઠળ આવરી લીધા હતા. ૧૭ વિસ્તારોનો સમાવેશ આ કાર્યક્રમમાં કરવામાં આવ્યો નહોતો. જ્યારે બાકીના ૧૩ વિસ્તારો વિશે હજુ નિર્ણય કરવાનો બાકી હતો. ૨૫ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી ૫ વિસ્તારોમાં આધુનિકીકરણ માટે આયોજન કરવામાં આવ્યું હતું. જે ૨૫ ઝૂંપડપટ્ટી વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા તેમાં ૨૬૬૮ ઘરો હતાં. તેમાંથી ૧૬૮૦ પરિવારો ગરીબીની રેખા નીચે જીવતા હતા.

જો કે, માત્ર ૧૩ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં આ કાર્યક્રમ વિશે થોડીક જાણકારી પ્રવર્તતી હતી. કેટલાક પરિવારોએ આ કાર્યક્રમ હેઠળ લાભ મેળવવા માટે અરજી કરી હતી. શા માટે થોડાક પરિવારોને જ આ કાર્યક્રમની જાણકારી હતી એ સ્પષ્ટ થતું નહોતું. મોટા ભાગના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં આ કાર્યક્રમ વિશે કશી જાણકારી પ્રવર્તતી નહોતી. જે વિસ્તારોમાં આધુનિકીકરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું તેમાંથી પણ બે વિસ્તારોમાં લોકોને આ યોજના વિશે કશી જ માહિતી નહોતી. આધુનિકીકરણની યોજના વિશે પણ તેઓ કોઈ મુદ્દો જાણતા નહોતા. તેમને તેનાથી શો લાભ થશે તેની માહિતી પણ તેમની પાસે નહોતી. જૂથ ચર્ચા દરમ્યાન કેટલાક લોકોએ એમ કહ્યું હતું કે આવાસ અંગેની કોઈક યોજનાની તેમને માહિતી છે. ૧૧ જેટલી ઝૂંપડપટ્ટીમાંથી કેટલાક લોકોએ તેમની અરજીઓ આપી છે.

તમામ ૧૦ નગરોમાં આ યોજના હેઠળના લાભાર્થીઓ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી અને અન્ય વિસ્તારોમાંથી નક્કી કરવામાં આવ્યા છે. જે નગરોમાં અમુક ઝૂંપડપટ્ટી વિસ્તારો નક્કી કરાયા છે તે સિવાયના અન્ય લાયક પરિવારોની પસંદગી પણ થઈ શકે છે. પરંતુ આ બાબતે સહેજ પણ જાગૃતિ પ્રવર્તતી નથી. ૧૧૨ જેટલી જૂથ ચર્ચાઓ યોજવામાં આવી હતી અને તેમાં ૨૧૭૦ સહભાગીઓએ ભાગ લીધો હતો. તેમના તરફથી આ માહિતી પ્રાપ્ત થઈ છે. કેટલાક સહભાગીઓએ આ જૂથ ચર્ચા દરમ્યાન એમ પણ જણાવ્યું હતું કે નગરપાલિકા દ્વારા કોઈક સર્વે કરવામાં આવી રહ્યો છે પરંતુ તેમને એ ખબર નહોતી કે આ સર્વે શા માટે કરાઈ રહ્યો છે.

કેટલાકે એમ પણ કહ્યું કે ખરા શહેરી ગરીબોને આ કાર્યક્રમ હેઠળનું ઘર પોસાઈ શકે તેમ નથી. જો ધિરાણની વ્યવસ્થા કરવામાં ન આવે તો ઝૂંપડાંવાસીઓ માટે આ યોજનાનો લાભ લેવાનું અશક્ય જણાય છે. આમ છતાં, અત્યાર સુધીના અમલની સમીક્ષા કરવાનું કે નાણાકીય વ્યવસ્થા કરવાનું તાકીદનું જણાતું નથી. લગભગ તમામ નગરોમાં થોડાક અધિકારીઓના હાથમાં આ યોજનાનો અમલ રહેલો છે. શહેરી ગરીબો પ્રત્યે માનવીય અભિગમ અપનાવવામાં આવે એમ માર્ગરેખાઓમાં જણાવવામાં આવ્યું હોવા છતાં તેમની સહભાગિતા વધારવા અને તેમના પ્રત્યે સંવેદનશીલતા ઊભી કરવા કોઈ વ્યવસ્થા ઊભી કરાઈ નથી. વિચાર-વિમર્શ કે સહભાગિતાની પ્રક્રિયા એ માત્ર માહિતી આપવા પૂરતી મર્યાદિત બની ગઈ છે. એટલે કે નાગરિકો લાભાર્થીઓ બની ગયા છે. ઘરનો પ્રકાર, નવું સ્થળ, ખર્ચ વગેરે તમામ પ્રકારની બાબતો અંગેના નિર્ણયો સહભાગી અભિગમથી લેવામાં આવતા નથી.

૧૦ નગરોની ૯૬ ઝૂંપડપટ્ટીઓમાંથી ૫૫ની મુલાકાત અભ્યાસ ટુકડીએ લીધી હતી. નગરપાલિકાની સફાઈની સેવાઓ માત્ર ૩ વિસ્તારોમાં ઉપલબ્ધ છે. એમ જણાવવામાં આવ્યું હતું. લોકો અને પાલિકાના સત્તાવાળાઓ વચ્ચે વિશ્વાસ અને સંપર્કનો અભાવ જોવા મળે છે. ભાગ્યે જ કોઈ અધિકારી ઝૂંપડપટ્ટીની મુલાકાત લે છે. જ્યારે પણ તેઓ મુલાકાત લે છે ત્યારે કોઈક સર્વે કરવા માટે જ તેઓ આવતા હોય છે. પરંતુ તેની ખબર એ વિસ્તારના લોકોને ભાગ્યે જ હોય છે. જ્યારે પણ ઝૂંપડાંવાસીઓ તેમના પ્રશ્નોની રજૂઆત કરવા જાય છે ત્યારે તેમણે પછીથી પોતાનું ઘર ખાલી કરવાનો વારો આવે છે અથવા તો તેનો ભય તેમને સતત સતાવતો હોય છે.

### ઉપસંહાર

સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમનો ઈરાદો સારો હોવા છતાં તે કમનસીબે ઝૂંપડપટ્ટી ખાલી કરવાનો પ્રોજેક્ટ બની જાય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. પરંતુ આ સમગ્ર કાર્યક્રમ ઝૂંપડપટ્ટીના આધુનિકીકરણનો અને ઝૂંપડાંવાસીઓને આધુનિક નાગરિક સેવાઓ વધારે સારી રીતે પૂરી પાડવાનો છે. તેમાં નાગરિકોની સહભાગિતા ઊભી થાય તે પ્રકારની જે જોગવાઈઓ માર્ગરેખામાં કરવામાં આવી છે તેમનો અમલ થાય એ વધારે ઈચ્છનીય છે. યોગ્ય અને પોસાય તેવું ઘર શહેરી ગરીબોને પ્રાપ્ત થાય તે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. તેથી એ દિશામાં જ તમામ પ્રયાસો થવા જોઈએ. સમગ્ર શહેરી આયોજનમાં ભૌતિક અને નાણાકીય રીતે જ્યારે શહેરી ગરીબોના નિવાસ, વ્યવસાયના સ્થળ કે તેમની પાયાની સેવાઓનો સમાવેશ કરવામાં આવતો નથી ત્યારે આ યોજના યોગ્ય માર્ગદર્શન આપે છે.

# સાંપ્રત પ્રવાહ

## વિકાસ પારિતોષિકો એનાયત થયાં

"વિકાસ ક્ષેત્રો જોડાયેલાં સામાજિક કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ વર્તમાન મંદીના સમયમાં સાદગી, જોડાણો અને ભાગીદારીથી કામ કરવાનું વલણ અખત્યાર કરવું પડશે તેમ જ આપણી મૂળ બાબતો અને મૂલ્યો તરફ પાછા ફરવું પડશે" એમ 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ - ભારત' અને 'ડેવલપમેન્ટ ક્રેડિટ બેન્ક'ના ચેરપર્સન શ્રી નાસર મનજીએ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા ગ્રામીણ નાગરિકોને એક કાર્યક્રમમાં સંબોધતાં આમ જણાવ્યું હતું. કુદરતી સંસાધનોનાં જતન ક્ષેત્રે ઉમદા પ્રદાન કરનારી સંસ્થા - સંગઠનને ગ્રામ વિકાસ પારિતોષિકો તથા વ્યક્તિને ફેલોશિપ એનાયત કરવાના આ કાર્યક્રમનું આયોજન 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર' (ડીએસસી) દ્વારા થયું હતું.

ભૂતપૂર્વ સનદી અધિકારી અને ગ્રામ વિકાસ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારા શ્રી અનિલભાઈ શાહની સ્મૃતિમાં આ પારિતોષિકો દર વર્ષે એક સંસ્થા અને સ્થાનિક સ્તરના સંગઠનને એનાયત થાય છે. વર્ષ ૨૦૦૮નાં પારિતોષિકો પૈકી 'શ્રી મ. ગ. પટેલ સર્વોદય કેન્દર - અમીરગઢ'ને સંસ્થા તરીકે, ગ્રામ સંગઠનનું પ્રથમ પારિતોષિક સુરેન્દ્રનગર જિલ્લાના ચોટિલા તાલુકાના મોકાસર ગામના સંગઠનને તેમ જ મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના કુબડા ગામને દ્વિતીય પારિતોષિક એનાયત કરવામાં આવ્યાં. વર્ષ ૨૦૦૮ની ગ્રામ વિકાસ ફેલોશિપ વિકાસલક્ષી પત્રકાર અને 'ચરખા'ના સંયોજક સંજય દવેને એનાયત થઈ.

'ડીએસસી' દ્વારા યોજાયેલા આ સાતમા ગ્રામ વિકાસ પારિતોષિક વિતરણ સમારંભમાં સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, સરકારી અધિકારીઓ, ગ્રામ સંગઠનના પ્રતિનિધિઓ અને માધ્યમ કર્મીઓ સહિત ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. સમારંભ દરમ્યાન પારિતોષિક પસંદગી સમિતિના અધ્યક્ષ શ્રી સુદર્શનભાઈ આયંગારે જણાવ્યું હતું કે, "સંસાધનોના વ્યવસ્થાપન બાબતે ગ્રામીણ લોકોની આગવી કોઠાસૂઝને કારણે ગુજરાતમાં કુદરતી સંસાધનોનાં જતન અંગે નમૂનારૂપ કામગીરી થઈ છે."

સમારંભ દરમ્યાન, અનિલ શાહ અધ્યયન ગ્રંથઃ 'પહેલ અને પુરુષાર્થ'નું લોકાર્પણ જાણીતા સાહિત્યકાર શ્રી ભોળાભાઈ પટેલના વરદ હસ્તે થયું હતું. ભોળાભાઈએ પુસ્તક વિશે પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, "પુસ્તકને સ્પર્શ કરતા જાણે અનિલભાઈનો સ્પર્શ અનુભવાય છે. અનિલભાઈ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા અને મનુભાઈ પંચોળી 'દર્શક' જેવા સમર્થ સાહિત્યકાર પણ તેમને મિત્ર તરીકે નવાજતા હતા."

સમારંભ દરમ્યાન પારિતોષિકોના વિજેતાઓએ સન્માન બાબતે પોતાની લાગણી વ્યક્ત કરી હતી અને પોતાની વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો ટૂંકો ચિતાર આપ્યો હતો. સમારંભ દરમ્યાન 'પહેલ અને પુરુષાર્થ' પુસ્તકના સંપાદક અને જાણીતા સાહિત્યકાર શ્રી મનસુખભાઈ સલ્લા, અનિલભાઈ સુપુત્રીશ્રી પલ્લવીબહેન તેમ જ 'ડીએસસી'ના નિયામકશ્રી સચિનભાઈ ઓઝાએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં.

## 'ખબર લહેરિયા'ને યુનેસ્કો સાક્ષરતા પારિતોષિક

યુનેસ્કોનું કિંગ સેજોંગ સાક્ષરતા પારિતોષિક - ૨૦૦૯ ઉત્તર પ્રદેશના બિન-સરકારી સંગઠન 'નિરંતર'ના પ્રોજેક્ટ 'ખબર લહેરિયા'ને ફાળે ગયું છે. આ પારિતોષિકને રિપબ્લિક ઓફ કોરિયા દ્વારા ટેકો મળેલો છે. આ જ પારિતોષિક આફ્રિકાના દેશ બુર્કિના ફાસોના એક અવૈધિક શિક્ષણ કાર્યક્રમને આપવામાં આવ્યું છે. તેનું નામ છે તીન તુઆ. ઉત્તર પ્રદેશમાં ચાલતા 'ખબર લહેરિયા' પ્રોજેક્ટ હેઠળ એક ગ્રામીણ પાક્ષિક અખબાર ચલાવવામાં આવે છે. આ અખબાર સમગ્રતયા મહિલાઓ દ્વારા સંપાદિત અને પ્રકાશિત કરવામાં આવે છે અને તેનું વિતરણ પણ તેમના દ્વારા જ કરવામાં આવે છે. લગભગ ૨૦,૦૦૦ નવસાક્ષર વાચકોમાં તેનું વિતરણ થાય છે. નવી સાક્ષર થયેલી મહિલાઓને તાલીમ આપવાનું કામ આ અખબાર દ્વારા કરવામાં આવે છે તેમને માહિતી પ્રાપ્ત થાય અને એ રીતે તેઓ માહિતીપ્રદ પસંદગી કરવાનો લોકતાંત્રિક અધિકાર પ્રાપ્ત કરે એ તેની પાછળનો ઉદ્દેશ છે. મોટે ભાગે આ અખબાર સમાજની નિમ્ન ગણાતી જ્ઞાતિઓની મહિલાઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

## સમુદાય-સંચાલિત આપત્તિ જોખમ ઘટાડો અને આબોહવામાં પરિવર્તન વિશે વૈશ્વિક પરિષદ

આફ્રિકાના માલાવી દેશમાં લિલોંગવે ખાતે તા. ૮થી ૧૨ જૂન ૨૦૦૯ દરમ્યાન સમુદાય સંચાલિત આપત્તિ જોખમ ઘટાડો અને આબોહવામાં પરિવર્તન વિશે પ્રથમ વૈશ્વિક પરિષદનું આયોજન

## શ્રી દીપ જોષીને રેમોન મેગ્સેસે પારિતોષિક



ભારતના અગ્રણી કર્મશીલ શ્રી દીપ જોષીને એશિયાનું નોબેલ ઈનામ ગણાતું ૨૦૦૯નું પ્રતિષ્ઠિત રેમોન મેગ્સેસે પારિતોષિક આપવાની જાહેરાત તા.૩-૮-૦૯ના રોજ કરવામાં આવી છે. આ વર્ષે શ્રી દીપ જોષી એકમાત્ર એવા ભારતીય છે કે જેમને રેમોન મેગ્સેસે પારિતોષિક આપવામાં આવ્યું છે. તેમને ગ્રામીણ સમુદાયોના વિકાસ માટે પાયાનું કામ કરવા માટે આ પારિતોષિક આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

રેમોન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ દ્વારા ફિલિપાઈન્સના પાટનગર મનિલા ખાતે જારી કરાયેલા એક અખબારી નિવેદનમાં એમ જણાવવામાં આવ્યું હતું કે ભારતમાં બિન-સરકારી સંગઠનોના આંદોલનમાં વ્યાવસાયિકતા લાવવામાં તેમનાં દૃષ્ટિ અને નેતૃત્વે મહત્ત્વની ભૂમિકા ભજવી છે અને ગ્રામીણ સમુદાયોના વિકાસમાં બુદ્ધિ અને હૃદયનું અસરકારક સંયોજન કરાવવામાં તેઓ સફળ રહ્યા છે.

૧૯૪૭માં જન્મેલા ઉત્તરાખંડના પિથોરાગઢના શ્રી દીપ જોષીએ અમેરિકામાંથી એમબીએ અને એમઈની પદવીઓ પ્રાપ્ત કરી હતી. ૧૯૮૩માં તેમણે તેમના કેટલાક સાથીઓ સાથે પ્રોફેશનલ આસિસ્ટન્સ ફોર ડેવલપમેન્ટ એક્શન (પ્રદાન)ની સ્થાપના કરી હતી. આ સંસ્થા દેશભરમાંથી યુનિવર્સિટીના પ્રાંગણમાંથી યુવાનોની ભરતી કરે છે અને તેમને એક વર્ષની તાલીમ સ્થાનિક સ્તરના કાર્ય માટે પૂરી પાડે છે. શ્રી જોષી જણાવે છે કે, "નાગરિક સમાજને બુદ્ધિ અને હૃદય બંનેની જરૂર છે જો તમારું હૃદય રડતું હોય તો તેનાથી કંઈ કામ થતું નથી. જો તમારી પાસે માત્ર બુદ્ધિ જ હોય તો પણ તમે મનુષ્યના હૃદયના સ્પર્શે તેવા ઉકેલો આપી શકતા નથી."

પ્રદાન વિકાસલક્ષી વ્યવસાયીઓને તાલીમ આપવાનું કામ કરે છે અને ગ્રામીણ ગરીબી દૂર કરવાનું કામ પણ કરે છે. ભારતનાં સૌથી ગરીબ રાજ્યોમાં લગભગ ૩૦૦૦ ગામોમાં આશરે ૧.૭૦ લાખ પરિવારોની ગરીબી ઘટાડવામાં આ સંસ્થાએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. લગભગ ૧૦૦૦ સ્નાતકો તેમની તાલીમમાં જોડાયા છે.

કોર્ડએઈડ દાતા સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં 'ઉન્નતિ'માંથી બે કાર્યકરો સહભાગી થયા હતા. આ પરિષદમાં જુદા જુદા દેશોના અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને આબોહવામાં પરિવર્તનને લીધે ઊભી આપત્તિઓની અસરો સમુદાયની સહભાગિતાથી કેવી રીતે દૂર થઈ શકે તેના ઉપર આ પરિષદમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ૨૦૧૫ સુધીમાં સિદ્ધ થઈ શકે તેવો વિકાસલક્ષી એજન્ડા પણ આ પરિષદમાં તૈયાર કરવામાં આવ્યો હતો. આ પરિષદને અંતે જે ઘોષણા સ્વીકારવામાં આવી છે તેનો સારાંશ નીચે મુજબ છે:

અહીં નીચેની બાબતો ધ્યાનમાં લેવામાં આવી છે.

૧. આબોહવામાં પરિવર્તનની અસરો અને આપત્તિનું જોખમ આપણા સમયનાં માનવ સલામતી, પર્યાવરણીય અને વિકાસલક્ષી એવા સૌથી તાકીદના પડકારો છે અને તે ગરીબી, અન્નની અસલામતી, ફરજિયાત થતું સ્થળાંતર, એઈડ્સનો ફેલાવો અને સંઘર્ષોને વકરાવે છે.
૨. આબોહવામાં પરિવર્તનનાં મુખ્ય કારણો વિકાસની બિન-ટકાઉ તરાહ, સત્તાનાં દમનકારી માળખાં અને વપરાશવાદી જીવનશૈલીનો સમાવેશ થાય છે.
૩. આબોહવામાં પરિવર્તનના પ્રશ્ન વિશે દુનિયાભરમાં અજ્ઞાન પ્રવર્તે છે તથા તેની અસરો વિશે પણ જાણકારી નથી. સમુદાય-સંચાલિત આપત્તિ જોખમ ઘટાડાને એક વ્યૂહરચના તરીકે સ્વીકારવામાં આવતી નથી.
૪. વાસ્તવમાં, પરિવર્તનના વાહકો તરીકે, દેશજ વ્યવહારો તથા જ્ઞાન અને કૌશલ્યના ધારકો તરીકે સમુદાયો અત્યંત મહત્ત્વના છે. તેઓ તેમના પોતાના વિકાસ અને આપત્તિના સમયે પ્રતિકાર માટે મહત્ત્વનું ચાલક બળ બની શકે છે.
૫. આબોહવામાં પરિવર્તનના ક્ષેત્રે સમુદાય-સંચાલિત આપત્તિ જોખમ ઘટાડો આપત્તિના નિવારણમાં અને માનવસર્જિત જોખમોના ઘટાડામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. આપત્તિના જોખમમાં ઘટાડો એક પ્રવેશ બિંદુ છે કે જેમાં સમુદાયોને પરિવર્તન માટે પ્રેરિત કરવામાં આવે છે.
૬. છેવાડાનાં જૂથોને આપત્તિના જોખમમાં ઘટાડો કરવાની પ્રવૃત્તિમાં સામેલ કરવાનું ખૂબ જ મહત્ત્વનું છે અને તેમાં મહિલાઓની સામેલગીરી અગત્યની છે.
૭. તમામ રાષ્ટ્રો અને દરેક વ્યક્તિ આબોહવામાં પરિવર્તનની અસરોને નાબૂદ કરવામાં નૈતિક ફરજ નિભાવે એ જરૂરી છે.

ઉપરોક્ત બાબતોનો સ્વીકાર કરીને આ ઘોષણામાં નીચેના મહત્ત્વના

## શ્રી પ્રેમ ચઢ્ઢાનું અવસાન



પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા (પ્રિયા)ના સ્થાપક અને ૧૯૯૩થી ૨૦૦૯ દરમ્યાન તેના સંચાલક મંડળના અધ્યક્ષ શ્રી પ્રેમ ચઢ્ઢાનું તા.૪-૩-૨૦૦૯ના રોજ અવસાન થયું છે. ૧૯૩૨માં જન્મેલા શ્રી ચઢ્ઢાને તે જ દિવસે દિલ્લીમાં એસ્કોર્ટ્સ્ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં એન્જિયોગ્રાફી માટે દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ તે થઈ શકે તે અગાઉ જ તેમણે દેહ છોડ્યો હતો.

શ્રી પ્રેમ ચઢ્ઢા એવા કોર્પોરેટ વ્યવસાયીઓમાંના એક હતા કે જેમણે સ્વૈચ્છિક સંગઠનો માટે પોતાની કારકિર્દી જોખમમાં મૂકી હતી. સ્વૈચ્છિક સંગઠનોના સંચાલનને મજબૂત બનાવવા માટે પ્રિયાએ પ્રયત્નો કરવા જોઈએ એવું સૌ પ્રથમ તેમણે જણાવ્યું હતું. આ વિષય વિશે ૧૯૮૫માં 'પ્રિયા' દ્વારા સૌ પ્રથમ કાર્યશાળા હાથ ધરવામાં આવી હતી તેની પાછળ તેઓ જ મુખ્ય બળ હતા.

તેઓ એક શિસ્તબદ્ધ વ્યવસાયી હતા. ગુણવત્તા અને નિષ્ઠાનાં ઉચ્ચતમ ધોરણોના તેઓ આગ્રહી હતા. બિન-નફાજનક સંગઠનોમાં સર્જનાત્મકતા અને સહભાગિતા માટે ઔપચારિક વ્યવસ્થાઓ અનિવાર્ય છે એમ તેઓ માનતા હતા.

તેમનો જન્મ પાકિસ્તાનમાં થયો હતો અને ભાગલા પછી તેઓ ભારતમાં સ્થળાંતર કરીને આવ્યા હતા. લગભગ ૪૦ વર્ષની કારકિર્દી દરમ્યાન તેમણે પશ્ચિમ બંગાળમાં શણના એક કારખાનામાં, દિલ્લીમાં ધ સ્ટેટ્સમેનમાં, ઈન્ડિયન એરલાઈન્સમાં અને એન્જિનિયર્સ ઈન્ડિયા લિ.માં કામ કર્યું હતું. તેમણે ભારતના સ્વૈચ્છિક ક્ષેત્રને વ્યૂહાત્મક સલાહ પૂરી પાડી હતી. તેમણે વિભાવનાલક્ષી સ્પષ્ટતાને પ્રોત્સાહન આપ્યું હતું, નેતૃત્વના વિકાસને પ્રોત્સાહન આપ્યું હતું અને નીતિલક્ષી પસંદગીઓ સમયે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંગઠનાત્મક શ્રેષ્ઠતા અને માનવ કામગીરી વિશે તેમણે ૧૯૯૧માં તેમની નિવૃતિ પછી ત્રણ પુસ્તકો લખ્યાં હતાં. છેલ્લાં ૩૦ વર્ષના ગાળા દરમ્યાન 'પ્રિયા'ને માટે તેઓ પ્રેરણાના સ્રોત સમાન હતા. 'ઉન્નતિ'ની વ્યવસ્થા અને માળખું ઘડવામાં પણ શ્રી પ્રેમ ચઢ્ઢાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

મુદ્દાઓ જણાવવામાં આવ્યા છેઃ

૧. આબોહવામાં પરિવર્તન અને આપત્તિઓ વિકાસની બિન-ટકાઉ તરાહનું પરિણામ છે. તેની અસર સૌથી વધારે ગરીબો ઉપર થાય છે અને તેઓ સૌથી વધારે અસહાય છે તેથી સમુદાય-સંચાલિત આપત્તિ જોખમ ઘટાડાને વ્યૂહરચના તરીકે અપનાવીને આ સમસ્યાનો સામનો કરવા માટે વૈશ્વિક સ્તરે કાર્યલક્ષી યોજના ઘડવી જોઈએ.

૨. આબોહવામાં પરિવર્તન અને જોખમના ઘટાડાને વિકાસલક્ષી પ્રશ્ન ગણવા જોઈએ. તમામ હિતધારકો આબોહવામાં પરિવર્તનને અનુકૂળ બને તથા તેની વિપરીત અસરોનું નિવારણ કરે તે માટે સર્વગ્રાહી પ્રયાસો કરે એ જરૂરી છે. જોખમનો ઘટાડો કરીને સમાજના છેવાડાના વર્ગો સુરક્ષાના અધિકાર પ્રાપ્ત કરે તે માટે પાયાની સેવાઓ તેમને પ્રાપ્ત થાય એ અનિવાર્ય છે.

૩. આપત્તિની આગોતરીની ચેતવણીની વ્યવસ્થામાં સમુદાયોનો અવાજ અને તેમનું જ્ઞાન અને તેમની કુશળતાને સ્વીકારવાની જરૂર છે. તે માટે પદ્ધતિસર દસ્તાવેજીકરણ થાય તથા હિમાયત અને કાર્ય થાય તેવાં પગલાં ભરવાં જોઈએ.

૪. આબોહવામાં પરિવર્તન અંગે લાંબા ગાળાની આગાહી, તેની અસરો અને તેના કારણો વિશે જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવે તથા તેને માટે શિક્ષણ અને તાલીમના કાર્યક્રમોને પ્રોત્સાહન આપવામાં આવે એ આવશ્યક છે કે જેથી સમુદાયો વિવિધ નીતિઓ વિશે સભાન થાય.

૫. જ્ઞાનનું સંચાલન અને તબદીલી, સંશોધન, દસ્તાવેજીકરણ અને ક્ષમતાનિર્માણ માટે માર્ગ મોકળો થાય તે રીતે સંસાધનોનું સંકલન કરવું જોઈએ.

૬. આબોહવામાં થતા પરિવર્તનની અસરો ઘટે અને જોખમ ઘટે તે માટે તત્કાળ પગલાં લેવાની જરૂર છે. પર્યાવરણની દૃષ્ટિએ સાનુકૂળ હોય તેવી યોગ્ય ટેક્નોલોજી માટે નાણાં ઉપલબ્ધ થાય અને પ્રાકૃતિક સંસાધનોના ચિરંતન ઉપયોગ માટેના સામુદાયિક પ્રયાસોને ટેકો મળે તે જરૂરી છે.

૭. આબોહવામાં પરિવર્તનની અસરોના સંદર્ભમાં સામાજિક સુરક્ષા માટે વિવિધ અભિગમો અપનાવવામાં આવે તથા જીવનનિર્વાહ અને આવકસર્જન, બચત, વીમો અને ટેક્નોલોજી માટે વિવિધ પ્રકારની વ્યૂહરચનાઓ અપનાવવામાં આવે એ પણ અનિવાર્ય છે. તેમાં વરસાદી પાણીનો સંગ્રહ જેવી સરળ ટેક્નોલોજીનો પણ સમાવેશ થાય છે.

૮. તમામ સ્તરે નેટવર્કિંગ અનિવાર્ય છે. સમુદાયો, સરકારો અને અન્ય હિતધારકો સાથે મળીને ઉકેલો શોધે અને સૌ હિતધારકો સંયુક્ત પ્રયાસો હાથ ધરે તે અત્યંત મહત્ત્વનું છે અને તેમાં પારદર્શિતા તથા ઉત્તરદાયિત્વ જળવાય.

## શ્રી સ્મિતુ કોઠારીનું અવસાન



બિન-સરકારી સંગઠનો અને બાકીના જગત વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપનારા લોકાયન જૂથ દ્વારા પ્રકાશિત 'લોકાયન બુલેટિન'ના સંપાદક શ્રી સ્મિતુ કોઠારીનું તા. ૨૩-૩-૦૯ના રોજ ૫૯ વર્ષની વયે દિલ્લીમાં હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થયું હતું. તેઓ કોર્નેલ યુનિવર્સિટી અને પ્રિન્સ્ટન યુનિવર્સિટીના મુલાકાતી પ્રાધ્યાપક હતા. તેમણે ઈન્ટરનેશનલ ગ્રુપ ફોર ગ્રાસરૂટ્સ ઈનિશ્યેટિવ્સના પ્રમુખ તરીકે તથા ધ ઈકોલોજિસ્ટ અને ડેવલપમેન્ટ સામયિકોના સંપાદક તરીકે પોતાની અમીટ છાપ છોડી છે. સમકાલીન આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ, પ્રકૃતિ, સંસ્કૃતિ અને લોકશાહી વચ્ચેનો સંબંધ, વિકાસને પરિણામે થતું વિસ્થાપન, લોકોનું શાસન અને સામાજિક આંદોલનો જેવા વિષયો વિશે તેમણે પુષ્કળ લેખન કાર્ય કર્યું હતું.

શ્રી સ્મિતુ કોઠારી પર્યાવરણીય ન્યાય, લોકશાહી શાસન, માનવ અધિકારો અને શાંતિ તથા પર્યાવરણીય ચિરંતનતા પ્રત્યે ગંભીર પ્રતિબદ્ધતા ધરાવતા હતા. તેઓ સ્થાનિક સ્તરનાં જન આંદોલનો વચ્ચે સંવાદ, હિમાયત અને સંકલન ઊભું કરવામાં સામેલ થયા હતા. સામાજિક ન્યાય માટેનાં સામૂહિક આંદોલનોનાં સ્થાનિક અને વૈશ્વિક પાસાં વચ્ચે સેતુ ઊભો કરવાનો વિશિષ્ટ ગુણ તેમનામાં હતો.

૨૧મી સદીમાં લોકશાહી અને શાસન વિશે પુનર્વિચારણા અને પુનર્તપાસ માટે સામાજિક આંદોલનો ખાસ્સી ગુંજાયશ ધરાવે છે એમ તેઓ માનતા હતા. શ્રી સ્મિતુ કાઠારીએ વોલન્ટરી એકશન નેટવર્ક ઈન્ડિયા (વાણી)નો વિચાર આપ્યો હતો કે જે આજે ભારતમાં જન-આંદોલનો અને લડતોને ટેકો અને પ્રેરણા આપે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

## માહિતી અધિકાર ધારામાં સુધારા માટે વિચારણા

ભારત સરકાર માહિતી અધિકાર ધારામાં સુધારો કરવાનું વિચાર કરી રહી છે. તા.૮.૭.૨૦૦૯ના રોજ એક અતારાંકિત પ્રશ્નના ઉત્તરમાં સંસદીય બાબતોના મંત્રાલયના રાજ્યકક્ષાના પ્રધાને એમ જણાવ્યું હતું કે આ સુધારાના હેતુઓ બે પ્રકારના છેઃ

(૧) ધારાની કલમ-૨૪ અનુસારની દ્વિતીય અનુસૂચિમાં જે સંગઠનોની યાદી આપવામાં આવી છે તેની સમીક્ષા કરવી.
(૨) બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વધુ માહિતીની જાહેરાત થાય તે માટે સરકારી સત્તાવાળાઓ માટે નિયમો બનાવવા.

પ્રધાનશ્રી પૃથ્વીરાજ ચૌહાણ દ્વારા એમ જણાવવામાં આવ્યું હતું કે બિન-સરકારી સંગઠનોએ આ સુધારાના સંદર્ભમાં ભારત સરકાર સમક્ષ કેટલીક શંકાઓ વ્યક્ત કરતી રજૂઆતો કરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સૂચિત સુધારાઓ કરવા અંગે બિન-સરકારી સંગઠનો અને સામાજિક કર્મશીલોનો સંપર્ક સાધવામાં આવશે. આ સુધારાઓ કરવાની પ્રક્રિયા પૂરી કરવા માટે કોઈ સમયગાળો નક્કી કરવામાં આવ્યો નથી.

બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં માહિતીની જાહેરાત માટેનો જે વિચાર રજૂ કરવામાં આવ્યો છે તે આ વર્ષે જુન માસમાં સંસદની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિએ જે ભાષણ આપ્યું હતું તેમાં સમાવિષ્ટ મુદ્દો હતો. માહિતી અધિકાર ધારાની કલમ-૪(૧)(બી) અનુસાર ૧૭ જેટલાં ક્ષેત્રોમાં સ્વૈચ્છિક રીતે માહિતીની જાહેરાત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ક્ષેત્રો રાજ્યો અને કેન્દ્ર બંનેને લાગુ પડે છે. પરંતુ આ બંને સ્તરે આ ક્ષેત્રો વિશે માહિતીની જાહેરાતમાં યોગ્ય પગલાં લેવાયાં નથી ત્યારે હવે તેમાં વધુ ક્ષેત્રો ઉમેરવામાં આવશે તેથી પારદર્શિતા વધશે એવું કેવી રીતે કહી શકાય.

ખરેખર તો, આ ક્ષેત્રોમાં સરકારો દ્વારા આપમેળે જાહેરાત કરવા માટે અસરકારક પગલાં ભરવામાં આવે તે વધારે આવશ્યક છે. આ કલમની પેટા કલમ-૧૭માં આવાં અન્ય ક્ષેત્રો માટે માહિતીની જાહેરાત સરકારો આપમેળે કરી શકે છે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે જ. તેથી જો સરકારોને ખરેખર માહિતી જાહેર કરવી હોય તો કોઈ અવરોધ છે જ નહિ. તેથી આ પ્રકારનો સુધારો આવે તેને પરિણામે કોઈ હેતુ સરશે એમ જણાતું નથી.

ધારાની કલમ-૨૪માં અનેક સંગઠનોને આ ધારાની જોગવાઈઓમાંથી બાકાત રાખવામાં આવ્યાં છે. આ યાદીમાં ૨૨ સંગઠનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે તેની સમીક્ષા કરવામાં આવશે એમ પ્રધાને જણાવ્યું છે. રાજ્ય સરકારો દ્વારા આ કલમનો દુરુપયોગ કરવામાં આવ્યો છે એ હકીકત ભુલી શકાય તેમ નથી. વાસ્તવમાં, આ યાદીમાંથી કોઈ બાબત કમી કરવી કે તેમાં કોઈકનો ઉમેરો કરવો હોય તો તેને માટે માહિતી અધિકાર ધારામાં સુધારો કરવાની જરૂર

## સુશ્રી નીરાબહેન દેસાઈનું અવસાન



નારી મુક્તિ આંદોલનના પીઢ પુરસ્કર્તા એવાં સુશ્રી નીરાબહેન દેસાઈનું તા.૨૫-૬-૨૦૦૯ના રોજ ૮૩ વર્ષની વયે અવસાન થયું. તેઓ છેલ્લા કેટલાક મહિનાઓથી કેન્સરથી પીડાતા હતા. નારી અભ્યાસ તેમ જ નારી આંદોલનના ક્ષેત્રે તેમણે મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. ૧૯૫૦ના દાયકામાં જ્યારે નારી અભ્યાસ એક વિદ્યાશાખા તરીકે આટલો પ્રચલિત ન હતો ત્યારે તેમણે ૧૯૫૭માં ભારતીય સમાજમાં સ્ત્રી જીવન વિશે એક સંશોધનાત્મક પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક દ્વારા તેમણે ભારતમાં નારી અભ્યાસ અને સંશોધનનો પાયો નાંખ્યો એમ કહી શકાય. મુંબઈની એસએનડીટી યુનિવર્સિટીના દેશના સૌ પ્રથમ એવા નારી અભ્યાસ કેન્દ્રના તેઓ સ્થાપક નિયામક હતા. તેમણે ઈન્ટરનેશનલ સોશ્યોલોજિકલ એસોસીએશનના હોદ્દેદાર તરીકે પણ કામગીરી બજાવી હતી. વડોદરાના વીમેન્સ રિસર્ચ સેન્ટર સહિત અનેક સંસ્થાઓના સલાહકાર બોર્ડમાં તેમણે સેવાઓ આપી હતી.

સુશ્રી નીરાબહેન દેસાઈએ મહિલાઓના દરજ્જા વિશેની સમિતિના અહેવાલ 'સમાનતાને માર્ગે' તથા સ્વરોજગાર પ્રાપ્ત મહિલા પંચના અહેવાલ 'શ્રમશક્તિ' તૈયાર કરવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મહિલાઓના વિવિધ પ્રશ્નો અને નારી આંદોલનો વિશે તેમનાં અનેક સંશોધનો અને લખાણો ગુજરાતી તથા અંગ્રેજીમાં પ્રકાશિત થયાં છે. તેમનું છેલ્લું પુસ્તક 'ફેમિનિઝમ એઝ એક્સપિરિયન્સઃ થોટ્સ એન્ડ નેરેટિવ્ઝ'માં તેમણે આઝાદીના આંદોલનથી સમકાલીન આંદોલન સાથે સંકળાયેલા ગુજરાત અને મહારાષ્ટ્રના કર્મશીલ મહિલાઓના વિચારો અને અનુભવોનો નિચોડ રજૂ કરે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

છે જ નહિ. જો રાજપત્રમાં જાહેરનામું બહાર પાડવામાં આવે તો તે સુધારો આસાનીથી થઈ શકે તેમ છે. ઘણી રાજ્ય સરકારોએ કલમ-૨૪ હેઠળ અનેક ક્ષેત્રોનો સમાવેશ કરી દીધો છે કે જેને દેશની સલામતી કે ગુપ્તચર સંગઠનો સાથે કશી લેવાદેવા નથી. આ રીતે માહિતી છુપાવવા માટે રાજ્ય સરકારો હંમેશાં પ્રયત્નો કરે છે. આવો પ્રયત્ન ન થાય એને માટે પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

પ્રધાન દ્વારા એમ જણાવવામાં આવ્યું કે બિન-સરકારી સંગઠનો અને સામાજિક કર્મશીલો સાથે આ સુધારા કરતાં અગાઉ વિચાર-વિમર્શ કરવામાં આવશે. આ એક સારી બાબત છે કારણ કે અનેક બિન-સરકારી સંગઠનોએ આ ધારાનો ઉપયોગ કરીને સરકારને વધારે પારદર્શક બનાવવા માટે નાગરિકોને સક્ષમ બનાવવાનું કાર્ય કર્યું છે. સરકારે જે જવાબ આપ્યો છે તે એક ખાતરી ગણાય. તેથી રાજ્યસભાની ખાતરી સમિતિ દ્વારા આ ખાતરી ઉપર દેખરેખ રાખવામાં આવે અને ખરેખર વિચાર-વિમર્શ કરવામાં આવે છે કે કેમ તે ધ્યાનમાં લેવામાં આવે એવી શક્યતાઓ ચોક્કસ રહે છે.

જો કે, આ પ્રકારની વાતચીત બિન-સરકારી સંગઠનો સાથે અને સામાજિક કર્મશીલો સાથે ક્યારે કરવામાં આવશે તે હજુ પણ સ્પષ્ટ નથી. આશા રાખીએ કે ભારત સરકાર શાસન વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવવા માટે વધારે સારાં પગલાં ભરે અને પ્રસ્તુત સુધારાઓ એ દિશામાં હોય.

### શ્રી ગિરીશભાઈ પટેલનું સન્માન

ગુજરાતના જાણીતા માનવ અધિકાર કર્મશીલ ગિરીશભાઈ પટેલનો સન્માન સમારંભ તેમણે આયુષ્યનાં ૭૫ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે અમદાવાદમાં તા.૧૦.૫.૨૦૦૯ના રોજ ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભના અધ્યક્ષ તરીકે ગુજરાતની વડી અદાલતના ન્યાયમૂર્તિ શ્રી એ. પી. રવાણી અને ઉપાધ્યક્ષ તરીકે ન્યાયમૂર્તિ શ્રી આર. એ. મહેતા હતા.

મજૂરો, દલિતો, મહિલાઓ, આદિવાસીઓ અને છેવાડે ફેંકાઈ ગયેલા તમામ લોકોના માનવ અધિકારો માટે શ્રી ગિરીશભાઈ અદાલતમાં લડતા રહ્યા છે. ૧૯૭૦ના દાયકાથી તેમણે લોકશાહી સ્વાતંત્ર્યો માટેની લડત ઈંદિરા ગાંધીએ લાદેલી કટોકટી દરમ્યાન શરૂ કરી હતી. લોક અધિકાર સંઘના નેજા હેઠળ ન્યાયી સમાજ ઊભો કરવા માટે શ્રી ગિરીશભાઈ પટેલે અનેક પ્રયાસો કર્યા હતા. તેઓ અમદાવાદની સીટી લો કોલેજના આચાર્યપદે અને ગુજરાત કાયદા પંચના સભ્ય તરીકે પણ કામગીરી બજાવી ચૂક્યા છે. તેમણે ગુજરાતની વડી અદાલતમાં અને ભારતની સર્વોચ્ચ અદાલતમાં હંમેશાં આદિવાસીઓ, દલિતો, મહિલાઓ પરના અત્યાચારો, વિકાસને નામે થતા આદિવાસીઓના વિસ્થાપન અને ઝૂંપડપટ્ટીના નાશ સમયે તેમની સાથે ખભેખભા મિલાવીને કાનૂની લડાઈ આપી હતી અને તેમના અધિકારોના જતન માટે પ્રયાસો કર્યા હતા. સ્થાપિત હિતો સામેની લડાઈમાં તેઓ એક દંતકથા સમાન બન્યા છે.

# સંદર્ભ સાહિત્ય

## સાર્ક ડેવલપમેન્ટ ગોલ્સ

દક્ષિણ એશિયાઈ પ્રાદેશિક સહકાર મંડળ (સાર્ક)માં ૭ દેશોનો સમાવેશ થાય છેઃ અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા. આ દેશોના વિકાસ માટેના લક્ષ્યાંકો આ પુસ્તકમાં જણાવવામાં આવ્યા છે. અત્રે એ નોંધનીય છે કે આ સદીના આરંભે 'સંયુક્ત રાષ્ટ્રો' (યુએન) દ્વારા સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ) નક્કી કરવામાં આવ્યા હતા. ૧૮૯ દેશોના પ્રતિનિધિઓએ આ લક્ષ્યાંકો નક્કી કર્યા હતા. મોટા ભાગના લક્ષ્યાંકો ૨૦૧૫ સુધીમાં પાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેમાં ખાસ કરીને ગરીબી અને ભૂખમરાનો અંત, મહિલાઓનું સશક્તિકરણ, બાળ મૃત્યુ દરમાં ઘટાડો, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ, ચિરંતન પર્યાવરણ વગેરે જેવા વિષયોમાં નક્કી કરવામાં આવેલા લક્ષ્યાંકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.




આ લક્ષ્યાંકો સાર્કના ૭ દેશોમાં કેવી રીતે પાર પડે તેને વિશે આ પુસ્તકમાં ચર્ચા કરવામાં આવી છે. આ તમામ લક્ષ્યાંકો અત્યાર સુધીમાં તમામ ૭ દેશોમાં કેટલા પાર પડ્યા છે અને હવે કેવી રીતે પાર પડી શકે તેમ છે તેની ચર્ચા આ પુસ્તકના ૯ પ્રકરણમાં કરવામાં આવી છે. છેલ્લા પ્રકરણમાં મુખ્ય તારણો આપવામાં આવ્યા છે. અને અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતો કેવી રીતે જલ્દીથી સૌને પહોંચાડી શકાય તેના માટેની વ્યૂહરચના પણ તેમાં દર્શાવવામાં આવી છે. છેલ્લે જે પરિશિષ્ટ આપવામાં આવ્યું છે તેમાં સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોના સંદર્ભમાં ૧૯૯૦થી ૨૦૦૭ના ગાળા દરમ્યાન કેટલી તબક્કાવાર સિદ્ધિ પ્રાપ્ત થઈ તેની આંકડાકીય વિગતો આપવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાનઃ સાઉથ એશિયન નેટવર્ક ફોર સોશ્યલ એન્ડ એગ્રિકલ્ચરલ ડેવલપમેન્ટ, એન-૧૩, બીજો માળ, ગ્રીન પાર્ક એક્સટેન્શન, નવી દિલ્લી ૧૧૦ ૦૧૬. ફોનઃ ૦૧૧-૪૧૬૪૪૮૪૫, ૪૧૭૫૮૮૪૫. ઈમેલઃ sansadasia@hotmail.com વેબસાઈટઃ www.sansad.org.in સ્વૈચ્છિક ફાળોઃ રૂ.૨૫૦.

## મહિલાઓંકા ભૂ-સ્વામિત્વ

છેલ્લા કેટલાક સમયથી ઓક્સફામ ઈન્ડિયા દ્વારા પોતાની સહયોગી સંસ્થાઓ સાથે મળીને મહિલાઓની જમીન માલિકીના સંદર્ભમાં પ્રયાસો શરૂ કરવામાં આવ્યા. આ પ્રયાસમાં રાજસ્થાનના ફલૌદી, બિકાનેર, બાડમેર, જયપુર અને જોધપુર વિસ્તારની સ્થાનિક સંસ્થાઓએ ભાગ લીધો. દલિત સંગઠનો અને દલિત અધિકાર અભિયાન દ્વારા મહિલાઓની જમીન માલિકીના પ્રશ્નો વિશે પશ્ચિમ રાજસ્થાનમાં છેલ્લા એક વર્ષથી કામ શરૂ કર્યુ હતું. દલિત અધિકાર અભિયાન દલિત મહિલાઓ અને પુરુષોનો એક મંચ છે. ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન, જોધપુર દ્વારા આ સ્થાનિક સંગઠનો અને સમુદાયોનું ક્ષમતાવર્ધન કરવાની ભૂમિકા અદા કરવામાં આવી હતી.

સ્વૈચ્છિક સંસ્થાઓ દલિત સંદર્ભ કેન્દ્રો અને અભિયાનો દ્વારા મહિલાઓની જમીન માલિકીના કેટલાક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા. તેમાંથી કેટલાકમાં સફળતા પ્રાપ્ત થઈ અને કેટલાક માટેના પ્રયાસો ચાલુ છે. ક્ષેત્રીય કાર્યકર્તાઓએ મહિલાઓ સાથે વાતચીત કરીને તેમની કહાણીઓનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયત્ન કર્યો. આ પુસ્તિકા એ દસ્તાવેજી-કરણના પ્રયાસનું પરિણામ છે. પુસ્તિકામાં પિતાની સંપત્તિમાં દીકરીનો અધિકાર, વિધવા મહિલાનો સમાજ અને વહીવટીતંત્ર સાથે સંઘર્ષ અને જમીનના



વાસ્તવિક હક માટે નિર્ણય લેવાની ભૂમિકા વગેરે બાબતો સાથે સંબંધિત ૧૮ કિસ્સા ટાંકવામાં આવ્યા છે. આ તમામ કિસ્સાઓ સ્થાનિક સ્તરે કામ કરનારી સંસ્થાઓના કાર્યકર્તાઓએ લખેલા છે.

પ્રાપ્તિસ્થાનઃ ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન, ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન. ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮. ઈ-મેલ: unnati@datainfosys.net

## બિલ્ડિંગ કોમ્યુનિટી રેસિલિયન્સ ઓન ડ્રાઉટ

પશ્ચિમ રાજસ્થાનમાં થાર રણમાં ગ્રામ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા એક કાયમી સમસ્યા છે. મોટા ભાગનાં ઘરો દૂર દૂરના વિસ્તારોમાં છૂટાંછવાયાં હોય છે. તેઓ મોટે ભાગે પાણીનાં કાયમી સાર્વજનિક સ્રોતો ધરાવે છે. દલિત સમુદાયને જ્ઞાતિને કારણે પણ પાણી પ્રાપ્ત કરવામાં ભારે મુસબીતનો સામનો કરવો પડે છે. તેમની પાસે જમીન ખૂબ ઓછી છે અને તેઓ દેવાની જાળમાં ફસાયેલાં હોય છે. પ્રાકૃતિક સંસાધનોની માલિકી તેઓ ધરાવતા નથી અને રાજ્યના વિકાસલક્ષી કાર્યક્રમોનો તેમને લાભ પણ પ્રાપ્ત થતો નથી. તેઓ આકસ્મિક, સીમાંત અથવા ભૂમિહીન મજૂરો છે. સ્થળાંતરિત મજૂરો પણ સામાન્ય રીતે જોખમી અને શોષણખોર પ્રવૃત્તિઓમાં જોડાયેલા હોય છે.




આ વિસ્તારમાં આવા સામાજિક અને આર્થિક રીતે અસહાય જૂથોને સક્ષમ બનાવવા માટે ઓક્સફોમ ઈન્ડિયા દ્વારા સહભાગી સંગઠનો સાથે મળીને સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમની શરૂઆત ૨૦૦૦થી કરવામાં આવી. ૨૦૦૪થી આ કાર્યક્રમમાં પાણીની અછત અને દુકાળના સમયમાં અસહાયતા ઘટે તે બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તેમાં ત્રણ બાબતોમાં દરમ્યાનગીરી કરવાનું વિચારવામાં આવ્યું હતુંઃ

(૧) પીવાના પાણીનાં સ્રોતોમાં વધારો કરવો.
(૨) ખેત વનીકરણને પ્રોત્સાહન આપવું.
(૩) ગૌચર ભૂમિનો વિકાસ.

આ ત્રણેય પ્રકારનાં કામોમાં છેલ્લાં ચાર વર્ષના ગાળા દરમ્યાન જે પ્રગતિ સધાઈ તેનું બયાન આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજસ્થાનનાં ૬ બિન-સરકારી સંગઠનોએ ભાગ લીધો હતો. અન્ન, ઘાસચારો અને પાણીની સલામતી ઊભી થાય તે બાબત આ સમગ્ર પ્રયાસમાં કેન્દ્ર સ્થાને રહી છે. સામાજિક રીતે ન્યાયી, સાંસ્કૃતિક રીતે યોગ્ય, પર્યાવરણની દૃષ્ટિએ ચિરંતન અને આર્થિક દૃષ્ટિએ વળતરજન્ય એવી વ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

આ પ્રયાસનાં પરિણામ અને તેમાંથી જે કંઈ શીખ પ્રાપ્ત થાય છે તે આ પુસ્તકમાં જણાવવામાં આવી છે. ગરીબો પાસે જે કૌશલ્યો છે તે વધે અને ગરીબી દૂર કરવાની પોતાની તકો વધે એ બંને વચ્ચેનું સંકલન મહત્ત્વનું છે અને આ પ્રયાસ ઉપરથી જણાયું છે. આ સમગ્ર કાર્યક્રમમાં કેટલાંક ગામોની મુલાકાત લેવામાં આવી અને જુદા જુદા સમુદાયો સાથે ચર્ચા કરવામાં આવી વિવિધ પ્રવૃત્તિઓની પ્રક્રિયાઓ અને પરિણામો વિશે તેમનાં મંતવ્યો જાણવામાં આવ્યા. જે કંઈ પણ પ્રવૃત્તિ કરવામાં આવી તેને મહિલાઓની સહભાગિતા ઊભી થાય અને તકનિકી-સામાજિક દૃષ્ટિકોણ જાણવા મળે તે બાબત ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો.

આ પ્રક્રિયામાં છેવાડાના સમુદાયો, ગામના અન્ય સમુદાયો લોકોની સંસ્થાઓ, પંચાયતો અને સમર્થન આપનારાં સંગઠનો જેવા હિતધારકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રક્રિયા કેવી રીતે થઈ, તેમાં શું પરિણામ આવ્યું અને તેમાંથી કયા પદાર્થપાઠ શીખવા મળ્યા તે આ પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે. પ્રાપ્તિસ્થાનઃ ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન, ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન. ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮. ઈ-મેલ: unnati@datainfosys.net

## સહકારી પુસ્તિકા પ્રકાશન શ્રેણી

આ શ્રેણીમાં સહકારી મંડળીઓનું સંચાલન કેવી રીતે કરવું જોઈએ અને તે અંગેના નિયમો તથા કાયદા કેવા પ્રકારના છે તેને વિશેની માહિતી આપવામાં આવી છે. આ શ્રેણીમાં ત્રણ પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવી છેઃ

### (૧) સહકારી મંડળીના પેટા કાયદા

આ પુસ્તિકામાં સહકારી મંડળીના પેટા કાયદા અંગેની વિગતો આપવામાં આવી છે. પેટા કાયદાનો અર્થ તેનું મહત્ત્વ અને પેટા કાયદાની અગત્યની જોગવાઈઓ વિશે માહિતી અપાઈ છે. દા.ત. મંડળીનું નામ, તેના ઉદ્દેશો, ભંડોળ, કાર્યક્ષેત્ર અને જવાબદારી, સભાસદ, શેર, સાધારણ સભા, વ્યવસ્થાપક સમિતિ, થાપણો, નફાની વહેંચણી










અને અન્ય બાબતો વિશેના નિયમો કેવા પ્રકારના હોય છે તેની વિગતો આ પુસ્તિકામાં આપવામાં આવી છે. આ પુસ્તિકા આ શ્રેણીની પ્રથમ પુસ્તિકા છે તેથી તેમાં સહકારનો અર્થ શું છે અને તેના સિદ્ધાંતો કયા કયા છે તેની સમજૂતી પણ આપવામાં આવી છે. સહકારી મંડળીના પેટા કાયદામાં મુખ્યત્વે કઈ જોગવાઈઓ હોય અને તેમાં સુધારા કરવા માટે શું કરવામાં આવે તેને વિશેની વિગતો આ પુસ્તિકામાં આપવામાં આવી છે.

સહકારના ૭ સિદ્ધાંતો આ મુજબ દર્શાવવામાં આવ્યા છેઃ (૧) સ્વૈચ્છિક અને ખુલ્લું સભ્યપદ (૨) સભાસદોનો લોકશાહી અંકુશ (૩) સભાસદોની આર્થિક સહભાગિતા (૪) સ્વાયત્તતા અને સ્વતંત્રતા (૫) શિક્ષણ, તાલીમ અને માહિતી (૬) સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર (૭) સમાજ પ્રત્યે ઉત્તરદાયિત્વ.

**૨. સભા સંચાલન**

આ પુસ્તિકામાં સહકારી મંડળીની સભાનું સંચાલન કેવી રીતે કરવામાં આવે છે તેને વિશેની વિગતો આપવામાં આવેલી છે. સભાનું સંચાલન કોણ કરે, તે સંચાલન કેવી રીતે થાય, તેનો એજન્ડા કેવા પ્રકારનો હોય, સભાના પ્રમુખનું કર્તવ્ય શું છે, સભાના હેતુઓ શું છે, સભાની તૈયારી કેવી રીતે કરવી જોઈએ, સભ્યોની જવાબદારી કઈ કઈ છે, પ્રમુખે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ, પ્રશ્નોની રજૂઆત કેવી રીતે થાય વગેરે બાબતોનો સમાવેશ થાય આ પુસ્તિકામાં કરવામાં આવ્યો છે.

જો સંસ્થાની સભામાં નિર્ણય ન લેવાય તો કોઈક જટિલ પ્રશ્નના ઉકેલને માટે જૂથ ચર્ચા શ્રેષ્ઠ સાધન છે એમ જણાવીને આ પુસ્તિકામાં જૂથ નેતાના પ્રકાર, જૂથ ચર્ચાનું આયોજન, ચર્ચાનું સંચાલન વગેરે બાબતોની ચર્ચા પણ કરવામાં આવી છે. જૂથ ચર્ચામાં પણ પ્રમુખ હોય અને તે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખે તથા સભ્યો કેવી રીતે જૂથ ચર્ચામાં ભાગ લે વગેરે બાબતોની માહિતી આ પુસ્તિકામાં આપવામાં આવી છે.

આદર્શ સહકારી મંડળી કોને કહેવાય તે પણ આ પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે. સહકારી મંડળીમાં સભાસંચાલન અત્યંત મહત્ત્વનો મુદ્દો છે અને તેનું માર્ગદર્શન આ પુસ્તિકામાંથી મળી રહે છે.

**(૩) સહકારી મંડળીનું સફળ સંચાલન**

સહકારી મંડળીની સફળ સંચાલન કરવા માટે ધ્યાનમાં રાખવામાં અગત્યના મુદ્દા આ પુસ્તિકામાં આવ્યા છે. જે ૩૨ મુદ્દાઓની છણાવટ આ પુસ્તિકામાં કરવામાં આવી છે તે મંડળીના હિસાબો કેવી રીતે રાખવા જોઈએ અને તેમાં કેવી રીતે આર્થિક વ્યવહારો કરવા જોઈએ. તેનાં સૂચનો કરવામાં આવ્યાં છે.

આ મુદ્દાઓમાં મુખ્યત્વે મંડળીઓની આર્થિક બાબતોના સંચાલન ઉપર ભાર મૂકવામાં આવ્યો છે પરંતુ સાથે સાથે સભ્યો તરીકે અને હોદ્દેદારો તરીકે મંડળીના મંત્રી, પ્રમુખ અને કારોબારીના સભ્યોએ કેવું વર્તન કરવું જોઈએ કે જેથી સહકારી મંડળીઓ સફળ રીતે ચાલે તે બાબત પણ આ પુસ્તિકામાં જણાવવામાં આવી છે.

ગુજરાતમાં૧૯૬૧માં ૧૩,૯૫૯ મંડળીઓ હતી. તે વધીને ૧૯૯૧માં ૪૩,૦૧૬ થઈ હતી. ૨૦૦૪માં ૫૮,૪૫૯ સહકારી મંડળીઓ ગુજરાતમાં કામ કરતી હતી એમ આ પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે.

આ ત્રણેય પુસ્તિકાઓ સરળ ગુજરાતી ભાષામાં સહકારી મંડળીઓ ચલાવતી કે તેમાં સભ્ય એવી વ્યક્તિઓને મંડળીઓના સંચાલન વિશે માર્ગદર્શન પૂરું પાડે છે. બચત અને ધિરાણ જૂથો તથા સહકારી મંડળીઓ માટે આ ખૂબ જ ઉપયોગી પુસ્તિકાઓ છે.

પ્રાપ્તિ સ્થાનઃ ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ લિ., ૨૧/૨૨ ગોયલ ટાવર, યુનિવર્સિટી રોડ, અમદાવાદ-૧૫. ફોનઃ ૦૭૯-૨૬૩૦૧૫૦૩, ૨૬૩૦૬૯૩૭. વેબસાઈટઃ sewa.org

## પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન એન્ડ ધ પૂઅર ઈન ગુજરાત

આ પુસ્તક ગુજરાતના જાણીતા માનવ અધિકાર કર્મશીલ શ્રી ગિરીશભાઈ પટેલ દ્વારા લખવામાં આવ્યું છે. ૧૯૭૫થી લોક-અધિકાર સંઘ દ્વારા ગુજરાતની વડી અદાલતમાં વિવિધ માનવઅધિકારો અંગે જે જાહેર હિતની અરજીઓ કરવામાં આવી તેની વિગતો આપવાની સાથે આ પુસ્તકમાં આ અધિકારોનું રક્ષણ કેવી રીતે થઈ શકે અને અદાલતો તેમાં કેવી ભૂમિકા ભજવે છે તથા ભજવી શકે તેમ છે તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.




આ પુસ્તકની મુખ્ય દલીલ એ છે કે ગરીબીની સમસ્યા એ અધિકારોનો પ્રશ્ન છે. એટલે કે જીવન જીવવાનો અધિકાર એ સામાજિક અને આર્થિક અધિકારો પ્રાપ્ત કરવાનો બંધારણીય પાયો છે એવી દલીલ આ પુસ્તકમાં કરવામાં આવી છે. આ દૃષ્ટિએ આ પુસ્તક ગરીબો માટે પાયાના અધિકારો મેળવવામાં અદાલતો કેવી રીતે ઉપયોગી થઈ શકે તેની છણાવટ કરે છે. આ પુસ્તકમાં લેખકે જે સવાલોના જવાબો આપવાની કોશિષ કરી છે તે સવાલો આ મુજબ છેઃ ગરીબીનું સ્વરૂપ કેવું છ? ગરીબીનાં પાસાં, તેની તીવ્રતા, તેનો અવકાશ વગેરેમાં કેવા ફેરફારો થઈ રહ્યા છે? ગરીબો સાથે કયાં કયાં સામાજિક આંદોલનો સામેલ છે અને કેવી રીતે કાનૂન, અદાલતો અને જાહેર હિતની અરજીની ભૂમિકા આ સમસ્યાઓનો સામનો કરવામાં કેવી છે? જાહેર હિતની અરજીની સફળતાઓ અને નિષ્ફળતાઓ કઈ કઈ છે?

જાહેર હિતની અરજીની સફળતા કે નિષ્ફળતામાં કયાં વ્યક્તિગત અને સંસ્થાગત પરિબળો કેટલે અંશે ફાળો આપે છે? માનવ અધિકારો અંગેની કાનૂની કર્મશીલતા અને ગરીબી સાથે સંબંધિત એવી સામાજિક કર્મશીલતા વચ્ચે સંકલન કેવી રીતે સાધી શકાય? જાહેર હિતની અરજી જો ખરેખર મહત્ત્વની હોય તો તેને વધારે અસરકારક કેવી રીતે બનાવી શકાય? સમાજનાં વિવિધ ક્ષેત્રો અને વિવિધ સ્તરોમાં તથા વિવિધ સમસ્યાઓ માટે જાહેર હિતની અરજી કેવી રીતે જુદી જુદી હોઈ શકે અને તેનું સ્વરૂપ કેવી રીતે જુદું જુદું હોય? શું જાહેર હિતની અરજીનો જમાનો પૂરો થઈ ગયો છે કે પછી તેનામાં હજુ પણ સંભાવનાઓ રહેલી છે? જ્યારે રાજ્ય નવ-ઉદારમતવાદી આર્થિક નીતિ હેઠળ સંકોચાઈ રહ્યું હોય ત્યારે અદાલતોમાં જાહેર હિતની અરજીમાં અવકાશ શું હોઈ શકે? ભારતમાં વૈશ્વિકીકરણને પરિણામે જે નવા પડકારો ઊભા થયા છે તે સંદર્ભ સાથે શું જાહેર હિતની અરજી પ્રસ્તુત છે ખરી? કે પછી ગરીબી સામેની આપણી લડતને આપણે બીજે ખસેડવાની જરૂર છે?

આ તમામ પ્રશ્નોના ઉત્તરો લેખકે પોતે લોક અધિકાર સંઘના અદાલતી અનુભવને આધારે વર્ણવ્યા છે. ભારતના બંધારણની કલમ-૨૧માં જીવન જીવવાનો જે અધિકાર દર્શાવવામાં આવ્યો છે તેનો સામાજિક અને આર્થિક અધિકારોના સંદર્ભમાં વિશિષ્ટ અર્થ અહીં દર્શાવવામાં આવ્યો છે. જીવન જીવવાનો અધિકાર કેટલો વ્યાપક છે અને તે ગરીબી દૂર કરવા સાથે કેવી રીતે સંબંધિત છે તેની બાબતો વિગતવાર આ પુસ્તકમાં લેખકે જુદા જુદા કિસ્સાઓ ટાંકીને વર્ણવી છે. શેરડી પકવતા મજૂરો, કોન્ટ્રેક્ટ મજૂરો, વેઠ્યા મજૂરો વગેરેના કિસ્સા ટાંકીને પાણી, જીવન નિર્વાહ, આવાસ, શિક્ષણ, આરોગ્ય વગેરે સહિતના માનવ અધિકારોનું જતન કરવા માટે અને માનવીય ગૌરવ જાળવવા માટે આ કલમ-૨૧ કેવી રીતે અગત્યની છે તેનો ચિતાર આ પુસ્તક આપે છે.

આ પુસ્તકની પ્રસ્તાવના વિખ્યાત ન્યાયવિદ્ શ્રી ઉપેન્દ્ર બક્ષી દ્વારા લખવામાં આવી છે. આ પ્રસ્તાવનાથી સમગ્ર પુસ્તકની સમૃદ્ધિમાં વધારો થયો છે. તેમણે નિષ્ઠા, જવાબદારી જેવા શબ્દોથી શરૂઆત કરીને ગિરીશભાઈ પટેલનું પ્રદાન સામાજિક ન્યાય માટે કાયદાના ઉપયોગમાં શું રહ્યું છે તેની ચર્ચા કરી છે. શ્રી બક્ષીએ સોશ્યલ એક્શન લિટિગેશન (એસએએલ) અને જાહેર હિતની અરજી (પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન - પીઆઈએલ) વચ્ચે જે સંબંધ ઊભો થયો છે તેની છણાવટ કરી છે. તેઓ જણાવે છે કે શ્રી ગિરીશભાઈ પટેલે પીઆઈએલનો ઉપયોગ ગરીબી ઉપર હુમલો કરવા માટે કર્યો છે તેઓ ગરીબીને ગૌરવપૂર્ણ જીવનનો ઈન્કાર, વંચિતતા અને તેનો વિનાશ સમજે છે. તેને પરિણામે પરાવલંબન, હતાશા, ભેદભાવ, મતાધિકારનો ઈન્કાર, લાચારી, નિરાશા અને અધિકારવિહીનતા જન્મે છે. આ બધાની સામે શ્રી ગિરીશભાઈ પટેલે લડાઈ ચલાવી છે અને તેનું સૈદ્ધાંતિક સ્વરૂપ શું છે તે આ પુસ્તકમાં તેમણે દર્શાવ્યું છે.

પ્રકાશકઃ ગિરીશભાઈ પટેલ સન્માન સમિતિ, ૦-૪૫,૪૬, ચોથે માળે, ન્યૂ યોર્ક ટ્રેડ સેન્ટર, થલતેજ ચોકડી પાસે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૪. ફોનઃ ૦૭૯-૨૬૮૫૭૮૪૮. ઈમેલઃ ઈ-મેલઃ girishpatel.sanman@gmail.com

## લૉ, સોસાયટી એન્ડ ગિરીશભાઈ

ગુજરાતના કાનૂન નિષ્ણાત અને માનવ અધિકારોના કર્મશીલ એવા શ્રી ગિરીશભાઈ પટેલ દ્વારા ૧૯૭૪થી ગુજરાતના અખબારોમાં વિવિધ વિષયો વિશે અખબારોમાં લખાયેલા ચર્ચાપત્રોનો સંગ્રહ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. તેમણે લખેલા ચર્ચાપત્રોને આ મુજબ જુદા જુદા વિષયોમાં વહેંચવામાં આવ્યા છેઃ




(૧) કાયદો, વકીલો અને ન્યાયમૂર્તિઓ
(૨) મૂળભૂત અધિકારો
(૩) કામદારો
(૪) લોકશાહી
(૫) બિન-સાંપ્રદાયિકતા
(૬) દલિતો અને આદિવાસીઓ
(૭) વિકાસ અને અર્થતંત્ર
(૮) રાજકારણ
(૯) શિક્ષણ
(૧૦) મહિલાઓ

કઈ તારીખે કયા અખબારમાં કોઈ ચર્ચા પત્ર છપાયું છે તેની વિગત પણ દરેક ચર્ચા પત્રની નીચે આપવામાં આવી છે. આ ચર્ચા પત્રો મૂળભૂત રીતે જે તે સમયે ઊભા થયેલા રાજકીય, આર્થિક અને સામાજિક પ્રશ્નો વિશે ગિરીશભાઈને શું કહેવું છે તે દર્શાવે છે. અધિકૃત રીતે માનવ અધિકારોના સંદર્ભમાં જે તે પ્રશ્નની છણાવટ આ પત્રોમાંથી મળી રહે છે. અખબારોમાં અનેક લેખકોના ચર્ચા પત્રો છપાય છે પરંતુ આ ચર્ચા પત્રો નવાજ પ્રકારની ભાત ઊભી કરે છે તેમાં કોઈ શંકા નથી.

આ પુસ્તકની પ્રસ્તાવના પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટિઝ (પીયુસીએલ)ના અધ્યક્ષ અને વરિષ્ઠ વકીલશ્રી કે. જી. કન્નાભિરન દ્વારા લખવામાં આવી છે. તેઓ જણાવે છે કે આ ચર્ચા પત્રોમાં રાજનીતિ સાથે ઘર્ષણમાં આવે તેવા કેટલાક મહત્ત્વના પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે કે જે તત્કાલીન સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવસ્થા સામે પડકાર ફેંકે છે.

પ્રકાશકઃ ગિરીશભાઈ પટેલ સન્માન સમિતિ, ૦-૪૫,૪૬, ચોથે માળે, ન્યૂ યોર્ક ટ્રેડ સેન્ટર, થલતેજ ચોકડી પાસે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૪. ફોનઃ ૦૭૯-૨૬૮૫૭૮૪૮.

પૃષ્ઠ ૪નું શેષ

**અદાલતોમાં બાકી પડેલા કેસોની સંખ્યા (તા.૧.૧.૨૦૦૫ના રોજ)**

| | |
|---|---|
| નીચલી અદાલતો | ૨,૭૮,૨૨,૦૩૦ |
| વડી અદાલત | ૩૩,૭૯,૦૩૦ |
| સર્વોચ્ચ અદાલત | ૩૦,૧૫૧ |
| **કુલ** | **૩,૧૨,૩૧,૨૧૧** |

(સ્રોતઃ સુશ્રી સી.નિત્યા, ‘એ યુનિક રેમેડી ટુ રિડ્યુસ બેકલોગ ઈન ઈન્ડિયન કોર્ટ્સ’)

કમનસીબે જુદા જુદા દેશોની સરકારો ધિરાણ પાત્રતાની માર્ગરેખાઓ પ્રત્યે ધ્યાન આપે છે ખરી પરંતુ સુશાસન અંગેની માર્ગરેખાઓ ઉપર પૂરતું ધ્યાન આપતી નથી. આ સમગ્ર પરિસ્થિતિને જરા જુદી રીતે પણ જોઈ શકાય તેમ છે. રાજ્ય પોતે જ સૌથી વધારે કેસ કરનાર છે અથવા તો રાજ્ય સામે જ સૌથી વધારે કેસ થયેલા છે. એટલે કે સરકારો પોતે જ કાનૂની ગૂંચમાં ફસાયેલી છે. કાં તો, તે પોતે ફરિયાદી છે અને પોતાને જે ઈચ્છનીય લાગે છે તે અદાલત પાસે માંગી રહી છે અથવા તે સેવાઓ માટે વેરા ચુકવનારા તેના નાગરિકોને જરૂરી સેવાઓ પૂરી પાડી રહી નથી તેથી તેની સામે નાગરિકો અદાલતોમાં ફરિયાદો કરે છે. આમ, બંને રીતે કેસોના ભરાવામાં સરકાર પોતે પણ જવાબદાર છે. અહીં સરકારનો અર્થ તમામ સ્તરની સરકારો એટલે કે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

### ઉપસંહાર

જો ગ્રામ ન્યાયાલય ધારાનો યોગ્ય રીતે અમલ કરવામાં આવે તો નાગરિકોને સુશાસનમાં ફરીથી શ્રદ્ધા બેસી શકે છે. કોઈ પણ રાષ્ટ્ર-રાજ્યની પ્રાથમિક ફરજ એ છે કે તેનું ન્યાયતંત્ર ઝડપથી ચુકાદા આપનારું હોય. કાયદાનું શાસન નાગરિકો માટે આશા પણ છે અને સ્વપ્ન પણ છે. નાગરિક સમાજને સામેલ કરીને વિધાયક પ્રક્રિયા તરીકે તેને ઝુંબેશ અને આંદોલનના સ્વરૂપે દરેક જિલ્લામાં મજબૂત કરી શકાય તેમ છે. ગ્રામ ન્યાયાલય ખરડો લોકસભા અને રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યો છે અને ગુજરાતની વિધાનસભા દ્વારા તેને મંજૂરી અપાવાનું બાકી છે. ગુજરાત સરકારે હજુ પણ તેના નિયમો ઘડ્યા નથી. એમ જણાય છે કે રાજ્ય સરકારના વર્તમાન એજન્ડામાં તેનો ક્યાંય સમાવેશ થતો નથી. ગુજરાતમાં નાગરિક સમાજ વધુ સારા શાસન માટે તેને પોતાનો એજન્ડા બનાવશે એવી આશા રાખીએ.

## અમારા વિશે

છેલ્લા ચાર માસ દરમ્યાન અમે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

### નાગરિક નેતૃત્વ અને શાસન

**૧. નાગરિક નેતાઓનું ક્ષમતાનિર્માણ**

છેલ્લાં ૬ વર્ષથી ગુજરાતમાં ૨ જિલ્લાઓની ૬૦ ગ્રામ પંચાયતોમાં નાગરિક નેતાઓના ક્ષમતાનિર્માણ માટે કામ કરવામાં આવી રહ્યું છે. તેમનું સામાજિક અને રાજકીય સશક્તિકરણ કરવા માટે પ્રયાસ થઈ રહ્યો છે. ૩૧ મહિલા નેતાઓ સહિત ૧૦૪ નાગરિક નેતાઓને વિકાસના પ્રશ્નો વિશે અભિમુખ કરવામાં આવ્યા હતા અને તેમના નેતૃત્વનું કૌશલ્ય વધે તે માટે જુન-જુલાઈ ૨૦૦૮ દરમ્યાન પ્રયત્ન કરવામાં આવ્યો હતો. રાજસ્થાનમાં જે નાગરિક મંડળોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે તેમણે તેમની પંચાયતોમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના અમલ માટેની પ્રક્રિયા શરૂ કરી હતી.

**૨. સમુદાય અને પંચાયતો વચ્ચે સંવાદ**

વર્તમાનમાં ગુજરાતમાં ૩ અને રાજસ્થાનમાં ૧ પંચાયત સંસાધન કેન્દ્રો કામ કરી રહ્યાં છે. તાલુકા પંચાયતના વહીવટી તંત્ર સાથે સહયોગ સાધીને તેઓ તાલુકા સ્તરે પંચાયતોમાં ચૂંટાયેલાં અને ખાસ કરીને મહિલાઓ તથા દલિત પ્રતિનિધિઓને એક જ જગ્યાએ બધી જ માહિતી પ્રાપ્ત થાય તે માટે તેઓ પ્રયાસ કરે છે. જોધપુર નગરમાં ૧૦ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં શહેરી સંસાધન કેન્દ્રો દ્વારા ૫ નાગરિક જૂથોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેઓ નિયમિત રીતે મળે છે અને આ ગાળા દરમ્યાન ૧૪ વ્યક્તિઓને વિવિધ સામાજિક સલામતીની યોજનાઓનો લાભ પ્રાપ્ત કરવામાં તેમણે મદદ કરી હતી.

**૩. સામાજિક ઉત્તરદાયિત્વ**

**સામાજિક ઉત્તરદાયિત્વ માટે બિન-સરકારી સંગઠનોને સક્ષમ બનાવવાં**

છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન સામાજિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનો ઈરાદો વિવિધ હિતધારકોને અને ખાસ કરીને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓને શિક્ષણ આપવાનો, તેમને સક્ષમ બનાવવાનો અને તેમનું સશક્તિકરણ કરવાનો રહ્યો છે. નાગરિક સમાજનાં સંગઠનો સામાજિક ઉત્તરદાયિત્વ સાથે કામ કરે તે માટે ફેબ્રુઆરી ૨૦૦૯માં એક પ્રશિક્ષકોના પ્રશિક્ષણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં ગુજરાતમાંથી ૧૨ સંગઠનોએ ભાગ લીધો હતો. તેમાંથી ૮ સંગઠનો તેમનાં કાર્યક્ષેત્રોમાં કેટલીક પંચાયતોમાં સામાજિક ઉત્તરદાયિત્વનાં સાધનોનો ઉપયોગ કરવા માટે સંમત થયાં હતાં. તેઓ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૦૯ના ૬ માસના ગાળા દરમ્યાન પ્રાયોગિક ધોરણે પાયાની સવલતોની પરિસ્થિતિ સુધારવા માટે તેમનાં કાર્યક્ષેત્રોમાં કામ કરશે. આ સંગઠનોના સ્ટાફને સામાજિક ઉત્તરદાયિત્વનાં સાધનો વિશે અને માહિતી અધિકાર ધારા વિશે અભિમુખ કરવામાં આવ્યો હતો.

**નાગરિકોનું રિપોર્ટ કાર્ડ**

સામાજિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટેનાં સાધનો સામૂહિક રીતે શીખાય તેવી પ્રક્રિયાને મોકળો માર્ગ આપવા માટે નાગરિકોના રિપોર્ટ કાર્ડનો પ્રયોગ ગુજરાતમાં ૬ બિન-સરકારી સંગઠનો સાથેના સહયોગમાં કરવામાં આવ્યો હતો. તેમાં પાણીનો પુરવઠો, કચરાનું એકત્રીકરણ અને ગટર વ્યવસ્થા વિશે ૧૦ મધ્યમ કક્ષાનાં અને નાનાં નગરોમાં રિપોર્ટ કાર્ડ પદ્ધતિ અપનાવવામાં આવી હતી. જે તે નગરપાલિકાને પણ તેમાં વિશ્વાસમાં લેવામાં આવી હતી. તેને પરિણામે નાગરિકો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નગરપાલિકાના સત્તાવાળાઓ સેવાનો પુરવઠો પાડવામાં કયાં કચાશ છે તે ઓળખી શક્યા હતા અને તેમણે તે પરિસ્થિતિમાં સુધારો કરવા માટે તૈયારી બતાવી હતી.

**માહિતીના અધિકાર અંગેની શિબિરો**

ગુજરાતમાં અને રાજસ્થાનમાં શાસનને પારદર્શી અને ઉત્તરદાયી બનાવવા માટેના સાધન તરીકે માહિતીના અધિકારનો ઉપયોગ કરવાની બાબતને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. માહિતીના અધિકારની શિબિરો યોજવા માટે ગુજરાતમાંથી ૧૪ નાગરિક નેતાઓને પ્રશિક્ષકો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે ૨ જિલ્લાઓમાં આવી ૬૭ જેટલી માહિતી અધિકારની શિબિરો યોજી હતી. આ શિબિરોમાં ૯૨૪ જેટલી વ્યક્તિઓએ મુલાકાત લીધી હતી અને ૧૦૧ જેટલી અરજીઓ કરવામાં આવી હતી. 'નાગરિક વાચા' નામે ૪ પાનાંનું એક સામાચાર પત્ર પ્રકાશિત કરવામાં આવે છે. માર્ચ ૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવેલી શિબિરોમાં આ સમાચારપત્ર વહેંચવામાં આવ્યું હતું. તેમાં સરકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. પારદર્શિતા તથા ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટે નાગરિકો દ્વારા કરવામાં આવેલા પ્રયાસો જણાવવામાં આવ્યા હતા. રાજસ્થાનમાં જોધપુરમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં આવી ત્રણ શિબિરો યોજવામાં આવી હતી કે જેમાં ૬૫ વ્યક્તિઓને માહિતી આપવામાં આવી હતી. જોધપુર જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં આવી ૧૪ શિબિરોમાં ૨૧૩ વ્યક્તિઓને માહિતીના અધિકાર વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી.

**૪. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાનો અસરકારક અમલ**

ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાનો અમલ કરાવવા માટે રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ સાથેના સહયોગમાં એક નરેગા સેલ ચલાવવા માટે 'ઉન્નતિ'ની પસંદગી કરવામાં આવી છે. આ સેલની પ્રથમ પ્રવૃત્તિ એ રહી કે તા. ૧૯-૭-૨૦૦૯ના રોજ સરકાર, બિન-સરકારી સંગઠનો, પંચાયતી રાજની સંસ્થાઓ અને વિદ્યાજગતના પ્રતિનિધિઓ સાથે અસરકારક અમલ માટેની વ્યૂહરચના ઘડી કાઢવા માટે એક બેઠક યોજવામાં આવી હતી. રાજસ્થાનમાં જોધપુર ખાતે તા.૨૭-૨૮ એપ્રિલ ૨૦૦૯ દરમ્યાન નરેગાના અમલમાં પડકારો અને તકો વિશે યોજવામાં આવેલી એક કાર્યશાળામાં બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યશાળા દરમ્યાન સાર્વજનિક મિલકત સંસાધનો, વ્યક્તિગત સંસાધનો અને આપત્તિનાં જોખમો સાથે સંબંધિત પ્રશ્નોને ઉકેલવાની ક્ષમતા આ યોજનામાં છે એમ રજૂઆત કરવામાં આવી હતી. જો કે, સમુદાય, પંચાયતો અને સરકારી અધિકારીઓ એમ વિવિધ સ્તરે જાગૃતિ આવે અને ભ્રષ્ટાચાર દૂર કરવા સહિત રાજકીય ઈચ્છાશક્તિ પેદા થાય એ આ યોજનાના અમલના સંદર્ભમાં મોટા પડકારો છે.

**૫. શહેરી આયોજન અંગે તાલીમ**

ગુજરાતમાં શહેરી વિકાસ, આયોજનની પ્રક્રિયા અને આયોજનના માળખાં અંગેનાં સામાજિક, ભૌતિક અને આર્થિક પાસાં અંગે સમજ વધારવા માટે તા.૧૪-૧૫ જુલાઈ, ૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવેલી એક તાલીમમાં ૧૨ બિન-સરકારી સંગઠનોના ૨૩ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. લોગોલિન્ક પ્રયાસના ભાગરૂપે તા.૨૩-૩૦ એપ્રિલ, ૨૦૦૯ દરમ્યાન બ્રાઝિલ ખાતે નાગરિક નેતૃત્વને પ્રોત્સાહન વિશે યોજવામાં આવેલા એક પરિસંવાદમાં સંસ્થાના ૨ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. નાગરિક આંદોલનો અને સ્થાનિક શાસનનાં વિવિધ પાસાં વિશે તેમાં ચર્ચાઓ થઈ હતી. શિહોર તાલુકાના સામાજિક ન્યાય સમિતિના ગ્રામ પંચાયતના સભ્યોને તાલીમ આપવા માટે તા.૫.૫.૨૦૦૯ના રોજ 'આનંદી'ને ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. તા.૧૫-૭-૨૦૦૯ના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓને પંચાયતી રાજ વિશે અભિમુખ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં સાયલા ખાતે આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમના સ્ટાફને સ્થાનિક શાસનનાં વિવિધ પાસાં અંગે તાલીમ આપવામાં આવી હતી. તેઓ જે કાર્યક્રમો ચલાવે છે તેમાં સ્થાનિક શાસનની સંસ્થાઓનું સંકલન કરવાનો અવકાશ શું છે કે જેથી તેમના વ્યૂહાત્મક આયોજનમાં તે મદદરૂપ થાય તે બાબત ઉપર તેમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

## સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### ૧. દલિતોનું સંગઠન

**અન્યાય સામેના કેસો**

પશ્ચિમ રાજસ્થાનમાં ત્રણ જિલ્લાઓમાં ૧૧ દલિત સંદર્ભ કેન્દ્રો દ્વારા દલિતોને સંગઠિત કરવાનો પ્રયાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ૨૪૮ ગામોમાં સ્ત્રીઓ અને પુરુષોની ગ્રામ સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવી છે. તેમનું મહામંડળ બનાવીને તાલુકા સ્તરે ૨૨ સમિતિઓની રચના કરવામાં આવી છે. તેમણે દલિતો સામેના અત્યાચારના ૯ અને મહિલાઓ સામેના અત્યાચારના ૭ કિસ્સા ઉઠાવ્યા હતા. અસરગ્રસ્તોને સલાહ આપવાનું, કાનૂની માર્ગદર્શન પૂરું પાડવાનું અને વહીવટી તંત્રો ઉપર દબાણ લાવવાનું કામ તેઓ કરે છે. ભેદભાવના ૨ કિસ્સામાં અને ૬૪ વીઘા જમીનના દબાણના ૬ કિસ્સામાં તેમને ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. સરકારી યોજનાઓનો લાભ ૫૪ જણાને અપાવવામાં આવ્યો હતો.

**દલિત નેતાઓનું ક્ષમતાનિર્માણ**

મે અને જૂન ૨૦૦૯ દરમ્યાન ૬૪૩ દલિત નેતાઓ માટે ૧૦ તાલીમો યોજવામાં આવી હતી. પંચાયતોની આગામી ચૂંટણીમાં દલિત અધિકાર ઝુંબેશની ભૂમિકા, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના, માહિતી અધિકાર ધારો અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તથા મહિલાઓ સાથે સંબંધી પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવી હતી. સિંધરીમાં સ્વ-સહાય જૂથોના ૪૫ સભ્યોને તા.૩૦-૩૧ જુલાઈ, ૨૦૦૯ દરમ્યાન જીવનનિર્વાહના વિકલ્પો વિશે અભિમુખ કરવામાં આવ્યા હતા. તા.૧૭-૧૮ જુલાઈ ૨૦૦૯ દરમ્યાન જિલ્લા સંદર્ભ કેન્દ્ર સ્તરે મુખ્ય પ્રવાહમાં મહિલાઓ વિશે એક કાર્યશાળા યોજવામાં આવી હતી કે જેમાં ૨૧ મહિલા નેતાઓ અને સ્ટાફના સભ્યોએ ભાગ લીધો હતો.

**હિતધારકો સાથે સંપર્કોની સ્થાપના**

દલિત અધિકાર ઝુંબેશ સાથે વકીલોનો સંપર્ક ઊભો થાય તે માટે ૨૪મી મે અને ૧૧મી જુલાઈના રોજ ૮૪ વકીલો સાથે બે મીટિંગો યોજવામાં આવી હતી. 'દલિત અપડેટ' દ્વિમાસિકના બે અંકો પ્રકાશિત કરવામાં આવ્યા હતા. તેમાં સરકારી યોજનાઓ અને બાબાસાહેબ આંબેડકરના વિચારો વિશે માહિતી આપવામાં આવી હતી. સ્થાનિક સંસ્થાઓના સહયોગમાં આંબેડકર જયંતીની ઉજવણી ૯ સ્થળોએ કરવામાં આવી હતી. તેમાં ૨૦૦૦ લોકોએ ભાગ લીધો હતો અને નાગરિક નેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

**પેરાલિગલની તાલીમ**

અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પેરાલિગલ સ્ટડીઝ સાથેના સહયોગમાં પેરાલિગલ્સનું બીજું જૂથ તૈયાર કરવામાં આવી રહ્યું છે. તા.૧-૨ જુન, ૨૦૦૯ દરમ્યાન અને તા.૨૨-૨૭ જુન, ૨૦૦૯ દરમ્યાન તેમને માટે બે તાલીમો યોજવામાં આવી હતી. તેમાં ૬ મહિલાઓ સહિત ૨૩ કર્મશીલોએ ભાગ લીધો હતો. આઈપીસી, સીઆરપીસી, પુરાવા ધારો, મહિલાઓને લગતા ધારા અને સલાહ વગેરે જેવી બાબતો વિશે તેમાં તાલીમ આપવામાં આવી હતી.

**દલિત અધિકાર ઝુંબેશનું આંતરિક મૂલ્યાંકન**

દલિત અધિકાર ઝુંબેશના આંતરિક મૂલ્યાંકનમાં સ્થાનિક સ્તરની સંગઠન પ્રક્રિયા, વિવિધ કર્તાઓની ભૂમિકા, જિલ્લા સંદર્ભ કેન્દ્રોનો વહીવટ, દસ્તાવેજોની જાળવણી અને મહિલા સશક્તિકરણ જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જોધપુર ખાતે સહભાગી સંગઠનોના મુખ્ય કાર્યકર્તાઓ અને નાગરિક નેતાઓની એક કાર્યશાળા તા.૨૪-૨૫ જુલાઈ, ૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવી હતી કે જેથી ભૂતકાળમાંથી મળેલા પદાર્થપાઠ ધ્યાનમાં લઈને આગામી તબક્કાનું આયોજન કરી શકાય.

**૨. વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવો**

'ઉન્નતિ' દ્વારા અને 'ઉન્નતિ' ખાતે ૯મી એપ્રિલના રોજ પ્રયાસ સેન્ટર ફોર લેબર રિસર્ચ એન્ડ એક્શનની વિનંતીથી એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું કે જેમાં ગુજરાતમાં જિનિંગ કારખાનાંઓમાં કામ કરનારા અસંગઠિત મજૂરોની વિકલાંગતાની સમસ્યા વિશે ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ સંસ્થાઓ તેમને ટેકો આપે અને તેમની સાથે તેમનો સંપર્ક ઊભો થાય તે માટે તેમાં ચર્ચા કરવામાં આવી હતી. પ્રયાસ આ સંગઠનો સાથે સંપર્કમાં છે કે જેથી અસરગ્રસ્ત વ્યક્તિઓને ટેકો પૂરો પાડી શકાય. વિવિધ વિકલાંગતાઓના પ્રશ્ને કામ કરનારાં સંગઠનોને ટેકો પૂરો પાડવા માટે નાગરિકોની સામેલગીરી વધે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સંભવિત સહભાગી સંગઠનોની યાદી તૈયાર કરવામાં આવી છે અને તેમની મુલાકાત લેવામાં આવી છે. ઈરાનના પાંચ સરકારી અધિકારીઓએ વિશ્વ આરોગ્ય સંસ્થાના ફેલો તરીકે ભારતની મુલાકાત લીધી હતી. તા. ૭-૫-૦૯ના રોજ તેમણે 'ઉન્નતિ'ની મુલાકાત લઈને વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે નાગરિક સમાજની ભાગીદારી ઊભી કરવાના પ્રયાસો વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી.

**૩. સેટકોમ દ્વારા આદિવાસી વિસ્તારોની શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજીનું શિક્ષણ**

ગુજરાતના આદિવાસી વિકાસ વિભાગના સહયોગથી સેટકોમ દ્વારા આદિવાસી વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવાનો એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તા.૨-૫-૨૦૦૯ના રોજ તૈયારીરૂપે એક કાર્યશાળા યોજવામાં આવી હતી. દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજીનું શિક્ષણ આપવા માટે જેમણે ભાષા વિકાસના ક્ષેત્રે સઘન કાર્ય કર્યું છે તેવા વ્યવસાયીઓએ તેમાં ભાગ લીધો હતો. તેમણે અભ્યાસક્રમ ઘડવા બાબતે તથા તેના અભિગમ બાબતે અને પદ્ધતિ તથા શિક્ષણશાસ્ત્ર બાબતે અને શિક્ષકોની તાલીમ, ટેકો, દેખરેખ અને અસરના મૂલ્યાંકન વિશે ચર્ચા-વિચારણા કરી હતી. આ કાર્યશાળા પછી ચાર સભ્યોની એક સલાહકાર સમિતિ રચવામાં આવી હતી કે જે આ સમગ્ર પ્રક્રિયામાં માર્ગદર્શન પૂરું પાડશે. અભ્યાસક્રમ ઘડવા માટે ૬ શિક્ષકો અને એક સંયોજકની નિમણૂક કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારોની શાળાઓની મુલાકાત લીધા બાદ તેમની જરૂરિયાતની મૂલ્યાંકન કરવામાં આવ્યું છે અને પ્રથમ માસ માટેનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં વિવિધ બેઠકો, વર્કબુક-૧ અને ગીતોના રેકોર્ડિંગનો સમાવેશ થાય છે. કેટલાક વર્ગોનું અગાઉથી જ રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. આદિવાસી વિસ્તારોની શાળાઓનાં સંસાધનોના સર્વે પરથી એમ જાણવા મળ્યું હતું કે તેમાં સારી માળખાગત સવલતો છે પરંતુ અંગ્રેજી ભાષા શીખવનારનો અભાવ પ્રવર્તે છે. આ પ્રોજેક્ટના અમલ માટે જરૂરી હાર્ડવેર તમામ શાળાઓમાં નાંખવામાં આવ્યું છે. આ શાળાઓના શિક્ષકો પ્રાયોજકની ભૂમિકા અદા કરે છે. તેથી ૧૪ જિલ્લાના ૧૨૫ અંગ્રેજી શિક્ષકોને આ કાર્યક્રમનાં હેતુ, અભિગમો અને પદ્ધતિઓ વિશે ત્રણ દિવસના કાર્યક્રમમાં અભિમુખ કરવામાં આવ્યા હતા.

## આપત્તિના જોખમના ઘટાડાના સામાજિક નિર્ધારકો

### ૧. આપત્તિના સામનાની તૈયારી અને નિવારણ માટેના પ્રયાસો

**દુકાળ સંભવ વિસ્તારોમાં પાણી અને ઘાસચારાની સલામતી**

પશ્ચિમ રાજસ્થાનમાં દુકાળ સંભવ વિસ્તારોમાં દલિતો અને અસહાય સમુદાયોની પાણીની સલામતી ઊભી થાય તે માટે જાન્યુઆરી ૨૦૦૯થી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૬ માસના ગાળા દરમ્યાન ૩૪૩ જેટલી પાણીની ટાંકીઓ બાંધવા માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો. તે ઉપરાંત, ૪૦ પરિવારોને ખેતી માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો. છેલ્લા એક વર્ષ દરમ્યાન બાગાયત અને ગૌચરની જમીનના વિકાસ માટે જોધપુર અને બાડમેર જિલ્લાના ૫ તાલુકાના ૩૮ નાના અને સીમાંત ખેડૂતો દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા કે જેથી ઘાસચારાનો પૂરતો પુરવઠો

પ્રાપ્ત થાય. આ જમીનો ઉપર ૫૯૨ નવા છોડવા વાવવામાં આવ્યા અને ૧૦ નવા પ્લોટ ઉપર પણ વાવેતર કરવામાં આવ્યું. આ તમામ સ્થળોએ છોડવાનો વિકાસ થાય તે માટે તકનિકી ટેકો પૂરો પાડવામાં આવ્યો અને નિષ્ણાતોની મુલાકાતો પણ ગોઠવવામાં આવી હતી. ૩૮ જમીનોને પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે વરસાદી પાણીના સંગ્રહ માટે પાળા બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

**જોખમના ઘટાડા માટે વીમો**

'સેવા વીમો' સાથે ૬૭ નવા પરિવારોને સાંકળવામાં આવ્યા અને ઘરને થયેલા નુકસાન અંગેના ૩ દાવાઓ અંગે ટેકો પૂરો પાડવામાં આવ્યો. રાજસ્થાનમાં સિંધરી અને શેરગઢમાં પશુઓના વીમાને પ્રોત્સાહન આપવા માટે ૨૮-૩૦ એપ્રિલ, ૨૦૦૯ દરમ્યાન બે શિબિરો યોજવામાં આવી હતી અને ૬૬૪ બકરાનો વીમો ઉતારવામાં આવ્યો હતો.

**કડિયાઓનું મંડળ અને ટેક્નોલોજીની તબદિલી**

રાજસ્થાનમાં કલ્યાણપુર અને સિંધરીમાં કડિયાઓનાં બે મંડળોને એટલે કે ૨૦ કડિયાઓને લાઈમ સ્ટેબિલાઈઝેશન ટેક્નોલોજી અંગે બે તાલીમો આપવામાં આવી હતી. તેને કારણે એક બ્લોકનું ખર્ચ દોઢ રૂપિયા જેટલું ઘટી જાય છે. તા.૮-૧૨ એપ્રિલ, ૨૦૦૯ દરમ્યાન શેરગઢ ખાતે ૨૨ મહિલાઓને પ્લાસ્ટર કરવાની અને કડિયાકામ કરવાની તાલીમ આપવામાં આવી હતી. આ વિસ્તારમાં સામાન્ય રીતે મહિલાઓ કડિયાકામ કરતી હોતી નથી.

**સમુદાય સંચાલિત આપત્તિના જોખમનો ઘટાડો**

આપત્તિના જોખમનો ઘટાડો સમુદાય સંચાલિત યોજનાઓથી થાય તે માટે જોખમનું આકલન કરવામાં સમુદાય સહભાગી બને અને અસહાય લોકોને ઓળખી કાઢવામાં આવે તેવી પંચાયતની વિકાસ યોજનાઓ સાથે સંકલન સધાય તે માટે થયેલા પ્રયાસોનું વ્યવસ્થિત દસ્તાવેજીકરણ કરવામાં આવી રહ્યું છે. વિવિધ પ્રદેશોમાં આ પ્રકારની યોજનાઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. શેરગઢ તાલુકાના અડાગલા ગામમાં આ પ્રકારની યોજના વિકસાવવામાં આવી હતી.

**૨. મુલાકાત અને વિચારોની આપ-લે**

એપ્રિલ ૨૦૦૯ દરમ્યાન આપત્તિના જોખમના ઘટાડા માટે થયેલા વિવિધ પ્રયાસો સમજવા માટે ૧૨ બિન-સરકારી સંગઠનોના ૨૪ સહભાગીઓની કચ્છની મુલાકાત ગોઠવવામાં આવી હતી. ગુજરાતનાં ૮ બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓના જૂથે દુકાળની સ્થિતિ, દુકાળનો સામનો કરવાના સમુદાયોના પ્રયાસો અને તેમની અસહાયતા ઘટાડવા માટેના પ્રયાસોને સમજવા માટે રાજસ્થાનની મુલાકાત લીધી હતી. આફ્રિકાના માલાવી ખાતે કોર્ડએઈડ ઈન્ડિયાનાં સહભાગી સંગઠનોની જે વૈશ્વિક પરિષદ તા. ૮-૧૨ જુન, ૨૦૦૯ દરમ્યાન મળી હતી તેમાં 'ઉન્નતિ'ના બે પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આપત્તિના જોખમમાં ઘટાડા માટે સહભાગીઓ દ્વારા થયેલા પ્રયાસોની એક ટૂંકી ફિલ્મ તેમણે રજૂ કરી હતી. આબોહવામાં પરિવર્તન અંગે આ પરિષદમાં એક ઘોષણા તૈયાર કરવામાં આવી હતી.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: unnati.org

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન.

ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન: રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ.

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.